

મહિયારી (કલાકાર · વાસુદેવ સ્માર્ત) લીંપણભાત વડે ગ્રામ-સૌન્દર્યને આપેલો ઉઠાવ


કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૪૮મું · અંક ૭મો · માહે જુલાઈ · ઈ. ૧૯૭૧


તંત્રી · બચુભાઈ રાવત

સળંગ અંક ૫૭૧



શ્રમજીવીઓનું સુખ (કલાકાર: કે. કે. હેબ્બર) દિવસભરનો થાક ભૂલી નિદ્રાને ખોળે સ્વપ્નોના સુખમાં રાચતા ઝૂંપડાવાસીઓ. આકાશમાં દેખાતો ચંદ્ર એમના એ સુખાનંદનો પણ દ્યોતક છે. (કલાકારના સૌજન્યથી)

નીચે: પ્રી-રાફેલાઈટ ચિત્રકારોમાંના એક જ્હૉન રસ્કિનનું એક દશ્યચિત્ર. જમણી બાજુ: માતૃભૂમિનું છેલ્લું દર્શન; ઉજ્જ્વળ ભવિષ્યની આશાએ સદાને માટે દેશ છોડી જતા વસાહતીઓની આ ગમગીન-ગંભીર પળનું સચોટ દર્શન કરાવતી ચિત્રકાર ફૉર્ડ મૅડૉક્સ બ્રાઉનની એક વિખ્યાત કૃતિ.





પાછલી પ્લેટમાં નીચે પહેલું ચિત્ર:
ભાઇઓએ મારી નાખેલા પ્રિયતમના અવશેષો પર પોતાનાં આંસુ પાઈપાઇને ઉછેરેલા બૅઝિલના છોડની હૂંફે જીવતી ઈસાબેલાના એ ચિત્રમાં ચિત્રકાર વિલિયમ હૉલમૅન હન્ટે મધ્યકાલીન સૌન્દર્ય અને સમૃદ્ધિને સુરુચિપૂર્ણ સુંદરતાથી તાદશ કર્યાં છે.

કુમાર

જુલાઈ ૧૯૭૧ • અંક ૫૭૧

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

કાયા-કરામત ૩૬

સ્ત્રી-પુરુષની પ્રજનન-ગ્રંથિઓ

સ્ત્રી અને પુરુષને તેમનાં મન અને શરીરનાં પુરુષત્વ તથા સ્ત્રીત્વનાં લક્ષણો આપનારી તેમની પ્રજનન-ગ્રંથિઓના સ્રાવ વિષે લોકો જૂના કાળથી જાણીતા છે. આ ગ્રંથિઓના અભાવથી તેમનો જાતીય વિકાસ અટકી પડે છે. પુરુષને પુરુષત્વ આપતી પ્રજનન-ગ્રંથિઓ તે તેમના વૃષણોમાંની શુક્રગ્રંથિઓ છે, ને સ્ત્રીને સ્ત્રીત્વ આપનારી પ્રજનન ગ્રંથિઓ તે તેનાં બીજાશયો છે.

જોકે પુરુષમાં સ્ત્રીની બીજગ્રંથિનો ને સ્ત્રીમાં પુરુષની શુક્રગ્રંથિનો થોડોશો અંશ તો હોય જ છે. આનું પ્રમાણ જેમ વધુ તેમ પુરુષોમાં સ્ત્રૈણ અને સ્ત્રીમાં પૌરુષનાં લક્ષણો વધુ જોવા મળે છે.


તેર-ચૌદ વર્ષની વયે પિચ્યુટરી ગ્રંથિના આગળના ભાગના સ્રાવની અસર તળે પ્રજનન-ગ્રંથિઓનું કાર્ય ને વિકાસ થાય છે ને તેનો સ્રાવ લોહીમાં ભળતો થઈ પુખ્ત વયે પહોંચતાં સુધીમાં પ્રાથમિક તેમજ ગૌણ જાતીય લક્ષણો સ્પષ્ટ થાય છે.

શુક્રગ્રંથિઓ

પેડુ નીચે કરચલીવાળી બહાર લટકતી સ્થિતિસ્થાપક કોથળી (વૃષણ)માં એક એક ઔંસ વજનની અને દોઢેક ઇંચ લાંબી તથા એકાદ ઇંચ પહોળી એવી બે અંડાકાર શુક્રગ્રંથિઓ આવેલી છે. રક્તવાહિનીઓ અને શુક્રવાહક નલિકાઓ વડે એ વૃષણમાં લટકતી રહે છે. (જુઓ નીચેનું ચિત્ર) શુક્રગ્રંથિમાં અત્યંત બારીક બીજધારી નલિકાઓ ગૂંચળાં વળીને ગોઠવાએલી છે, જેમાંની અટપટી ક્રિયા દ્વારા પું-કોષો કે શુક્રજંતુઓ પેદા થાય છે. આ શુક્રજંતુઓની સંખ્યા અકલ્પનીય છે. માત્ર એક જ વેળાના વીર્યસ્રાવમાં સહેજે પચ્ચીસ કરોડ શુક્રજંતુઓ શરીર બહાર ફેંકાય છે. એક શુક્રજંતુનું કદ પઠેન ઇંચ જેટલું હોય છે. બીજધારી નલિકાઓ એકઠી થઈને શુક્રગ્રંથિની બાજુમાં એક ગૂંચળા રૂપે ગોઠવાએલી હોય છે જેને એપીડિડીમિસ કહે છે.

બીજાશયો

બીજાશયો કે બીજગ્રંથિઓ એ સ્ત્રીની આંતરસ્રાવી ગ્રંથિઓ છે. વાલના દાણા જેવડી એ બંને ગ્રંથિઓ ગર્ભાશયની બંને બાજુએ આવેલી છે. કન્યાના જન્મ સમયથી જ તેમાં હજારો બીજકણો હોય છે, પણ યૌવનકાળે તેમાંથી દસ ટકા જ કાયમ રહે છે. યૌવનારંભ પછી તેમાંથી દર મહિને એક બીજ છૂટું પડી બીજવાહક નલિકાના માર્ગે ગર્ભાશયમાં આવે છે. એ બીજવાહક નલિકામાં જ તેને જો પુરુષનો શુક્રજંતુ આવી મળે તો તે ફલિત થઈ ગર્ભાશયમાં સ્થિર થાય છે; અન્યથા એ બીજ કરમાઈ જઈ મૃત્યુ પામે છે. બીજાશયમાં સ્ત્રીજાતીય બે આંતરસ્રાવો—ઈસ્ટ્રીન અને પ્રોજેસ્ટેરોન પેદા થાય છે. ઈસ્ટ્રીનથી સ્ત્રીત્વ ને જાતિગત ઉપાંગોનો વિકાસ તથા રજોદર્શનના ક્રમનું નિયમન થાય છે. પ્રોજેસ્ટેરોન તે બીજકણ ફલિત થયા પછી તેનું રક્ષણ કરે છે અને રજોદર્શન અટકાવે છે.



ન હવે / રામચંદ્ર બ. પટેલ

· શિખરિણી ·

અહીં કાલે મારા ઘરમહીં સુંવાળું રમતીલું
હતું ઊગ્યું ભીનું સુખડ અજવાળું; હીરમઢી
રૂપાળી રુહેરી'તી હરખભર ભીંતો, દિલ પરે
લઈ કંકુ થાપા ઊછળતું હતું લીંપણ બધે,
કમાડો ખીલેલાં, રુમઝુમ થતો ઉંબર બની
ગએલો ઝૂલો ને કલરવ થઈ તોરણ હતું
ઊડયું: અંધારાનું રૂપ બદલી રુહેકી મઘમઘ
થઈ કૂણો ટોકો રણકતું હતું કોડિયું કુંલે.
બધે કાલે મીઠો હરિત કિનખાબી મલકતો
મહામૂલો મારો સમય અવ શોધું: ફરી ફરી
દગો બે ચોંટાડું: નસનસ મહીંથી તિમિરનાં
ચઢી મોજાં ફાટે—ઘુવડ-ઘૂકમાં હું ખખડતો.
ફરી આવી મોલે કદી ય ન હવે ચાંદ ઠરશે,
જશે વર્ષો મારાં: ન ફરફરતા પાંદ બનશે.

એક વખત જેનાં પગલાંની કુંકુમ-છાપ પોતાની છાતી પર ઝીલતું લીંપણ હરખથી ઊછળતું હતું એ ગત પત્નીના અસ્તિત્વના સ્પર્શથી જીવંત કવિતા બની રહેલા ઘરનાં એક અંશથી ચડિયાતાં સ્મરણચિત્રો આલેખતું વિરહગાન

આકાશ / માધવ રામાનુજ

· ગાન ·

કોઈ ખરેલા ફૂલની પાસે બેઠું બેઠું ડુસકે આખી રાત રોયું આકાશ.
કોઈ કૂવાને પાવઠે છેલ્લી વાર પારેવે ખરતા પીછા જેમ ખોયું આકાશ.

કોઈ ઊઘાડી બારીએ ટગર નજરુંના ટમટમતા દીવે નજરાયું આકાશ.
કોઈ અજાણી વાટભૂલેલાં આકળવિકળ પગલાંભેળું અટવાયું આકાશ.

કોઈ સાંતીડે ઘુઘરાનો રણકાર બનીને ડચકારે વેરાઈ ગયું આકાશ.
કોઈ આષાઢી ડાયરે ઘૂંટયાં ઘેન છલોછલ ઘટકાવી ઘેરાઈ ગયું આકાશ.

કોઈ સીમાડે ડણકી તાતી તેગના તીણા ઝાટકે એવું ખરડાયું આકાશ.
કોઈ ખાંભીના પથરેથી સિંદૂરના સૂકાભઠ રેગાડે તરડાયું આકાશ.

કોઈ ભરી મહેફીલ મૂકીને ઊઠનારાને તેજલીસોટે વીંધાયું આકાશ.
કોઈ બૂઝાતી ચેહની પાસે ઊભુંઊભું ડૂસકું ખાળી રુંધાયું આકાશ.

ક્યાંક નેહભરી નજર, ક્યાંક શૌર્યનું સિંદૂર, ક્યાંક કેફમનો કુમેળ, ક્યાંક વેદનાની છટા, એમ લીટીએ લીટીએ કલ્પનારંગી બાનીમાં કવિતા રસળાવતાં જગતનાં લીલાચિત્રો.

પાછલી ચાંદની રાતમાં

ધીરુ પરીખ

· વ્યસ્ત ઝૂલણા ·

પાછલી ચાંદની રાતમાં
ઊતર્યું વ્યોમ શું ભોમ પે?

રાનમાં, વ્હેણમાં,
અબ્ધિનાં ફીણમાં,
ખીણમાં, રેતમાં,
શ્વેત આ આભ તો
ભીનું શું ઓગળી જૈ ઠર્યું
ભોમની શુભ્ર બિછાતમાં?
પાછલી ચાંદની રાતમાં!

પ્હાડથી, વાડથી,
વૃક્ષના ફાલથી
ચાંદની કે પછી
આભ ઝૂકયું અહીં વ્હાલથી?

ચાંદની ઝાડ ને ચાંદની પ્હાડ છે;
પવન થૈ ગેલતી ચાંદની
ઈશનું લાડ છે!
અરવ આ વ્યોમ
તે ચાંદની ગ્હેકતી,
રાતરાણી તણો છોડ
તે ચાંદની મ્હેકતી,
ઝિલ્લિનાં નર્તતાં ઝાંઝરો ચાંદની,
ચાંદની ઝીલતો હું ય તે ચાંદની:
ચાંદની ચાંદની
પાછલી ચાંદની રાતમાં!

જેમાં તમરાંનાં ઝાંઝર નર્તે છે અને આભ આખું ઓગળીને ધરતી પર ભીનાશની બિછાત બની ગયું છે એવી, પાછલી રાતની ગેલતી, ગહેકતી, મહેકતી...

ચકલાં / હેમલતા ત્રિવેદી

· કટાવ ·

જીવન-વનની
લીલી લીલી ડાળ પરે કૈં
કલબલ કલબલ વિચારનાં
ધુરુમસિયાં ચકલાં
એવાં વળગ્યાં હેત કરી—
તે કેમ કરી હું છોડું
રોયાં! ઓરાં ઓરાં ચકલાં.

ચકલાં ડુંગર થઈને ડોલે,
ચકલાં ઘોડા થઈને દોડે,
ચકલાં ચીંચીં ચીંચીં બોલે,
ચકલાં સાત જનમની પાર
જરી પોઢેલી મારી
બકુલ શી માદક
ઝૂકેલી નીલઝાંયની
આંખોને જઈ ઢોલે.
એવાં લુચ્ચાં! ધીરેધીરે
દૂર કરું હું તો યે
રોયાં! ઓરાં ઓરાં ચકલાં.

શૈશવથી સમશાન સુધીની
ભોંય ભોંયને કોરે ચકલાં,
શૂન્ય-બારીને ખોલું ત્યાં યે
ફટાકફટ ફફડાટે ચકલાં,
થાકી; ઊડવું, હળવે હળવે
જતાં જોઉં ને રાચું—
ત્યાં તો ઓરાં ઓરાં ચકલાં!

સર્વ હૃદયમાં કલબલતાં અને સમસ્ત સંસારને ડોલતાં પંખીઓ

કાગડા / કલાધર વૈષ્ણવ

· કટાવ ·

કાગડા ઠારોઠાર,
બેઠા કાગડા ઠારોઠાર.

પાન વિનાના ઝાડવે બેઠા,
નીર વિના તળાવને તીરે
ડોળતા કાદવ કાગડા બેઠા,
કાગડા બેઠા.

પાદર કેરી દેરીએ બેઠા,
પનિહારીનાં ઊજળાં બેડે
બોટતા પાણી કાગડા બેઠા,
કાગડા બેઠા.

ખોરડે બેઠા, ટોડલે બેઠા,
બે દા'ડાનો રોટલો દાઢો
બાળક ખાતાં ઝૂટવી બેઠા,
કાગડા બેઠા.

કૉલેજોના કાંગરે બેઠા,
ઊંચાઊંચા ભૂંગળે બેઠા,
ઊંચી મહેલ-અટારીએ બેઠા,
કાગડા બેઠા.

ખેતરે બેઠા, છેતરે બેઠા,
થાકેલપાકેલ બળદકેરી
કાંધતા ખાંધ્યું કાગડા બેઠા.
કાગડા બેઠા...
ઠારોઠાર કાગડા બેઠા.

હજી પાસે છો ત્યાં..../ ભાનુપ્રસાદ પંડ્યા

·શિખરિણી·સૉનેટ·

સિધાવો, ના રોકું, પથ પણ તરુડાળ ઝૂકવી
નિમંત્રે; વાયુનો રથ અલસ, વેલા અનુકૂલ.
વધાવે કલ્લોલો, ખગ સરીખડા! જાવ, ભ્રમર
તજે બંદીખાનું સુરભિતણું, હા, એમ ઊપડો!

તમોને શેં રોકું? પ્રતિપળ ચુનૌતી વય દઈ
રહી! ના રહે ઝાલ્યો તુરગ સમ ઉત્સાહ ઊછળ્યો!
મહેચ્છાને પાંખો કયમ જ નવ ફૂટે નભ વડું
નિહાળી? ના થોભો; પરવરી રહો, મંગલ ચહું!

પછી સંદેશા ને ખબર-ખત થાશો? તબકશો
ઉનાળે વેળુના સપન મહીં આષાઢ સરખા
અમારી નિદ્રામાં? નિતની થઈ વાતો બસ, વહી
જવાના શું? દ્વારે સતત ભણકારા બની જશો?

'વિચાર્યું શું છાનું મુજથી?': પૂછશો ના પ્રિય! મને
હજી પાસે છો ત્યાં ભટકતી થઈ નિર્જન રણે!

સાંજ પડી / રમેશ પારેખ

·ગાન·

રે આ સાંજ પડી આંગણમાં.
અનરાધારે જેમ ધધખતો તાપ પડે છે રણમાં!

ગોખદીવાના અજવાળાને પાંખ નથી કે ઊડે,
જરાતરા લંબાવું એનું એકલતામાં બૂડે;
કોઈ આવતું એમ આવતાં આંસુઓ પાંપણમાં...રે૦

અજવાળાનાં સાત પગથિયાં રોજ ચડી શમણામાં,
લપસેલી બે આંખોનો ઉઘાડ થતો હમણાં-માં;
કોણ હંસને કહે, ફટકિયાં આ મોતીને ચણ મા...રે૦

તરું છું / આહમદ મકરાણી

·ગઝલ·

શ્વાસના તારો વણી ચાદર કરું છું;
શક્યતાના રંગથી એને ભરું છું.

દ્વાર ઉઘાડયે અતીતનાં શું થવાનું?
એટલે તો હાથ દઈ પાછો ફરું છું.

ક્યાં ખબર છે કોઇને દર્પણ સિવાય?
નિજતણા પ્રતિબિંબથી ડરતો ફરું છું.

ફૂંકમાં પૂરો થવાનો છે હિસાબ
તો ય પરપોટો બની સાગર તરું છું.

રાતને ભરે
તારા-તિમિર-તારે
ચામાચીડિયું.

'ઉશનસ્'

દિવ્યલોકથી
વિદ્યુત સરી: અંધાર
પેખી ગૈ ફરી.

ધીરુભાઈ મોદી

ઊભા ચાડિયા
પર બેઠેલાં પંખી
કિલ્લોલ કરે.

'માસુમ' વિસનગરી


ખેંચતી નીર
વનિતા પનઘટે
છલકે ઘટ.

જિતેન્દ્ર જોશી

પાછું પડતું
અથડાઈ કિરણ
બંધ બારીએ.

'આંસુ'

દેશના સાંસ્કૃતિક અરુણોદયના કાળમાં મુદ્રણકળા અને પ્રકાશનના વ્યવસાયમાં પોતાનું અનુપમ પ્રદાન કરી જનાર સમાજહિતચિંતક અને દેશહિતૈષી સત્પુરુષ



જાવજી દાદાજી ચૌધરી

માસિક માત્ર બે રૂપિયાના પગારે બીબાં ઘસવાની મજૂરી કરતો નવ વર્ષનો એક છોકરો પોતાના પુરુષાર્થ વડે પ્રારબ્ધને સાબદું કરીને, હાથમાં હુન્નર, વાણીમાં મીઠાશ, વ્યવહારમાં પ્રામાણિકતા અને અખંડ ઉદ્યમવૃત્તિથી પોતાના કારીગરોને એ યુગમાં મહિને ચાર હજાર રૂપિયાનો પગાર વહેંચતા કારખાના ને મુદ્રણ-પ્રકાશનગૃહનો માલિક બન્યો

લેખક • શંકરદેવ વિદ્યાલંકાર

આજથી સો વર્ષ પહેલાંની વાત છે. મુંબાઈના 'ટાઈમ્સ ઑાવ ઇંડિયા'ના છાપખાનામાં એક ગરીબ તરુણ બીબાં ઘસવાનું મામૂલી કામ કરતો હતો. એનો પગાર હતો માસિક દસ રૂપિયા. ધીમેધીમે એની ચકોર નજર ટાઈપનિર્માણના કામમાં એટલી ઊંડી પેસી ગઈ કે પોતાના પ્રાવીણ્યના અરમાન અને અવિરત શ્રમ કરવાની શ્રદ્ધાના બળે એના મનમાં સ્વતંત્ર ધંધો શરૂ કરવાની મહેચ્છા જાગી. થોડા જ વખતમાં પોતાના પુરુષાર્થ વડે પ્રારબ્ધ સાબદું કરીને એણે નિજી બીબાંઢળાઈ ઘર—ટાઈપ ફાઉન્ડ્રી ખોલી અને તેમાં કુશાગ્ર બુદ્ધિ તથા શ્રમનું સિંચન કરીને તેને તરતી કરી. તેના અનુસંધાને એક છાપખાનું શરૂ કર્યું અને ટૂંક વખતમાં જ આખા ભારતવર્ષમાં એક પ્રથમ કોટિના મુદ્રણકલાવિશારદ તરીકે એણે યશોલાભ અને દ્રવ્યલાભ પ્રાપ્ત કર્યો. એ મામૂલી કારીગર તે આજના વિશ્વવિશ્રુત મુદ્રણાલય 'નિર્ણયસાગર'ના પ્રતિષ્ઠાપક, કલાકાબેલ ટાઈપ-નિર્માતા અને સુઘડરમ્ય ગ્રંથ-પ્રકાશક જાવજી દાદાજી ચૌધરી.

ઈ. ૧૮૨૯માં મુંબાઈના એક અકિંચન કુટુંબમાં એનો જન્મ. એમાં નવ વર્ષની નાની ઉમરે પિતા ગુજરી ગયા. પરિણામે એનું શિક્ષણ માત્ર પોતાની સહી કરી શકે ને ચિઠ્ઠીચપાટી વાંચી શકે એટલેથી અટકી ગયું ને પરિવારના પાલણપોષણ માટે ફળ વેચવાનો ધંધો કરતી માતાને મદદ કરવા એણે અમેરિકન મિશન પ્રેસમાં માસિક બે રૂપિયાના પગારે નોકરી શરૂ કરી. કામ હતું, બે આંગળી વચ્ચે બીબું દબાવી તેને ખરબચડા ઘંટિયા પથ્થર પર ઘસવાનું. સાંજ પડતાં આંગળીઓમાં અગન બળે. પણ નવ વર્ષની વયના એ બાળકમાં બે વસ્તુ જાગી ગઈ હતી: પોતાના પર આવી પડેલી આપત્તિમાંથી ઊગરીને ઉપર આવવાની તમન્ના, અને તીવ્ર ગ્રહણશક્તિ. પોતાને સોંપેલું કામ તે ખૂબ ખંત અને ઉમંગથી કરતો. એમાંથી મનમાં જિજ્ઞાસાભાવ જાગ્યો—એ કારીગરીનાં બધાં પાસાં શીખી લેવાનો; અને દસ વર્ષમાં તો જાવજીએ ટાઈપનિર્માણ-કલા અને મુદ્રણકલાનાં જરૂરી અંગપ્રત્યંગોનું જ્ઞાન આત્મસાત્ કરી લીધું.

પણ બેથી શરૂ થએલો પગારનો આંકડો દસ વર્ષેય તે સાતથી ઉપર ગયો નહિ, એટલે એ નોકરી છોડી ટાઈમ્સ ઑાવ ઇન્ડિયાના છાપખાનામાં દસ રૂપિયાના પગારે, અને ત્યાંથી મરાઠી પત્ર 'ઇન્દુપ્રકાશ'ના છાપખાનામાં તેર રૂપિયાના પગારે તે ગયો. અહીં તેની કાર્યચાતુરીની કદર કરીને પત્રમાલિકે તુરત પગારમાં બે રૂપિયાનો વધારો કરી દીધો. આ દરમ્યાન જાવજીએ ટાઈપો ઢાળવામાં એટલી હદે કુશળતા મેળવી લીધી કે એક ઓરીએન્ટલ પ્રેસ ત્યાંથી એને માસિક ત્રીસના પગારે ખેંચી ગયું. આમ ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં તેની કારીગરી પણ એવી સોળે કળાએ ખીલી રહી કે લોકોમાં જાવજીએ બનાવેલા સુઘડ ટાઈપોની માગ થવા લાગી. પરિણામે એના ત્યારના માલિક અમેરિકન મિશનની ટાઈપ ફાઉન્ડ્રીના શિલ્પજ્ઞ ટૉમસ ગ્રૅહામ પોતાના આ કુશળ શિષ્યને ટાઈપ-મુદ્રા-શિલ્પનાં રહસ્યો બતાવવામાં હવે સંકોચ કરવા લાગ્યા.

આ બાજુ તરુણ જાવજીની મહેચ્છા હવે મહોરવા લાગી હતી. મન નિશદિન એ જ રટણમાં રહેતું કે હવે આ પરાવલંબી નોકરી છોડીને પોતાની કારીગરી અને પુરુષાર્થના બળે, ભલે નાનો સરખો પણ સ્વાધીન ધંધો શરૂ કરવો. પણ મોટી મૂંઝવણ હતી મૂડીની. એક વાર તેના મામાએ કોઈ વસ્તુ ગીરો મૂકવાની શરતે ત્રણ સો રૂપિયા આપવાની ઇચ્છા બતાવી. પરંતુ ગરીબ જાવજી પાસે ગીરો મૂકવા જેવું જ કશું હતું નહિ!

સદ્ભાગ્યે આ જ ગાળામાં જાવજીના કૌશલ ને ઉત્સાહની વાત ખુમાશેઠ નામના એક મારવાડી ગૃહસ્થને કાને આવી. તે જાવજીને સાત સો રૂપિયા ઉધાર આપવા તૈયાર થયા. તુરત જાવજીએ ત્યારના બે કાબેલ બીબાંસર્જકો ટૉમસ ગ્રૅહામ અને જીવણ વલ્લભ લુહાર પાસેથી દેવનાગરી અને ગુજરાતી બીબાં ઢાળવાનાં સંચા-સાધન ખરીદી લીધાં અને પોતાના ગરીબ ઘરની પાસે જ, મુંબાઈની કોલભાટ ગલીમાં, એક નાનીસરખી ટાઈપ ફાઉન્ડ્રી શરૂ કરી. ત્યાં તો 'મુંબઈ સમાચાર'ના માલિક ફિરોઝશાહ મહેરજીએ પણ જાવજીને સારો સહકાર આપ્યો. હાથમાં હુન્નર, વાણીમાં માધુર્ય, વ્યવસાયમાં પ્રામાણિકતા અને અખંડ ઉદ્યમવૃત્તિને લીધે જોતજોતામાં જાવજીને ધંધામાં એટલી બરકત આવવા લાગી કે થોડા જ વખતમાં તેણે ખુમાશેઠની મૂડી વ્યાજ સાથે ચૂકવી દીધી.

આ અરસામાં જ પોતાના મુદ્રાક્ષર-નિર્માણ વ્યવસાયમાં જાવજીને એક પ્રામાણિક, પરિશ્રમી અને કુશળ કારીગરનો સ્નેહ-સહયોગ સાંપડ્યો. એ હતા રાણુજી રાવજી આરૂ. એ પણ જાવજીની જેમ અતિ-અલ્પશિક્ષિત હતા, પણ હાથમાં અદ્ભુત કર્મકૌશલ હતું. મુદ્રાક્ષરોના આકાર, સંકલન અને ઘાટસૌષ્ઠવ માટે એમનામાં કોઈ જન્મજાત પ્રતિભા હતી. એ રાણુજી તથા જાવજીના સમ્મિલિત પ્રયાસોએ દેવનાગરી, ગુજરાતી અને કન્નડ ભાષાના મુદ્રાક્ષરોને જે સુંદર મરોડ ને નયમરમ્ય રૂપ




ડાબેથી: પોતાના પુરુષાર્થી પિતાના યશસ્વી કાર્યને આગળ ધપાવનાર તુકારામજી; અને બીબાં-બનાવટના હુન્નરમાં અદ્‌ભુત કર્મકૌશલ ધરાવનાર તેમજ જાવજી શેઠના જીવનભરના નિષ્ઠાવાન સાથી રાણુજી આરુ

આપ્યું તે આજે લગભગ એક સદી થયા છતાં પણ પ્રથમ સ્થાને રહ્યું છે. એ જાવજી અને રાણુજી આજીવન અભિન્નહૃદય મિત્રો અને સહકર્તા રહ્યા અને એ ઉદ્યોગી તથા હુન્નરબાજ મુદ્રાક્ષર શિલ્પીઓના પરિશ્રમથી ટાઈપ ફાઉન્ડ્રી ખૂબ સફળતા અને સમૃદ્ધિને વરવા લાગી.

આ જ દિવસોમાં એક વિશેષ આશાસ્પદ ઘટના બની. ત્યારે જાણીતા વેદશાસ્ત્રસંપન્ન શાસ્ત્રી વિઠ્ઠલ સખારામ અગ્નિહોત્રી દરેક વર્ષે એક પંચાંગ બહાર પાડતા હતા. તે આજ સુધી લહિયા પાસે હાથે લખાઈને શિલા છાપ (લિથોગ્રાફી)થી છપાતું હતું. શાસ્ત્રીજીએ જાવજીનું અતિ સુંદર બીબાં-કામ જોઈ પ્રસ્તાવ મૂક્યો કે જો તમે મારું પંચાંગ બીબાંમાં છાપી શકો તો હું તેના મુદ્રણ માટે પાંચસો રૂપિયા આગોતરા આપવા તૈયાર છું.

પંચાંગનું કામ ઘણું અટપટું હોય છે. છતાં જાવજીએ આ બીડું ઝડપી તો લીધું, પણ સાથે કહ્યું કે 'હું મારાથી બનતું બધું કરીશ. પણ તેને માટે હું ખાસ નવાં બીબાં બનાવીને પ્રથમ તે વડે પંચાંગનું એક નમૂનાનું પાનું છાપીને આપને બતાવીશ. તે જો પસંદ પડે તો પછી આખું પંચાંગ ખુશીથી છાપી આપીશ.' આ પ્રામાણિક નિખાલસતાથી શાસ્ત્રીજી છક થઈ ગયા.

જાવજીએ રાણુજીની મદદથી પંચાંગ માટે નવા સુંદર સુડોળ ટાઈપ ઘડી કાઢ્યા. અને નમૂનાનું પાનું છાપી શાસ્ત્રીજીને બતાવ્યું. શાસ્ત્રીજી ખૂબ પ્રસન્ન થયા અને જાવજીએ ઈ. ૧૮૬૯માં એ પંચાંગ છાપવા માટે એક નાનું છાપખાનું વેચાતું લીધું. પંચાંગ માટે જ છાપખાનું લેવાનો નિર્ણય થયો તેથી છાપખાનાનું નામ રાખવામાં આવ્યું 'નિર્ણયસાગર'. એ વાત-




ડાબેથી: જાવજી શેઠનાં સંસ્કૃત પ્રકાશનોના સલાહકાર વિદગ્ધ વિદ્વાન શંકર પાંડુરંગ પંડિત. તથા એમના મુખ્ય સલાહકાર, નિષ્ઠાવંત મિત્ર તથા માર્ગદર્શક અને 'બાલબોધ' માસિકના તંત્રી વિનાયક કોંડદેવ ઓક

ને આજે એકસો ને બે વર્ષ થયાં. ત્યારથી આજ સુધી એ પંચાંગ નિર્ણયસાગર પ્રેસનું એક અવિભાજ્ય અંગ બની રહીને મહારાષ્ટ્રના ઘરઘરમાં સ્થાન પામ્યું છે અને એ નિર્ણયસાગર છાપખાનું તો ભારતકીર્તિ વરીને આજે પણ નવા પરિવેશમાં અદ્યતન મશીનરીથી ધમધમી રહ્યું છે.

માણસોને પારખવાની જાવજીમાં નિસર્ગદત્ત સૂઝબૂઝ હતી. તુરત જ એમણે છાપખાનાના વ્યવસ્થાપકપદે નિષ્ઠાવાન અને કુશાગ્રબુદ્ધિ મિત્ર રામચંદ્ર અમૃતરાવ મોરેની નિમણૂક કરી અને ટાઈપ ફાઉન્ડ્રીના બધા વહીવટની જવાબદારી રાણુજીને સોંપી પોતે તેનું વિકાસકાર્ય હાથ લીધું, અને તે માટેનાં જરૂરી વિવિધ ઉપકરણો તથા સાધનો વસાવી લીધાં. કારખાનામાં તૂટફૂટ થતાં મરામતનું કામ જાવજી જાતે કરી લેતા. આમ જાવજી અને રાણુજીની જુગલજોડીના કર્મપ્રાવીણ્ય, પુરુષાર્થ અને ધ્યેયનિષ્ઠાથી નિર્ણયસાગરની બંને શાખા(ટાઈપ ફાઉન્ડ્રી અને છાપખાનું) સફળ અને સમૃદ્ધ બની ગઈ. એ સફળતાનું રહસ્ય બંને મિત્રોની નાનામાં નાની વિગતને જોવા-તપાસવાની ખાંખદ અને કામમાં ચોક્સાઈ રાખવામાં હતું. મુદ્રણમાં ભૂલ થતાં કે વિરૂપતા જોતાં તે બધાં પાનાં રદબાતલ કરી નાખતા. ગ્રાહકોને સંપૂર્ણ સંતોષ એ એમનો મુદ્રાલેખ હતો.

ટાઈપ-નિર્માણ અને મુદ્રણના વિષયમાં એમના કરતાં ઘણા વખત અગાઉ કલકત્તામાં ઈસ્ટ ઈંડિયા કંપનીના એક ઉચ્ચ અધિકારી સર ચાર્લ્સ વિલ્કિન્સે (૧૭૪૯-૧૮૩૬) શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું પોતાનું અંગ્રેજી ભાષાંતર છાપવા માટે પંચાનન કર્મકાર નામક કારીગર સાથે મળીને સંસ્કૃત ટાઈપનું નિર્માણ કર્યું હતું પરંતુ એમાં જાવજીનાં બીબાં જેવું લાલિત્ય, સુઘડતા અને નયનરમ્યતા ન હતાં. જાવજીએ હવે ધીરેધીરે વિલાયતથી ટાઈપ ઢાળવાનાં નવાં સાધનો મંગાવી અંગ્રેજી બીબાં પણ ઢાળવાં શરૂ કર્યાં અને સંસ્કૃત શાસ્ત્રો તથા વૈદિક મંત્રોના મુદ્રણ માટે મંત્રોનાં ખાસ સ્વરચિહ્નોવાળા અખંડ વિશિષ્ટ ટાઇપો બનાવ્યા, જે લાંબા કાળ સુધી એમના પેટન્ટ જેવા રહ્યા.

ટાઈપ-સર્જનની પોતાની કલા સાથે ઉદ્યોગનિષ્ઠા અને પ્રામાણિક વ્યવહારને લીધે જાવજી શેઠે સારી પ્રતિષ્ઠા અને સંપત્તિ મેળવી. સાથે નિર્ણયસાગરની કીર્તિ પણ શુક્લ પક્ષના ચંદ્રની જેમ વધવા લાગી; ને જે જાવજીએ પોતાની કારકિર્દી માસિક બે રૂપિયાના પગારે શરૂ કરી હતી તે, હવે સેંકડો કર્મચારીઓ ધરાવતા પોતાના કારખાનામાં દર મહિને ચાર હજાર રૂપિયાનો પગાર વહેંચતા થવા જેટલી સંપદા રળ્યા! પોતાની વીસ વર્ષની કારકિર્દીમાં જાવજી અને રાણુજીના નિર્માણ કૌશલે બીબાંના આટલા પ્રકાર સર્જ્યા હતા: ૪૦ દેવનાગરી-મરાઠી, ૪૮ અંગ્રેજી, ૨૩ ગુજરાતી, ૧૦ કન્નડ, ૩ જૈની લિપિ અને ૭ હિબ્રૂ મળી કુલ ૧૩૧. મરોડની સુંદરતા, છાપની તીક્ષ્ણતા અને બહોળું વૈવિધ્ય ધરાવતા આ ટાઇપોનો પ્રસાર કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને દ્વારકાથી જગન્નાથપુરી સુધી થઈ ગયો



સંસ્કૃત વાઙ્‌મયની પ્રાચીન કૃતિઓ શુદ્ધ સુંદર રૂપમાં આપતી 'કાવ્યમાલા' ના બે વિદ્વાન સંપાદકો: પં. દુર્ગાપ્રસાદ અને કાશીનાથ પાંડુરંગ પરબ

હતો અને દેવનાગરી ટાઈપો માટે તો ભારતભરનાં મુદ્રણાલયો જાવજી દાદાજીનાં બારણાં ખખડાવતા હતા, એટલું જ નહિ પણ સંસ્કૃત ગ્રંથોના મુદ્રણ માટે યુરોપીય દેશો તથા અમેરિકા સુધી તેનો નિર્યાત થતો.

આમ યશ ને સંપત્તિના સ્વામી બનેલા જાવજી શેઠ માનતા કે લક્ષ્મીની કૃપાનું પરિણામ એ હોવું જોઈએ કે તેનો સદુપયોગ સમાજ અને દેશના હિત માટે થાય. ફલતઃ એમણે હવે પ્રકાશન-વિભાગ શરૂ કરવાનો સંકલ્પ કર્યો, અને તે પણ વેપાર અને કમાણી માટે નહિ પરંતુ સામાજિક હિત માટે. પોતે ધાર્મિક ભાવનાવાળી વ્યક્તિ હોઇને સૌપ્રથમ દૈનિક ધર્મકૃત્યો ને ગૃહ્ય સંસ્કારોમાં ઉપયોગી નાનીનાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરી. એમાં વૈદિક મંત્રો ને શાસ્ત્રીય અવતરણોના શુદ્ધ મુદ્રણ માટે એમનો આગ્રહ રહેતો, અને તેની કિંમત એટલી સસ્તી રાખતા કે ગરીબ લોકો પણ તે ખરીદી શકે. જાવજી શેઠના જીવનકાળમાં જ આ પોથીઓને લીધે નિર્ણયસાગર પ્રેસ ને તેના નિર્માતાનું નામ મહારાષ્ટ્રના ઘર-ઘરમાં પહોંચી ગયું.

એ જમાનો એવો રૂઢિચુસ્ત હતો કે લોકો હાથે લખેલી પોથીઓનો આદર કરતા, પણ ચરબીના તત્ત્વવાળી શાહીથી છાપેલાં અને પ્રાણીઓનાં હાડકાંમાંથી બનેલા સરેસ વડે પાકાં પૂઠાંમાં બાંધેલા ગ્રંથોને બ્રાહ્મણો અને પંડિત વર્ગ અસ્પૃશ્ય ગણતા. આવા કાળમાં સંસ્કૃત ભાષાના ધાર્મિક અને સાહિત્યિક ગ્રંથોના પ્રકાશનનું બીડું ઝડપવું જોખમકારક હતું; કેમ કે સંસ્કૃતજ્ઞ શાસ્ત્રીઓ વેદશાસ્ત્ર જેવા પવિત્ર ગ્રંથોની મુદ્રણ જેવી યાવની પદ્ધતિની પ્રતિલિપિ માટે સંમત થાય તેમ ન હતું, અને ચોકસાઈથી પ્રૂફ-વાચન કરવા માટે સુશિક્ષિત પંડિતો આવા અબ્રાહ્મણ વ્યવસાયનું એ કંટાળાજનક કાર્ય કરવા રાજી ન હતા. છતાં જાવજી શેઠે એ સાહસ ખેડયું અને તેમાં વિજય મેળવ્યો. શરૂઆતમાં ઘેરથી શુદ્ધ જળનો કૂજો અને પ્યાલો સાથે લઈ ને પ્રૂફ વાંચવા માટે પ્રેસમાં આવતા એ શાસ્ત્રીઓનું જાવજી એટલું માન રાખતા કે જતે દહાડે એ સૌ જાવજી શેઠની ધર્મભાવના, શાસ્ત્રપ્રિયતા અને નમ્રતાથી પ્રસન્ન થઈ તેમના મિત્રસદૃશ બની ગયા. આ ઉપરાંત જાવજી શેઠને પોતાની પ્રકાશનપ્રવૃત્તિમાં તે યુગના મુંબાઈ અને મહારાષ્ટ્રના અનેક મહિમાવંત વિદ્વાનો અને સામાજિક નેતાઓનો સંપૂર્ણ સહયોગ હતો, જેમાં લોકહિતવાદી ગોપાલરાવ હરિ દેશમુખ, ન્યાયમૂર્તિ કાશીનાથ ત્ર્યંબક તેલંગ અને શંકર પાંડુરંગ પંડિત જેવા મનીષીઓનો સમાવેશ થતો.

મુદ્રણાલયની સ્થાપના પછી પાંચમે વર્ષે શરૂ થએલી આ પુસ્તક-પ્રકાશન પ્રવૃત્તિમાં જે નામી ગ્રંથો પ્રકટ કર્યા તેમાં ૧૮૭૯માં છપાએલો 'ભારતવર્ષીય પ્રાચીન ઐતિહાસિક કોશ', જે. એમ. ગુર્જર કૃત મરાઠી ભાષાંતર સહિત 'મનુસ્મૃતિ', શંકર પાંડુરંગ પંડિતનું ઋગ્વેદના ચૂંટેલા મંત્રોનું અંગ્રેજી ને મરાઠી ભાષાંતરસાથેનું 'વેદાર્થયત્ન', અને ડૉક્ટર મહાદેવ મોરેશ્વર કુંતેની 'ષડ્દર્શનચન્દ્રિકા' જેવા આગળપડતા ગ્રંથો હતા.

જાવજી શેઠના મરાઠી સાહિત્યના પ્રકાશનની વિગતો મહારાષ્ટ્ર બહાર જાણીતી નથી. એમણે છાપેલી હિંદુ દેવદેવીઓની કથાઓ ખૂબ લોકપ્રિય બની. ગોરમહારાજો ને મરાઠી કીર્તનકારો માટે તો એ આશીર્વાદ રૂપ બની. ત્યાર પછી પ્રાચીન મરાઠી કાવ્યોના નિયમિત પ્રકાશન માટે એમણે જનાર્દન બાલાજી મોડક અને વામનરાવ દાજી ઓકના તંત્રીપણા નીચે 'કાવ્યસંગ્રહ' નામક એક મરાઠી સામયિક શરૂ કર્યું અને તે દ્વારા કવિવર મોરોપંત, મુક્તેશ્વર, આનંદતનય અને વામન પંડિત આદિનાં કાવ્યો મહારાષ્ટ્રભરમાં સુલભ બની ગયાં.

ઈ. ૧૮૮૧માં તે યુગના મહારાષ્ટ્રના કીર્તિવંત શિક્ષણશાસ્ત્રી અને રાષ્ટ્રભક્ત લેખક પંડિત વિનાયક કોંડદેવ ઓકના તંત્રીપણા નીચે એમણે બાળકો માટેનું 'બાલબોધ' નામે માસિક શરૂ કર્યું, જે ૩૪ વર્ષ લગી ચાલ્યું. વાર્ષિક માત્ર છ આનાના લવાજમવાળું એ પત્ર—જેમાં ત્રણ આનાનો ટપાલખર્ચનો જતા—મહારાષ્ટ્રના ઘરેઘરમાં વંચાતું. જાવજીશેઠે એ દ્વારા મહારાષ્ટ્રના સામાન્ય જનસમાજમાં જ્ઞાનપ્રસારનું જે પ્રશંસનીય કાર્ય કર્યું તેની સેવા અને ગુણવત્તા જોઈ ને વડોદરાના શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે તેને એક હજાર રૂપિયાનો પુરસ્કાર આપ્યો હતો. એ પુરસ્કર અંગે તંત્રી અને પ્રકાશક વચ્ચે એક મધુર સંઘર્ષ પેદા થયો હતો: જાવજી શેઠ કહે કે આ તો તંત્રીના સંપાદનકૌશલ અને પુરુષાર્થનો પુરસ્કાર છે; જ્યારે તંત્રી પંડિત ઓક કહે કે આ તો આટલા સુંદર ને શુદ્ધ માસિક પત્રને આટલી સસ્તી કિંમતે મહારાષ્ટ્રના ઘરઘરમાં પહોંચાડનાર પ્રકાશકને માટેનું ઈનામ છે. અંતમાં 'જ્ઞાનચક્ષુ' પત્રનો નિર્ણય સ્વીકારી તંત્રીએ એ પુરસ્કાર લીધો. ચોત્રીસ વર્ષના પોતાના એ તંત્રીકાળ દરમ્યાન પંડિત ઓકે પોતાની કલમ દ્વારા મરાઠી ભાષાને ૪૦૨ જીવનચરિત્રો, ૪૦૨ કાવ્યો, ૪૦૨ નિબંધો, ૪૭૧ શાસ્ત્રીય વિષયો પરત્વે લઘુલેખો અને ૮૫૦ બીજા વિષય ઉપરના લેખો વડે સમૃદ્ધ કરી હતી.

પણ એથી યે અદકો તો, ઈ. ૧૮૮૯માં જાવજી શેઠે વિશાલ સંસ્કૃત સાહિત્યના શાસ્ત્રીય તેમ જ લલિત વાઙ્મયના પ્રકાશનનો જે સાહસપૂર્ણ અને ભગીરથ પ્રયાસ આરંભ્યો તેથી એમનું તથા નિર્ણયસાગર પ્રેસનું નામ વિશ્વવિશ્રુત બની ગયું. જયપુરવાળા મહામહોપાધ્યાય પં. દુર્ગાપ્રસાદ અને મહારાષ્ટ્રના પં. કાશીનાથ પાંડુરંગ પરબના સહસંપાદકત્વમાં જાવજી શેઠે હવે 'કાવ્યમાલા' નામક સામયિક દ્વારા સંસ્કૃત ભાષાનાં કાવ્યો, નાટકો, ચંપૂઓ, પ્રહસનો, અલંકારશાસ્ત્રો તથા છંદઃશાસ્ત્રોનું નિયમિત પ્રકાશન શરૂ કર્યું. તેમાં વિદેશી વિદ્વાનોની માહિતી માટે એ દરેક ગ્રંથના અગ્ર પૃષ્ઠ પર પેટામથાળા તરીકે ગ્રંથનું નામ અંગ્રેજી લિપિમાં છપાતું. પ્રકાશન પહેલાં પ્રત્યેક ગ્રંથના મૂલ પાઠની સૂક્ષ્મ ચકાસણી કરવામાં આવતી. એની પાદટીપો માટે વપરાતા દસ પોઈન્ટના બારીક દેવનાગરી ટાઈપ કેવળ નિર્ણયસાગર પ્રેસ જ બનાવી શકતું. એવા એ સમૃદ્ધપત્રનું વાર્ષિક લવાજમ માત્ર છ રૂપિયા હતું!

એ દિવસોમાં મુંબાઈ સરકારે સમગ્ર અથર્વવેદના શુદ્ધ અને સુંદર મુદ્રણ માટે ભારતસમસ્તના મુદ્રકો માટે એક હરીફાઈ જાહેર કરી હતી.



મુંબાઈના ગિરગામ લત્તાની કોલભાટ ગલીમાં જાવજી શેઠે શરૂ કરેલા 'નિર્ણયસાગર'નું અસલી મકાન આજે

શરત એ હતી કે તેના ટાઈપોનું આયોજન તથા મુદ્રણ પ્રો. મૅક્સમૂલરે ઇંગ્લૅંડમાં છપાવેલા ઋગ્વેદની આવૃત્તિ જેવું જ શુદ્ધ, મનોરમ ને સ્વચ્છ હોવું જોઈએ. જાવજી શેઠે એ પડકાર ઝીલી લીધો અને નમૂના જેવા જ મરોડના ટાઈપ બનાવી મનોરમ મુદ્રણ કરી આપ્યું. જોકે, દુર્ભાગ્યે એ સમસ્ત ખંડોના પ્રકાશન સુધી એ જીવિત રહી શક્યા નહિ.

ગઈ સદીમાં, દેશના સાંસ્કૃતિક અરુણોદયના યુગમાં મુદ્રણકલા અને પ્રકાશન-વ્યવસાયમાં પોતાનું અનુપમ પ્રદાન કરનાર આ દેશહિતૈષી સત્પુરુષનું તારીખ ૪ ઑગસ્ટ ૧૮૯૨માં અવસાન થયું ત્યારે એમને માનાંજલિ અર્પતાં એમના પરમ મિત્ર અને 'વેદાંતસાર'ના વિદેશી વિદ્વાન સંપાદક કર્નલ જે. ઈ. જૅકબે લંડનની 'ઍકેડેમી' પત્રિકામાં લખ્યું: 'સંસ્કૃત ભાષાના મુદ્રણ અને દેવનાગરી ટાઇપોને લલિત કલાના સ્તર સુધી પહોંચાડવામાં નિર્ણયસાગર પ્રેસ અને તેના પ્રતિષ્ઠાપક જાવજી દાદાજીએ એકલા હાથે જે કામ કર્યું છે તેવું સંસારમાં કોઇએ નથી કર્યું.' જાવજી શેઠના પ્રારંભિક દિવસોના માલિક 'ટાઈમ્સ ઑાવ ઇંડિયા'એ લખ્યું: 'એમના બનાવેલા ટાઈપ ભારત તેમજ છેક અમેરિકા સુધી વપરાય છે; એમણે છાપેલા સંસ્કૃત, મરાઠી, હિંદી ને ગુજરાતી પુસ્તકોનું તેની ચારુતા, શ્રેષ્ઠતા ને શુદ્ધતા માટે વિદ્વાનોમાં મોટું માન છે.'

જાવજી શેઠના નિધન પછી ટાઈપ ફાઉન્ડ્રી, છાપખાના તથા પ્રકાશન-કાર્યનો બધો કાર્યભાર એમના જ્યેષ્ઠ પુત્ર તુકારામના શિરે આવ્યો. એમણે પોતાના ઉદ્યમી પિતાની સમસ્ત પરંપરાને ખૂબ નિષ્ઠા અને હોશિયારીથી આગળ ધપાવી. જાવજી શેઠે એમને ઘણી ભાવના, આશા અને હોશિયારી સાથે પોતાના કાર્ય માટે શિક્ષિત ને દીક્ષિત કર્યા હતા. લોકસેવા, ચોક્સાઈ, મળતાવડાપણું, કર્તવ્યપરાયણતા, ઉદારતા અને ધાર્મિકતા વગેરે ગુણોમાં તે પોતાના પિતાથી કોઈ પણ રીતે ઊતરતા ન હતા. એમની કારકિર્દીનો સમય નિર્ણયસાગરના ઇતિહાસમાં સુવર્ણયુગ કહી શકાય તેવો હતો.

એમના વખતમાં ટાઇપોના પ્રકારોમાં સારી પ્રગતિ થઈ અને સંસ્કૃત ગ્રંથોનાં પ્રકાશનોની સંખ્યા તો ચારસો સુધી પહોંચી ગઈ. મરાઠી અને ગુજરાતી પ્રકાશનોમાં વૃદ્ધિ થવા સાથે કન્નડ ભાષાની ચોપડીઓ પણ છપાવા લાગી. તદુપરાંત લોકોમાં ઇતિહાસ પ્રત્યે અભિરુચિ જગવવા અને દુષ્પ્રાપ્ય ઐતિહાસિક દસ્તાવેજોના પ્રકાશન માટે એમણે મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ ઇતિહાસવેત્તા દત્તાત્રય બલવંત પારસનીસના તંત્રીપણા નીચે 'ઇતિહાસ-સંગ્રહ' નામક માસિક શરૂ કર્યું, જે આઠ વર્ષ (૧૯૦૮ થી ૧૯૧૬) ચાલ્યું. એના પ્રકાશનમાં સદા ખોટ જ આવતી છતાં જ્ઞાનપ્રસારની ભાવનાથી તુકારામ દૃઢતાથી તે સહતા રહ્યા. તેના પ્રત્યેક અંકમાં સો પાનાં અને બે ચિત્રો રહેતાં. ઇતિહાસાચાર્ય પ્રા. રાજવાડેનો પણ એના સંપાદનમાં સારો સહકાર હતો. મુદ્રણની શુદ્ધતા અને ચારુતા વિષે તુકારામ ખાસ આગ્રહી હતા. હજી આજે હયાત એવા એ કાળના એક વિદ્વાન જણાવે છે કે મુદ્રણની એક ખામીને લીધે તુકારામ શેઠે એક ચોપડીનાં છપાઈ ચૂકેલાં પચાસ ફૉર્મે રદ કરી નાખ્યાં હતાં. પૂનાના પ્રખ્યાત 'કેસરી' પત્રના ટાઇપોના નવીનીકરણનું કામ લોકમાન્યે તુકારામજીને જ સોંપ્યું હતું અને તેમણે તે વ્યાપારી તરીકે નહિ પણ દેશભક્તિની ભાવનાથી એ ફર્માયીશ અદા કરી આપી હતી.

સંસ્કૃત ભાષાના વૈદિક, દાર્શનિક, કર્મકાંડીય અને પ્રશિષ્ટ સાહિત્યના ગ્રંથોના પ્રકાશનમાં તુકારામજીના વખતમાં બમણી પ્રગતિ થઈ. અનેક શાસ્ત્રીય સંસ્કૃત ગ્રંથો ટીકા અને ભાષ્યો સાથે સુસંપાદિત થઇને અતિ સુંદર રૂપમાં પ્રકાશમાં આવ્યા. આ ગ્રંથો પોતાના ઉદાત્ત મુદ્રણમાં યુરોપીય ગ્રંથો જેવી સ્વચ્છતા અને સુંદરતા બતાવી શક્યા હતા. દા. ત. એમણે 'બ્રહ્મસૂત્ર(વેદાંત સૂત્ર')નું શાંકરભાષ્ય આઠ ટીકાઓ સાથે છાપ્યું. તેમાં રૉયલ સાઈઝનાં ૧૫૦૦ પાનાં હતાં અને કિંમત માત્ર બાર રૂપિયા! તેવી જ રીતે 'ભગવદ્ગીતા'નું પણ શાંકરભાષ્ય આઠ ટીકાઓ સાથે પ્રકટ કર્યું. જાવજી શેઠની જેમ આ વિશાલ આયોજન પણ ધંધાકીય દૃષ્ટિએ નહિ પરંતુ સત્સાહિત્યના પ્રચારની પરોપકારવૃત્તિથી હાથ ધરેલું હતું.

અંગ્રેજી સાહિત્યમાં પાલ્ગ્રેવનો જગવિખ્યાત કાવ્ય-સંગ્રહ 'ગોલ્ડન-ટ્રેઝરી' છે. તેની જેમ નિર્ણયસાગરે સંસ્કૃત સાહિત્યની સૂક્તિઓનો એક અનુપમ, બૃહદ અને સુસંપાદિત સંગ્રહ 'સુભાષિતરત્નભાંડાગારમ્' છાપીને વિશ્વભરના સંસ્કૃત વાઙ્મયરસિકોને મુગ્ધ કરી દીધા. આજે પોણી સદી વીતી જવા છતાં તેવો ઉપયોગી અને સર્વસારગ્રાહી સુભાષિત-કોશ બીજો બની શક્યો નથી. એ કોશ નિર્ણયસાગર પ્રેસના વિશ્રુત મનીષી પં. કાશીનાથ પાંડુરંગ પરબની રસિકતા, અને અથાગ શ્રમનું પરિણામ છે.

ટૂંકમાં તુકારામજીએ પોતાના યશસ્વી અને પુરુષાર્થી પિતાના કાર્યને દીપાવ્યું હતું. ફાઉન્ડ્રીના દેવનાગરી ટાઇપોની ઘરાકી જાપાન, અમેરિકા અને યુરોપના દેશો સુધી પહોંચી ગઈ હતી. એમની સમાજસેવા અને સ્પૃહણીય વ્યવસાયનિષ્ઠાની કદરમાં એમના પિતાની પેઠે એમને પણ સરકારે 'જે. પી.'ની પદવીથી વિભૂષિત કર્યા હતા. ઇ. ૧૯૧૮માં આ ઉત્સાહી, ધર્મનિષ્ઠ અને સંસ્કારસેવી ઉદ્યોગવીરનું અવસાન થયું અને એમના પછી એમના બંધુ પાંડુરંગે પણ પોતાની શક્તિ અને બુદ્ધિ પ્રમાણે પૂર્વપુરુષોના આ યશસ્વી પ્રતિષ્ઠાનને પ્રગતિશીલ રાખ્યું.

આજે સંસારમાં મુદ્રણકલાના ક્ષેત્રમાં થઈ રહેલી અપૂર્વ પ્રગતિઓ સાથે કદમ મિલાવતું રહેવા ઉપરાંત સો વર્ષ જૂનું ભારતનું આ એક અનુપમ મુદ્રણપ્રતિષ્ઠાન પૂરા ઉત્સાહ અને નિષ્ઠા સાથે સંસ્કૃત સાહિત્યના શોધકાર્ય ને મુદ્રણ-સંપાદનમાં લાગેલું છે. નવીન યોજના પ્રમાણે દરેક વર્ષે સંસ્કૃત વિદ્યાના ૬ નવીન ગ્રંથો પ્રકટ કરવાની પ્રણાલિ ચાલુ જ છે.

નિર્ણયસાગર મુદ્રણાલયની કથા એ આપણા દેશના સાંસ્કૃતિક અને વ્યાવસાયિક સમુત્થાનની એક શાનદાર કહાણી છે, અને હર્ષની વાત છે કે આજ એક શતાબ્દી પછી પણ આ પ્રતિષ્ઠાનની યશઃપતાકા પોતાના અભિનવ પ્રસ્થાન માટે ફરકી રહી છે. □

અનુસંધાન] **બદ્ધ પ્રોમીથિયસ** [પૃષ્ઠ ૨૪૫થી

એવો નથી. પેલો ઍટલાસ, મારો ભાઈ; એની, જુઓને, કેવી દશા એણે કરી છે! એ...ઊભો બિચારો ધરતીને છેડે—માથે આખું યે આભ ઊંચકી. ને, પેલો ટાયફન (Typhon)! સો તો માથાં, ને પ્રચંડ તાકાત! દેવોની સામે થયો. એને ય નસાડયો. એ સિસિલી ગયો ને ગુફામાં ભરાયો, તો છેક ત્યાં જઈને એને બહાર ખેંચી કાઢયો! ને એટના પર્વત તળે ચગદી નાખ્યો. ત્યાં ઢીલોઢફ થઈને એ પડયો. એ...નીકળે એની વરાળો! હાંફે છે! પ્રાણ વિનાનું જીર્ણ જાણે ખોખું! તમે તો અનુભવી છો. તમને શિખામણ દેવા યોગ્ય હું ન ગણાઉં. પણ આપની યે ચિંતા મને થાય તો ખરી જ ને? ઝ્યૂસ હજી ક્રોધે ભરાએલો છે. હમણાં ત્યાં જવામાં સાર નથી. અહીં આવ્યા છો એમાં ય જોખમ છે. ઝ્યૂસના ક્રોધને શમવા દો. અત્યારે શિખામણના શબ્દોથી કોઈ અર્થ નહિ સરે.'

'તમે શું નથી માનતા કે ક્રોધની ઔષધિ સાચા શબ્દો પણ છે?'

'ખરું. પણ સામો સાંભળવા તૈયાર હોય તો; નહિ તો શબ્દો, ઊલટા, બળતામાં ઘી હોમે, ક્રોધને વધુ ભભુકાવે.'

ઓશનસ હવે ડરવા લાગ્યો. એણે તરત પૂછ્યું: 'તમારી પ્રત્યે સહાનુભૂતિ બતાવું એમાં યે જોખમ છે એમ તમને લાગે છે?'

'હાસ્તો,' પ્રોમીથિયસે કહ્યું: 'આવી સહાનુભૂતિ ખાલી મગજમારી છે, મૂર્ખામી છે.'

'ભલેને મૂર્ખામી તો મૂર્ખામી! કેટલીક વાર મૂર્ખા ખપવામાં ડહાપણ છે.' ઓશનસે કહ્યું. પ્રોમીથિયસે મર્મવાણી ઉચ્ચારી: 'પણ આ બાબતમાં તો હું જ મૂર્ખામાં ખપું એમ છું!' ઓશનસ ઢીલો પડી ગયો. કહે: 'તો શું, આ જ તમારી સલાહ છે? મારે પાછા ઘેર જવું?'

'હાસ્તો. મારા પ્રત્યે ધરમ કરતાં તમારે ત્યાં ધાડ આવશે. તમારે નકામો એક શત્રુ શું કામ ઊભો કરવો?'

'શત્રુ? કોણ?' ઓશનસે પૂછ્યું. પ્રોમીથિયસે ફોડ પાડયો: 'હવે નામ પાડવાનું શું કામ છે? જરા ચેતી જાવ. એ બધું સાંભળે છે.'

'હા ભાઈ...' કહીને ઓશનસ છૂ થઈ ગયો. (આવતા અંકે પૂરું)



માનવ-મહત્તાના પૃથ્વીસૂક્ત સમું પશ્ચિમ-જગતના પ્રથમ નાટ્યકાર

એસ્કિલસનું વિખ્યાત નાટક
પ્રોમીથિયસ બાઉન્ડ

બદ્ધ પ્રોમીથિયસ

પ્રોમીથિયસ એટલે 'અગ્રબુદ્ધિ', 'દૈવજ્ઞ'. એ દીર્ઘદ્રષ્ટા છે. એ એવું કૈંક જાણે છે, જે દેવાધિદેવ પણ નથી જાણતા. પોતાનાં આંસુને માટીમાં મેળવી એણે પ્રથમ માનવ ઘડયો, અને એને જ્ઞાનકલાદિથી દીક્ષિત કર્યો. દેવ ઝ્યૂસે જ્યારે માનવોને અગ્નિના અધિકારથી વંચિત રાખ્યા ત્યારે એણે દેવોના કારીગર અગ્નિદેવની ભઠ્ઠીમાંથી બરુની સળીમાં અગ્નિ ભરી લાવી માનવોને પહોંચાડી દીધો. આ ચોરી માટે ઝ્યૂસે એને શિક્ષા કરી—ધરતીને છેડે, શૂન્ય નિર્જનતામાં, સાગરતટે એક ઊંચી કરાડ પર સદાને માટે જડી દેવાની! એક જમાનાજૂની આ પુરાણકથા લઇને એસ્કિલસે એને અનેક પરિમાણોવાળી આ દર્શનગર્ભ નાટ્યકથામાં પલટી નાખી છે. જગતસાહિત્યના મુકુટમણિઓ પૈકીનું આ નાટક જાણે માનવમહત્તાનું પુરુષસૂક્ત છે.

કથારૂપ • કનુભાઇ જાની

ગમે તેવી કઠણ ધાતુને ય ટીપીને ધાર્યો ઘાટ ઘડનાર હેફિસ્ટસનો હાથ આજે ભારે થઈ ગયો હતો. હથોડા સાથે ઊપડેલા હાથને ચિત્ત જાણે પાછો પાડતું હતું.

'આટલી વેદના છતાં આ કેમ ચૂપ છે? મોંમાંથી ઊંહકારો ય નથી કાઢતો! ક્રાન્તિનો આ પ્રથમ પ્રણેતા, દેવાધિદેવ ઝ્યૂસને ય જિતાડનાર, 'માનવ' નામની મૂઢ જાતિને ચિત્તચૈતન્યથી સમૃદ્ધિસભર કરી મૂકનાર, ચાતુરીનો આદ્ય શોધક, આજે આ નિર્જન, ઉજ્જડ, અતિ-ઉત્તુંગ, એકાકી શૈલશિખરની ટોચે જડાય છે ત્યારે કેમ સિસકારો ય નથી કાઢતો? એ અમર છે, માટે? કે પછી એ દૂરંદર્શીનું ચિત્ત દૂરતમના કોઈ અદૃષ્ટને જોઈ રહ્યું છે? કે પછી ક્રાન્તિનો જ આ કોઈ નવો પદાર્થપાઠ તો નથી ને? કલ્પનાતીત પીડાની ઝડીઓ વચ્ચે જાણે ઊભો છે આ કલ્પનાતીત સહનશક્તિનો અવતાર! એ દંડાય છે, જડાય છે, પણ જિતાય છે ખરો? એનું ચિત્ત કોણ જાણે કેવી યે ધાતુનું છે! ધાતુને વાળી-ગાળી શકાય છે, ચિત્તને નહિ. આ તો વેદનાના ઘૂઘવતા વારિધિની વચ્ચે ખોડાએલો પ્રશાન્ત અડગ જાણે ખડક...'

'એ...ય! ચાલ, જલદી કર! શા વિચારમાં પડયો?' શકતીશ ક્રેટોસના આ બરાડાથી (અગ્નિદેવ, ચવિસ્થ) હેફિસ્ટસની વિચારમાલા તૂટી. હોઠ બીડીને એણે હથોડો પકડયો ને પ્રચંડ તાકાતથી ખીલા પર ઝીંકવા માંડયો. એક તો લંગડાતે પગે છે...ક અહીં સુધી, જગતને છેડે ક્રેટોસ–બિયાની પાછળપાછળ ઘસડાઈ આવવું પડયું આ નિર્જન સીથિયાના પ્રદેશમાં; ને તે વળી આવે કામે!! પ્રોમીથિયસને આ સનાતન ઉજ્જડ એકાન્તમાં ઘૂઘવતા સાગર વચ્ચેના ઉન્નતતમ શિખર પરની ભયંકર ધારે એણે જડી દેવાનો હતો. અહીં સુધી એને પકડીને લાવવાનું કામ હતું જાડયાવતાર ક્રેટોસ ને હિંસામૂર્તિ બિયાનું. આજ્ઞા હતી ઝ્યૂસની. ભળકડે અહીં પહોંચતાં જ ક્રેટોસે ઉદ્ગાર કાઢેલા: 'હા...શ! પહોંચ્યાં!' ને તરત જ હુકમ છોડેલો: 'ચાલ હવે, હેફિસ્ટસ! શરૂ કરી દે તારી કામગીરી.' શ્વાસ ખાવા ય થોભવા દે તો ક્રેટોસ શાનો? ખીલા, પટ્ટા, ધાતુનાં ગચિયાં, ફાચર, હથોડા, છીણી, સાંકળ, સળિયા, રેણનાં સાધનો...અરે, ઘણ ને એરણ સુધ્ધાં–ભારોએક ઓજારો એને લાવવાં પડયાં હતાં; ને સહુ જાણે છે, હેફિસ્ટસ લંગડો છે; છતાં ય દયા ખાય તો ક્રેટોસ શાનો? ને ધીમેથી બોલવાની તો એણે બાધા જ લીધી છે! ઊંચે સાદે આદેશો આપવા જ એ ટેવાયો છે!'

'હે...ફિ...સ્ટ...સ...!' ક્રેટોસનો કરડાકીભર્યો અવાજ ગર્જ્યો. એણે પાછાં ઓજારો સંભાળ્યાં. હાથ જડાઈ ગયા હતા. હવે પગ માટે પટ્ટા એણે ટીપવા માંડયા. બિયા કરડાકીભરી આંખે એને જોઈ રહી હતી. ક્રેટોસથી યે વધુ ભયંકર હતી એની જોડીદાર આ ચંડી બિયા. 'બે જણાં મૂગાં છે—પ્રોમીથિયસ ને બિયા!' પાછું હેફિસ્ટસનું ચિત્ત વિચારે ચડયું: 'બન્ને મૂગાં! એક પીડાની પ્રેરણા ને બીજો પીડાનો શિકાર. પેલીને પક્ષે તો છે સર્વવ્યાપી ઝ્યૂસ, ને આ જાડયનો અવતાર ક્રેટોસ. પણ પ્રોમીથિયસ તો છે સાવ એકલો! બિયાને બોલવાપણું નથી; પણ આ પ્રોમીથિયસ?... આ શું એની લાચારી છે?...લાચારી? લાચારી મારી ન ગણાય? મારા જ જાતભાઈને, મારે જ હાથે, મારી જ કારીગરી વાપરીને, આજે હું જડી દઉં છું!!' ને એના હાથમાંથી ખીલો નીચે પડી જતાં, હથોડો એનું નિશાન ચૂકી ગયો ને પથ્થર પર જેવો ઝિંકાયો કે તરત જ વિદ્યુતના તણખા ઝર્યા. પગ લથડી પડયો.

'તારું ચિત્ત કયાં છે?' ક્રેટોસ બરાડયો. પણ હેફિસ્ટસ તો આટલું ય કહી શકે એમ નહોતો કે–

न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः।...
...कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम्।

'ચાલ, વિલંબ ન કર. ઝ્યૂસનો આદેશ યાદ છે ને?' પડી ગયેલ ખીલો હાથમાં લેતાં હેફિસ્ટસે માથું હલાવ્યું. 'ઝ્યૂસનો જ નહિ તારો પણ આ દ્રોહી છે. સર્વ કલાના સત્ત્વ જેવા અગ્નિને, તારા ખજાનાના અણમોલ દ્યુતિપુષ્પને એ ચોરી ગયો ને આપી દીધું તે માનવોને! દેવોના અક્ષમ્ય અપરાધનું કેવું ફળ મળે છે તેની ખબર એને પાડવી જ જોઈએ. એણે જાણવું જ રહ્યું કે માનવનો પક્ષ છોડી ઝ્યૂસની આણ માથે ચડાવ્યા વિના છૂટકો નથી.'

'હાસ્તો! છૂટકો જ નથી. હૈયાહીણ નૃશંસ બનીને એને આ શૈલશિખરની હિમ-કરાડ પર જડી દીધા વિના મારો છૂટકો જ નથી. ઝ્યૂસ સામે આંખ ઉઠાવવી એ પણ વિનાશ નોતરવા જેવું છે એ હું જાણું છું.' પગ માટેના મજબૂત પટ્ટા ટીપતાં એણે કહ્યું.

'એને એવો કચકચાવીને બાંધ કે તારી કારીગરી આગળ એની ચાતુરી લાચાર બની જાય.'

'લ્યાનત હો મારી આ કારીગરીને.' હેફિસ્ટસથી બોલી જવાયું. 'આ કળા ય એક બોજો છે.' એણે ઉમેર્યું.

'એમ તો બધું યે—આ જિંદગી યે બોજો છે. સ્વર્ગના શાસન સિવાયનું બધું યે બોજો છે. એક ઝ્યૂસ સિવાય સૌ બોજો વહે છે, કોઈ મુક્ત નથી.' ક્રેટોસ બોલ્યો.

'હા ભાઈ;' પ્રોમીથિયસને પગે પટ્ટા જડતો હેફિસ્ટસ બોલ્યો: 'આ જ, જો ને, એની સાબિતી!' પ્રોમીથિયસની સામે એણે જોઈ લીધું. એનો એક પગ બરાબર જડાઈ ગયો. બીજાનો પટ્ટો તૈયાર હતો. એ પગે બરાબર જકડી દઈ, પથ્થરમાં મારેલ ફાચર સાથે એને જડતાં જડતાં એનું શોકસંવિગ્નમાનસ પાછું ચલિત થયું. હાથ ચાલતો હતો, સાથે ચિત્ત પણ ચાલતું હતું: 'ગિરિઉન્નત વિચારોનો આ આદમી! એની કેવી દશા! દોસ્ત, તારે નિરવધિ કાળ સુધી બંદી રહેવાનું આ એકાન્ત

કરાડ પર, જ્યાં ક્યારે ય નજરે નહિ ચડે કોઈ માનવઆકૃતિ, કે કાને નહિ પડે કોઈનો ય અવાજ! સૂર્યનાં તાતાં તીર તારા તેજોમય દેહને પ્રજાળીને નિસ્તેજ કરી દેશે. ક્યારે રાત આવે ને એની તારકમય શ્યામલ ચાદરથી આ દાહક સૂર્યશરો ઢંકાઈ જાય એની તું રોજ દિવસે પ્રતીક્ષા કરીશ; ને રોજ રાત્રે થીજવી દેતાં હિમઆવરણને વિદારતા સૂર્ય-પ્રકાશના પ્રથમ પ્રસારની યે તું પ્રતીક્ષા કરતો રહીશ. પલટાતી પ્રત્યેક ઘડી તારે માટે તો અસહ્ય વેદના જ બની રહેશે.!' પગમાંના પટ્ટા સાથે સાંકળ જડાઈ ગઈ હતી. એનો બીજો છેડો પથ્થરમાંની ફાચર સાથે જોડતાં એણે એક નિસાસો નાખ્યો. ચિત્ત ચાલુ જ હતું: 'માનવની ભલાઈનો આ બદલો! તેં એમને બેહદ સન્માન્યા! એમને ખાતર તું દેવોને નારાજ કરતાં ય ના અચકાયો. એ માટે હવે આ કરાળ ભેખડ પર જડાએલા રહીને, મટકું ય માર્યા વિના, ઘૂંટણે ય ન વાળી શકાય એ સ્થિતિમાં તારે કાયમ રહેવાનું! તારો નિઃશ્વાસ પણ નિરર્થક જવાનો. કારણ, ઝ્યૂસ તો કઠણ કાળજાનો છે. નવું શાસન હમેશાં સવિશેષ કઠોર હોય.'

પગ બંધાઈ ગયા હતા. ઓજાર લઈને એ ઊભો થયો. એક મોટો નિસાસો એનાથી મુકાઈ ગયો. એની પાંપણો ભીની હતી. 'એને ખાતર તારે આમ પોચા થવાની શી જરૂર છે?' ક્રેટોસે કઠોર અવાજે કહ્યું. 'લોહીનો નાતો ને સ્નેહસંબંધ એમ જલદી તૂટતાં નથી.' હેફિસ્ટસ બોલ્યો.

'ચાલ હવે, જલદી કર. ઝ્યૂસની આંખ બધે ફરે છે તે જાણે છે ને? ચાલ, ઊંચે ચડ ને આની છાતીને જડી દે. જો, નિર્દય સર્પદન્તની જેમ અંદર ઊતરી જાય એવી, વજ્રની ફાચર જોરથી લગાવ.'

ફાચર મારતો હેફિસ્ટસ જાણતો હતો કે પ્રોમીથિયસ અમર છે; પણ અમરની પીડા યે અમર હોય!

'જોરથી..., હજી જોરથી..., હજી...' ક્રેટોસના બરાડા ચાલુ હતા.

'તું હવે બરાડતો મટીશ?' હેફિસ્ટસે પૂછ્યું.

'તે સિવાય તું ક્યાં કામ કરે એમ છે?' એણે ઉત્તર આપ્યો.

'જો આ; કામ પૂરું.' ને હેફિસ્ટસે ઓજારો એકઠાં કરવા માંડયાં. પછી એનો કોથળો પીઠે નાખી એણે ચલતી પકડી. બિયા પણ ગઈ. ક્રેટોસે કરડી આંખે મૂક પ્રોમીથિયસ સામે જોયું, પછી ચાલવા માંડયું; પણ પાછો અટક્યો, ને પ્રોમીથિયસ સામે જોઈ બોલ્યો: 'હવે ત્યાં રહ્યો રહ્યો ફુલાયા કરજે તારા અભિમાનથી. દેવહસ્તકની ચીજ માનવને પહોંચાડી દેવાનું શું ફળ મળે છે તે જાણ્યું ને? હવે જોઉં છું તારો માનવ તને આ વજ્રબંધથી શી રીતે છોડાવે છે તે.' ક્રૂર હાસ્ય સાથે એણે ઉમેર્યું; 'પ્રોમીથિયસ'...'દૂરંદેશી'! વાહ! શું નામ છે! દૈવને જાણનાર, આ બંધને કાપવાની યુક્તિ તું કેમ જાણે છે તે કહીશ?' ને ભયંકર અટ્ટહાસ્ય સાથે એ ત્યાંથી વિદાય થયો.

એના અટ્ટહાસ્યના પડઘા પ્રોમીથિયસના ચિત્તને શારડીની માફક કોરી રહ્યા. એણે ઊંચે જોયું; આકાશ ચૂપ હતું. એણે સાગર સામે જોયું; એ હતો એની તાનમાં મસ્ત. પવનોને ય જાણે પડી નહોતી. પૃથ્વી યે શૂનમૂન હતી. એને આ અસહ્ય લાગ્યું. એ પુકારી ઊઠયો:

> ઓ ઘૌ-દેવતા!...પવનો ઓ પાંખાળા!
> નિત્ય નિખરતી સરિતાઓના આદિતમ ઓ સ્રોત!
> જીવિત માત્ર તણી હે જનની ઓ મુજ પૃથ્વી માત!
> ઓ સાગરની અનંત વીચિમાળાના નિત હાસ!
> તમને, ને આ જગના ચક્ષુ સૂરજને હું વિનવું:
> આવો, ને નીરખો દેવોની નૃશંસતા સાક્ષાત્!
>
> ગતિહીન થૈ થીજેલું અહીં ચક્ર કાળનું ભાળો!
> અંતહીન ભીષણતા સામે મુજને મથતો ન્યાળો!
> જુઓ, તમારો સ્વર્ગદેવતા, સૌના યે આધાર!
> એણે નિર્મ્યું નવતર મારે કાજ યાતનાગાર!
>
> જે મુજ પે વીતી છે, ને હજી યે જે છે વીતનાર
> પીડાઓ સઘળીથી કણસું! કો શું નથી ઉગાર?
> એકાકી, નિઃશ્વાસ નાખતાં દીર્ઘકાલ શું જાશે?
> ઉદિત થાય ત્યારે સાચો મુજ તારક આ આકાશે!

વળી એને થયું કે આ નિરાશા, આ લાચારી ખંખેરી નાખવી જોઇએ. એણે જ પોતાની જાતને ઠપકો આપવા માંડયો:

> મારે મુખેથી વસમા પડે સરી
> આ શબ્દ કેવા!
> શું બોલું છું હું! ઘટના બધી યે
> ભવિષ્ય કેરી સહુ સ્પષ્ટ જોતો;
> અંધારમાં ના કદી રાખીને મને
> ફાવી શકે કોઈ અનિષ્ટ મારું યે!
>
> જાણીને વેઠવાનું છે મારે તો હ્યાં સદાય તે!
> નથી કો અવરોધી યે શકતું અનિવાર્યને!
>
> ભાવિમાં જે લખ્યું છે તે વેઠવાનું જ હોય તો
> ભારે હૈયું કર્યું મિથ્યા!
>
> પૂર પ્રારબ્ધનાં સામે ઝૂઝવું યદિ વ્યર્થ છે,
> તો સહતે જતે જાતે ઝૂરવું પણ વ્યર્થ છે.
> કેવો આ જોતરાયો છું
> યાતના સાથ આજ હું!'

ઊડીને આંખ આડે આવેલ વાળ ઠીક કરવા એણે માથું ઉછાળ્યું. પળભર એને ઠીક લાગ્યું. પાછું એનું ચિત્ત વિચારમાં ડૂબ્યું: 'મારો વાંક શો? પ્રચંડ અગ્નિપુંજને બરુની સળીમાં ભરીને મેં માનવોને એ વિરાટ શક્તિના અધિકારી કર્યા; એનું આ ફળ! એ શક્તિ એમની જીવનદાતા બની, એમની કલાઓનું વિકાસબીજ બની. એ મારા 'અપરાધ'ની આ સજા?! ઉઘાડું આકાશ ઓઢીને, યુગો સુધી મારે અહીં ખોડાએલા રહેવાનું!

ત્યાં એની વિચારધારા થંભાવી દેતો કો મધુર મર્મર સંભળાયો. એને અંગે કોઈ સુગંધી સ્પર્શ લેપતું હતું! પરિમલનો જાણે ક્યાંકથી પ્રગટેલો પ્રવાહ એને ભીંજવીને વહેતો હતો! દેખાતું કશું નથી, પણ અનુભવાય છે, સંભળાય છે! સહસ્ર કુમળાં પંખીઓની પાંખો સાથે પવને શું ગુફ્તેગો માંડી છે? 'પાછું કંઈક અણધાર્યું બનશે કે શું?' પ્રોમીથિયસને ફાળ પડી. પણ એનો જીવ તરત જ હેઠો બેઠો. ત્યાં આવી ચડયો હતો એક વિરાટ પાંખાળો રથ, ને એમાં આરૂઢ હતી જળ-પરીઓ. એમાંની મોટી જરા ચિબાવલી હતી. એ બોલી: 'ડરશો ના, હાં! અમે સ્વજનો છીએ.' રથ છેક પાસે આવ્યો ને એણે આમને ઓળખી. 'સ્વજનો' સાચાં. બેવડો સંબંધ: એક તરફથી આ ભત્રીજીઓ કહેવાય (પ્રોમીથિયસના પિતા યાપેટસના ભાઈ ઓશનસની આ પુત્રીઓ હોવાથી); જ્યારે બીજી તરફથી સાળીઓ ય ખરી(ઓશનસની પુત્રી હિસ્યોનીને પોતે પરણેલો હોવાથી).

'પણ તમે?...'

'આ ધડાધડ ધડાધડ થતું'તું તે અમારી જળગર્ભગુફા ધ્રૂજી ઊઠી. થયું: લાવો, જોઇએ, શું છે? પિતાજીની રજા લેવા જઇએ ને એ કદાચ ના પાડી બેસે. એટલે અમે તો એમનેમ ઝટપટ અડવાણે પગે રથે ચડી બેઠાં...પણ, અહીં તમે હશો...ને...આ...'

'જોઈને મારી દશા?'

'નવા શાસકના નવા ધારા. જૂનાને એ કનડયા વિના ન રહે.'

'આના કરતાં મને પાતાળે ચાંપી દીધી હોત તો સારું હતું. જે તે મારી

દયા તો ન ખાત! અહીં તો મારા વેરીઓને મજાકનું સાધન મળ્યું છે! સૌ હસે છે.' ક્રેટોસનું પેલું ક્રૂર અટ્ટહાસ્ય એના ચિત્તમાં પાછું પડઘાઈ રહ્યું.

'ના, ના, પ્રોમીથિયસ! તારી આ દશા જોઈને તો, ઊલટું, સૌને દુઃખ થાય. હા, કદાચ ઝ્યૂસ રાજી થતો હશે.' મોટી બોલી.

પ્રોમીથિયસે ઉત્તર વાળ્યો: 'ભલેને થાય. હું જાણું છું. એને યે મારી જરૂર પડશે. એના શાસનને કોણ ઉથલાવશે તે હું જાણું છું. એનો મમત મૂકી, મારી પાસે આવી, એ જ્યાં સુધી મને પૂછશે નહિ, મને મુક્ત કરશે નહિ, ત્યાં સુધી હું એને એ વાત કરવાનો નથી.'

પ્રોમીથિયસના અવાજમાં નિશ્ચયભરી ખુમારી હતી. જળદેવીઓને તો એમાં તુમાખીના તણખા લાગ્યા. એમણે શંકા પ્રગટ કરી: 'ઝ્યૂસ તે કદી કોઈથી નમે? અશક્ય!' પણ પ્રોમીથિયસને ખાતરી હતી: 'જોજો ને, એ ય દોસ્તીનો હાથ લંબાવે છે કે નહિ.'

પ્રોમીથિયસની આ દશા જોઈ જળદેવીઓને દયા પ્રગટી. આમ કેમ બન્યું એ જાણવા સૌ ઉત્સુક હતાં. ત્યારે પ્રોમીથિયસ એ વાત ટાળીને કોઈ બીજી રહસ્યભરી વાત કરતો હતો! એટલે મોટીએ સ્પષ્ટતા કરવા કહ્યું: 'આ દશા તમારી એણે કેમ કરી તે તો કહો.'

'કહું?... કહું તો શબ્દો કઠે, ને ન કહું તો મૌન, એવી દશા છે? તમે જાણો છો કે દેવોમાં બે તડાં પડયાં ત્યારે મેં તો ટિટાનોને ય સલાહ આપી કે ભાઈ, બળની વાત છોડી દો. એ ન માન્યા. એટલે મેં દેવોને પણ એ જ સલાહ આપી. વિજય કેવળ દંડશક્તિથી ન મળે, ભેદથી મળે. બળથી નહિ, કળથી મળે. યુક્તિ વિનાની શક્તિ નકામી છે. ઝ્યૂસને ગળે વાત ઊતરી. મેં એનો પક્ષ લીધો. ક્રોનોસ પાતાળે ચંપાયો. ઝ્યૂસ જીત્યો. પછી એનું શાસન સ્થપાયું. પણ મને, મિત્રને ય, એ શંકાથી જોતો થયો! સર્વ શાસકો શંકાના મહારોગથી પીડાય છે જ.'

'પણ તમને આવી આકરી સજા કરવાનું કારણ?' મોટીને જાણવાની ઉતાવળ હતી.

'શાસન પર આવતાં જ ઝ્યૂસે માનવજાતનો વિધ્વંસ કરવાનો નિર્ણય લીધો. મેં એનો વિરોધ કર્યો.' 'દેવનિર્ણયનો વિરોધ?'

'ના, વિધ્વંસનો વિરોધ. મેં દયા બતાવી, એના બદલામાં એણે મને જ દયાજનક બનાવ્યો!'

'ખરેખર, સામું જોતાં ય કંપારી છૂટે છે! તમે અહીં આ સ્થિતિમાં છો એની ખબર હોત તો અમે આવતાં ય અચકાત. તમે આટલું જ કર્યું, એનો આવડો મોટો દંડ!'

'ના. મેં બીજું યે એક કામ કર્યું.' 'શું?'

'કોઈ માનવી નજરે, અગાઉથી, ક્યારે યે મૃત્યુ ન ચડે એમ મેં કર્યું.'

'કેવી રીતે?'

'એમનાં અંતસ્તલમાં મેં પ્રખર જિજીવિષા ચોપી દીધી, પરમ આશા વાવી.' 'એ તો મોટું વરદાન.'

'એથી યે મોટું વરદાન—મેં એમને અગ્નિ આપ્યો.'

'શું?! માનવોને!? દેવોનું દ્યુતિપુષ્પ?'

'અનેક કારીગરીનું વિકાસબીજ.'

'તમે ભૂલ તો કરી, પણ...'

'ભૂલ? મેં? કબૂલ. પણ મેં આ "ભૂલ" અજાણ્યે કરી નથી; જાણી જોઈને, હેતુપૂર્વક કરી છે, નિશ્ચયપૂર્વક. માનવોને સહાય કરવા. ને, ભૂલ હોય તો ય આવી સજા?' 'પણ...'

'આખી વાત સાંભળવી હોય તો હેઠાં ઊતરો: આવો.'

ને જળપરીઓ આકાશી સુંવાળા માર્ગેથી આ ખરબચડા ખડક પર ઊતરી, પ્રોમીથિયસની સામે નાનાં નાનાં જૂથોમાં બેઠી: 'આનો કોઈ ઉપાય? આવું દુઃખ ક્યાં સુધી?' તરત મોટીએ પ્રશ્ન કર્યો.

પ્રોમીથિયસ બોલ્યો: 'દુઃખ? દુઃખ તો એક મુસાફર છે. એ વહેલે-મોડે પણ સૌની ખબર લઈ જાય છે ને ભેટમાં આપતો જાય છે વેદના!' પ્રોમીથિયસની વાત સાંભળવા જળપરીઓ જરા વધારે નજીક આવી. ત્યાં દૂરથી પાંખાળો ઘોડો આવતો દેખાયો, એટલે એ પાછી દૂર ઊડી ગઈ.

'કોણ હશે?' પ્રોમીથિયસે પૂછયું. ત્યાં તો એ આવી પહોંચ્યો: સાગરદેવ ઓશનસ. પ્રોમીથિયસનો શ્વસુર. થોડું કર્યે ઝાઝું દેખાડવાની એને આદત હતી. લાગણીના પ્રદર્શનની એને સારી ફાવટ હતી. ઊર્મિના એવા ઉછાળા એ બતાવે કે લોક તણાઈ જાય. દેવોના યુદ્ધમાં એ જ એવો દક્ષ નીવડયો જે તટસ્થ રહ્યો; ને એ જ કારણે ઝ્યૂસના નવા શાસનમાં પણ એનું રાજ્ય ને એનું સ્થાન જેમનાં તેમ રહ્યાં હતાં.

એણે આવતાંવેંત શરૂ કર્યું: 'આપણે તો ભૈ જાણ્યું એવું તરત અહીં આવી પહોંચ્યા. મારે આ વાહનનું સુખને! નહિ લગામ-બગામ કે કશાની માથાકૂટ! બસ, ઇચ્છયા કે તરત પહોંચાડે! ને, હું તો, સાચું કહું? સગાં એ જ સાચાં; બાકી બધાં ઠીક મારા ભૈ. ને તેમાં ય મને તમારે માટે વધારે દાઝે. ખોટું નહિ કહું. ખુશામત સ્વભાવમાં જ નથી. અહીં તો સાચું કહેવાવાળા. આપણે તો જેનું દાઝે એની મદદે તરત પહોંચી જવાના. પૂછવા રહે એ બીજા! આવે વખતે માણસ કામ ન આવે ત્યારે કયારે આવે, હેં? સાચું કે'જો.'

ઉત્તર વાળ્યા વિના પ્રોમીથિયસનો છૂટકો નહોતો: 'મારી આ દશા જોવા તો નથી પધાર્યા ને, મુરબ્બી?'

'અરે હોય? આ તો મને થયું કે તમને બે વેણ શિખામણનાં આપું ને બને તે મદદ કરું?' 'બોલો.'

'જુઓ, તમે તો સમજુ છો. જેવો રાજા એવી ચાલ, સમજ્યા? આ નવું શાસન છે, તો આપણે સમયને પારખીને ચાલવું, બીજું શું? હેં! ગુસ્સો ઝાઝો ન કરીએ. ને આ તો પાછો ઝ્યૂસ! સર્વવ્યાપી! એ તો બધું ય સાંભળે. આટલું દુઃખ છે એમાં કડવું બોલીને વધારો ના કરવો. શું? ને, મારું માનો તો, આ કડકાઈ છોડો. નરમ થાવ, ને મુક્તિ માગો. મોટાની આગળ નમવામાં વળી નાનમ શાની? સર્વસત્તાધીશની પ્રાર્થનામાં તે વળી હીણપત ગણાય? હેં! તમને મારી વાત ગળે ઊતરે છે ને?'

પ્રોમીથિયસ ચૂપ રહ્યો એટલે એમણે આગળ ચલાવ્યું: 'જુઓ, આ તમારાં આકરાં વેણનું જ પરિણામ છે ને? આપણે જીભ મીઠી રાખવી. એમાં આપણું જાય શું? હેં! જુઓ આટલું કરો. શાંત રહો. ટાઢા પડો. ક્રોધ છોડો. ને હું જાઉં છું અબઘડી ઝ્યૂસ પાસે. જોઉં કોઈ રસ્તો નીકળે તો. પણ ભલા થઈને મગજ ના ગુમાવતા.'

આટલી વેદના વચ્ચે ય પ્રોમીથિયસથી હસ્યા વિના ન રહેવાયું. બોલ્યો: 'તમારી તો, મુરબ્બી, ઈર્ષ્યા આવે એમ છે.' 'કેમ?'

'આ મળવા તમે આવ્યા તે ઝ્યૂસને તમારા પર શંકા નહિ જવાની? પણ... ઝ્યૂસનું ભલું પૂછવું, હો! અત્યારે એ મારા પર એટલા કુપિત છે કે મારા પર કૂણી લાગણી બતાવનારને પણ એ દાઢમાં લીધા વિના ન રહે.'

ઓશનસ અંદરખાનેથી તો ભડકી ઊઠયો. પ્રોમીથિયસની વાત એને સાચી લાગી. પણ બહારથી એણે જુદો જ દેખાવ કર્યો: 'તમે ય શું ભલા માણસ! તમે તમારી જ ચિન્તા કરો ને! મારું હું ફોડી લઈશ. આ...હું કહું ને, તો ઝ્યૂસ તમને છોડી મેલે. મારું વેણ એ પાછું ના ઠેલે. હું એક આંટો ત્યાં જઈ તો આવું.'

પ્રોમીથિયસને લાગ્યું કે આ લપને વળાવવી જ રહી. એણે ઝ્યૂસની ક્રૂરતાનાં ઉદાહરણો આપવા માંડયાં: 'આપની લાગણીને મારી કમાણી ગણું છું, મુરબ્બી. પણ મને મદદ કરતાં આપ મુશ્કેલીમાં મુકાઓ એમ હું નથી ઇચ્છતો. ભયને રસ્તે ચાહીને જવાનો અર્થ શો? હું વેઠું છું તે કાંઈ ઓછું છે, તે પાછાં મારાં સ્વજનો ય વેઠે? હું ઇચ્છું કે સૌ આથી અળગાં રહે. ઝ્યૂસ કોઈની શિખામણ સાંભળે (અનુ. પૃ. ૨૪૨)

ગુજરાતી ભાષાના મહાકોશ 'ભગવદ્ગોમંડળ'ના સર્જક · ગોંડલ મહારાજા

ભગવતસિંહજી

[૫] વિશિષ્ટ વ્યક્તિચિત્રો

લેખક
મુકુન્દરાય પારાશર્ય



ભારતની 'સ્વતંત્રતા માટે જેમ આપણે બ્રિટિશ સલ્તનત સામે મોરચો માંડેલો તેમ થોડેઘણે અંશે દેશી રજવાડાં સામે પણ ચળવળ શરૂ કરેલી. મુખ્ય લડત સરકાર સામે છે અને એ લડત સરખી લડીએ તો દેશી રાજાઓ સાથે કામ લેવામાં કોઈ હરકત નહિ આવે, એવું ગાંધીજી માનતા તથા સમજાવતા, છતાં શિક્ષિત વર્ગમાં, લોકશાહી તરફના આવેગને કારણે, રાજાશાહીનો અંત લાવવાની વૃત્તિ ઈ. ૧૯૨૧ થી જોર પકડતી ગએલી. જુદાંજુદાં દેશી રાજ્યો વિરુદ્ધ છાપામાં ખાસ લખવામાં આવતું. તેવાં છાપાં બ્રિટિશ હિંદમાં છપાતાં તથા તંત્રીઓ બ્રિટિશ હિંદમાં રહેતા. એ સ્થિતિમાં પોતાના રાજ્યમાં ચળવળ દાબી દેનારાં દેશી રાજ્યો પોતાના રાજ્યમાં તેવાં છાપાંઓ આવવા પર પ્રતિબંધ મૂકી શકતા, છતાં રાજ્ય વિરુદ્ધ ફેલાતા પ્રચારને રોકી શકતાં નહિ. વળી, તંત્રીઓ કે લેખકો, હિંદીઓ હતા, એટલે તેમનાં લખાણોને આધાર રૂપ ગણાવી, દેશી રજવાડાંના ખુલાસા માગી, કનડગત કરી તેમને દબાવવાનું સરકારને વધુ ફાવતું. બ્રિટિશ સરકારની એ કરડી નજરથી બચવા અમુક રજવાડાં પ્રજા પર આકરે હાથે કામ લેતાં.

આમ દેશી રાજ્યકર્તાઓ બેવડી ભીંસમાં રહેતાં છતાં તેમાંના કોઈ કોઈ પોતાના રાજ્યની આબાદીનું ધ્યાન રાખતા. એ ન તો ચળવળને નમતું આપતા કે ન પરદેશી સરકારથી દબાતા. રાજ્યનું શ્રેય સાધવા સાથે સરકારને બચક આપ્યા વગર કુનેહથી કામ લઈ, સ્વમાન જાળવીને સફળતાથી વર્તતા એવા રાજવીઓમાં ગોંડલ મહારાજા ભગવતસિંહજી (જન્મ ઈ. ૧૮૬૫, અવસાન ૧૯૪૫) એક હતા. એમની આ વાત છે.

ગોંડલ ઠાકોર સંગ્રામસિંહજી તથા તેમનાં રાણી મોંઘીબા સ્વામીનારાયણ પંથનાં હતાં. તા. ૨૪-૧૦-૧૮૬૫ના રોજ જન્મેલા પોતાના પુત્રનું ભગવતસિંહ નામકરણ તેઓએ સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી પાસે કરાવેલું. એ પુત્ર ચાર વર્ષની વયના થયા ત્યાં ઠાકોરશ્રી સંગ્રામસિંહ દેવ થયા અને ભગવતસિંહ સગીર હોવાથી રાજ્ય રાજકોટ એજન્સીના વહીવટ હેઠળ મુકાયું. અંગ્રેજ સત્તાને અધીન રહી ભગવતસિંહજીનો અભ્યાસ રાજકોટની રાજકુમાર કૉલેજમાં થયો, છતાં તેમની કેળવણીમાં માતા મોંઘીબાએ જાતે રસ લીધેલો. એ વખતના રાજકારણમાં તે ઘણાં બાહોશ અને વિચક્ષણ સન્નારી ગણાતાં.

ઈ. ૧૮૮૩માં કૉલેજ શિક્ષણ પૂરું કરી ભગવતસિંહજીએ યુરોપની સફર કરી. અને ૧૮૮૪માં ઉંમરલાયક થતાં ગાદીએ આવ્યા. માતાની કેળવણીથી મહત્ત્વાકાંક્ષાનાં બીજ તો નાનપણથી જ તેમનામાં રોપાયાં હતાં. ઉપરાંત યુરોપની યાત્રાને કારણે પરદેશોની પ્રગતિ પ્રત્યક્ષ જોઈને તેમને પોતાને વધુ જ્ઞાન મેળવવા ઇચ્છા થઈ, ને રાજ્યકારભાર દીવાનને સોંપી ઈંગ્લૅંડ ગયા અને સ્કૉટલૅન્ડની એડિનબરઅ યુનિવર્સિટીમાં તબીબી અભ્યાસ કરી એમ. ડી. થયા. તે અંગે તેમણે ભારતીય રસાયનશાસ્ત્ર પર સંશોધન-મહાનિબંધનો જે ગ્રંથ પ્રકટ કર્યો તે તદ્વિદોમાં ઘણી પ્રશંસા પામ્યો. તેની કદર રૂપે મુંબાઈ યુનિવર્સિટીએ તેમને ફેલોની, એડિનબરઅ યુનિવર્સિટીએ એલએલ. ડી. તથા એફ. આર. સી. પી.ની, તેમ જ ઑક્સફર્ડ યુનિવર્સિટીએ ડી. સી. એલ.ની માનભરી પદવીઓ આપેલી. બ્રિટિશ સરકારે રાજકીય સંદર્ભમાં તેમને જી. સી. આઈ. ઈ.નો ખિતાબ આપેલો એ વાત ભલે મહત્ત્વની ન ગણીએ.

ગોંડલ રાજ્ય નાનું હતું. તેનું ક્ષેત્રફળ ૧૦૨૪ ચો૦ માઈલ હતું. તેમાં ૧૭૫ ગામ હતાં. આવડા રાજ્યને જાતદેખરેખથી આબાદ બનાવવા તેમણે પ્રયત્ન કર્યો. પોતાનું રાજ્ય યુરોપના પ્રગતિશીલ ધોરણ ઉપર એક આદર્શ રાજ્ય બને એ એમનું જીવનભરનું ધ્યેય હતું. તેથી રાજ્યના છેવાડા સુધીના દરેક ગામે શાળા, દરબારી ઉતારો, પાકો કૂવો, ઢોર માટે અવેડો, પાકી સડક તેમ જ અમુક ગામે આજુબાજુનાં નાનાં ગામડાંને સાંકળી લે તે રીતની ટેલિફોન સગવડ તેમણે કરાવી આપેલી. અન્ય દેશી રાજ્યો તો શું પણ ખુદ બ્રિટિશ હકૂમત તળેના વિસ્તારોમાં પણ આવી અને આટલી સગવડ ન હતી. ઉપરાંત તેમણે રાજ્યમાં લાખો ઝાડો વવડાવી પ્રદેશને રળિયામણો કર્યો. અઢાર વર્ષની વયે યુરોપની મુસાફરી દરમિયાન ઇંગ્લૅંડમાં કેમ્બ્રિજની મુલાકાતે જતાં તેમણે રસ્તાની બન્ને બાજુ સુંદર વૃક્ષો જોએલાં અને તેની વચ્ચેથી જતા માર્ગનું સૌંદર્ય તેમની આંખમાં વસી ગએલું. (યુરોપની એ મુસાફરીની તારીખવાર નોંધ તેમણે જાતે લખી છપાવી છે.) મૌર્ય સામ્રાજ્યના સમયમાં મૌર્ય રાજાઓએ રાજ્યના ધોરી માર્ગો પર વૃક્ષો વવડાવેલાં ને ધર્મશાળાઓ ઊભી કરેલી તે ઇતિહાસમાં વાંચેલું. આથી તેમણે પોતાના રાજ્યના બધા રસ્તાઓ પર બંને બાજુ લાખો વૃક્ષો વવડાવ્યાં અને કાળજી રખાવી ઉછેર્યાં. તેમનાં થડને રંગી દરેક ઝાડ પર સંખ્યાંક લગાડી તેનું રજિસ્ટર રખાતું. ભરવાડોથી બકરાંને ખવડાવવા એ વૃક્ષોમાંથી પાલો તોડાતો નહિ એટલી ખબરદારી રખાતી. આજે પણ જૂના ગોંડલ રાજ્યના રસ્તાની બન્ને બાજુએ ઝૂકેલાં લીલાં ઝાડો, રોજબરોજ ભરવાડો તેમને ઝૂડી નાખતા હોવા છતાં, બીજા પ્રદેશથી એ પ્રદેશને જુદી શોભા અપાવે છે.

વળી તેમણે વિઘોટીની પ્રથા દાખલ કરી ખેતીનો વિકાસ સાધ્યો. ખેડૂતોને સર્વ પ્રકારના કરવેરાથી મુક્ત કર્યા. આખા ભારતમાં ગોંડલના ખેડૂત જેટલો સુખી ખેડૂતવર્ગ કોઈ રાજ્યમાં કે બ્રિટિશ હિંદમાં ન હતો. સામાન્યતઃ દરેક રાજ્ય પોતાની આવક વધારવા જકાત નાખે જ છે. પણ એ કાળમાં એમણે જકાત માફ કરી વેપારઉદ્યોગને ઉત્તેજન આપ્યું. કેળવણીના ક્ષેત્ર પર તો તેમણે ખાસ ધ્યાન આપેલું. તેમણે તૈયાર કરાવેલી વાચનમાળાના ભાવનામય પાઠો વાંચવાથી, તે કેવી પ્રજા તૈયાર કરવા માગતા હતા તેનો ખયાલ આવે છે. પૂનાની ફર્ગ્યુસન જેવી કૉલેજને સખાવત કરતી વેળા, ગોંડલ રાજ્ય મોકલે તે બે ફ્રી વિદ્યાર્થીને દર વર્ષે કૉલેજે દાખલ કરવા તેવી શરત મૂકેલી, જેને પરિણામે તે કૉલેજમાંથી ગોંડલના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકેલા. તેમણે જાતે રસ તથા શ્રમ લઇને તૈયાર કરાવેલો શબ્દકોષ-ભગવદ્ગોમંડળ, તેમણે કરેલી ભાષાની સેવા તથા વિકાસ માટેના યત્નનો પુરાવો છે. એ શબ્દકોષ માટે નવો શબ્દ અથવા નવો શબ્દાર્થ પૂરો પાડનારને ત્યારે શબ્દ દીઠ એક આનાનો પુરસ્કાર આપવામાં આવતો રાજ્યમાં લૂંટચોરીના બનાવો બનતા નહિ એટલું જ નહિ પણ મારામારીના, ટંટાફિસાદના કે બોલાચાલીના પ્રસંગો, આજને મુકાબલે હતા જ નહિ એમ કહીએ તો અતિશયોક્તિ નથી. પ્રજાનું સ્વાસ્થ્ય સુધારવા તેમણે ઘણી જહેમત ઉઠાવેલી. આયુર્વેદ પ્રત્યે તેમને પક્ષપાત હતો. આજની ગોંડલ રસશાળાની સ્થાપના તથા વિકાસ પાછળ તેમનો હિસ્સો ઘણો હતો.

ગોંડલનો 'કૈલાસબાગ' એ તેમનું આગવું સર્જન છે. વૃક્ષો ઉછેરવા સંબંધમાં તથા જીવસૃષ્ટિને કૃત્રિમ વાતાવરણમાં જીવનભર રાખી તેમની પાસેથી કામ લેવા બાબતમાં, ભગવતસિંહજીએ અઢાર વર્ષની ઉંમરે નોંધેલી નીચેની વાત તેમનું નાનપણથી સ્પષ્ટ દૃષ્ટિબિંદુ રજૂ કરે છે:

'તા. ૧૭મી જૂન, ૧૮૮૩. બપોરે અમે ક્યુ ગાર્ડન્સ તરફ ગયા. કેટલાએક ઉષ્ણ પ્રદેશની વનસ્પતિ માટેનાં ગૃહો સુવ્યવસ્થિત હતાં, તેમ જ બધાં સ્થાનની સારી સંભાળ લેવાતી હતી. પરંતુ બીજા બાગોની માફક મને તે ગમ્યો નહિ. પ્રત્યેક છોડને પોતાના નૈસર્ગિક વિકાસ માટે અનુકૂળ જમીન તેમ જ આબોહવા હોય છે. જુદા જ વાતાવરણમાં થતા છોડને કૃત્રિમ ઉપાયો વડે ઉછેરવા તેમજ બળજોરી અને જુલમ વડે તેની પાસે ફળો પકવવાં, એ મારા મનને પ્રશંસાપાત્ર ન લાગ્યું. વૈજ્ઞાનિક દૃષ્ટિએ તે એક ભલે મહત્ત્વનું કાર્ય હોત, પરંતુ એ બધું છતાં તે સ્વાભાવિક નથી. કુદરત અને કળા માટે મારા ખયાલ પ્રમાણે પોતપોતાનાં નિરનિરાળાં કાર્યો નિર્માણ થએલાં છે. તે બંનેની વચ્ચે વાજબી અંતર રાખવામાં આવે ત્યાં સુધી જ તેમની ખૂબીઓ જળવાઈ રહે છે. કુદરતની પવિત્ર મર્યાદા ઉપર કળાને આક્રમણ કરવા દેવામાં આવતાં, મને ભય રહે છે કે, તે પોતાનું આકર્ષણ ગુમાવશે.'

સમગ્ર ભારતની પ્રજા પ્રત્યેની તેમની ભાવના સક્રિય રહેતી. ઈ. સ. ૧૯૩૪ના બિહારના ભૂકંપ વખતે બિહારવાસીઓને મદદ માટે પોતાના રાજ્ય તરફથી એક લાખ રૂપિયાની સહાય તેમણે કરેલી.

દેશી રાજાઓને અંગ્રેજો દ્વારા અપાતા શિક્ષણને પ્રતાપે ઘણે ભાગે રાજાઓ મોજશોખમાં ગુલતાન રહેતા અને ઉડાઉ થતા. તેમાં જે થોડાક અપવાદો હતા તેમાં ભગવતસિંહજી એક હતા. તેમનું જીવન નિરતિશય સાદું હતું. પરદેશમાં રખડવાનું તો બાજુએ રહ્યું, પણ પ્રયોજન વિના ભારતમાં કે રાજકોટ સુધી યે રાજ્ય છોડીને તે જતા નહિ. રાજકોટમાં પોલિટિકલ એજંટની કોઠી હતી, ત્યાં જવાનું થતું ત્યારે યે પોતાનો પહેરવેશ બદલતા નહિ, જિંદગીભર એક ચોક્કસ માર્કાના સેનાની સફેદ સુરવાલ, સફેદ પહેરણ, સફેદ કબજો ને અંગરખું; ને માથે લવંડર રંગની પાઘડી: આ પોતાનો સ્વદેશી ને સાદો પોશાક યુવાવસ્થાથી તે જીવનના અંત સુધી રાખ્યો, કદી બદલ્યો નહિ. તેમનો ખોરાક પણ સાદો અને પૌષ્ટિક હતો. સ્વાદ માટે તે કદી ખાણા પર બેસતા નહિ ને લેતા નહિ. તેમનો આવાસ પણ તેમની સગીર વય દરમિયાન અંગ્રેજ ઍડમિનિસ્ટ્રેટર માટે બંધાવેલા નાના બંગલામાં જ આખર સુધી રહેલો. જાતે નિતાંત કરકસરથી રહેતા અને રાજ્યના દરેક ખાતામાં પૂરી કરકસરથી કામ થાય તેની કાળજી રાખતા, તે એટલે સુધી કે પોતે જે પેન્સિલ વાપરતા તે બે આંગળી વચ્ચે પકડવી મુશ્કેલ બને તેવડી—એક ઈંચથી યે ટૂંકી થઈ જાય ત્યાં સુધી વાપરતા. એમના સાઠ વર્ષના અમલ દરમિયાન ધીમેધીમે મોટરોનો ઉપયોગ વધી ગએલો છતાં પોતે તો મોટે ભાગે વિક્ટોરિયા કે લૅન્ડો ગાડીમાં જ ફરતા. છેવટના ભાગમાં માત્ર એક જ નાની મોટર રાખેલી. એમની સાદાઈ એમને શોભાસ્પદ લાગતી તેમ કોઈ કોઈ અંગ્રેજ અમલદારને પણ લાગતું.

અંગ્રેજો સાથે એ મૈત્રીભાવે વર્તતા. પણ સાથેસાથ એટલા સ્વમાનથી રહેતા કે પ્રસંગ આવ્યે બ્રિટિશ અમલદારોથી પણ દબાયા વગર પોતાના રાજ્યહિતમાં જ વર્તતા. એવા થોડા પ્રસંગ:

ઈ. સ. ૧૯૩૯ થી '૪૫ના બીજા વિશ્વયુદ્ધ વખતે ભારતમાં 'વૉર ફ્રંટ' ખાતાના પ્રધાન તરીકે ફ્લાઈટ લેફ્ટેનંટ કૅપ્ટન બ્રાન્ડિઝ હતા. તે આખા કાઠિયાવાડમાં દરેક રાજ્યમાં ફરેલા અને યુદ્ધપ્રચારના કાર્યનું નિરીક્ષણ કરેલું. પછી રાજકોટમાં પોલિટિકલ એજંટ સાથે ચર્ચા કરતાં તેમને લાગ્યું કે ગોંડલ રાજ્યમાં મિત્રરાજ્યો, ને તેમાં ખાસ કરી અંગ્રેજો, જે લોકશાહી માટે ભોગ આપી રહ્યા છે તેનો જોઈતો પ્રચાર થતો નથી. બ્રિટિશ સરકાર તરફથી પ્રકટ થતા 'વૉર ગૅઝેટ'ની ફક્ત બે જ નકલો ગોંડલ લે છે. તેને બદલે સોએક નકલ ત્યાં મોકલવી જોઈએ. આ હેતુથી તેમણે અગાઉથી ખબર આપી પોતાના ખાસ સેક્રેટરી મિ. ઈશ્વરલાલ દોશીને ગોંડલ મહારાજાને મળવા મોકલ્યા. મિ. દોશીને લેવા સ્ટેશને વાહન આવ્યું ને તેમને ગેસ્ટ હાઉસમાં ઉતારો આપ્યો. ગેસ્ટહાઉસમાં આવી મિ. દોશીએ ચા પી લીધી કે તરત કર્મચારીએ કહ્યું: 'હજૂરશ્રી આપને મળવા માટે રાહ જુએ છે, અને એમના બંગલે પધારવા માટે આપને માટે વાહન તૈયાર છે.'

મિ. દોશી તરત હજૂર બંગલે ગયા. મહારાજાએ એમને આદરમાન દીધું. મિ. દોશીએ સરકારી વફાદાર નોકર તરીકે અંગ્રેજ રાજ્યનો યુદ્ધ પાછળનો હેતુ તથા કામગીરી કહી બતાવી તેમજ કૅપ્ટન બ્રાન્ડિઝને ગોંડલમાં યુદ્ધપ્રચાર માટે કંઈ કામ થતું નથી તેમ લાગે છે તેમ જણાવ્યું, અને વૉર ગૅઝેટની રાજ્ય ફક્ત બે જ નકલ ખરીદે છે તે વાતનું આશ્ચર્ય વ્યક્ત કર્યું, મહારાજા પોતાની વાત કાળજીપૂર્વક નિરાંતે સાંભળતા હતા તેથી તેમણે માન્યું કે પોતાની ગોંડળની મુલાકાત સફળ થશે.

તે બોલી રહ્યા પછી મહારાજાએ કહ્યું: 'આ રાજ્યની પ્રજા મહારાણી વિક્ટોરિયાના સમયથી સરકારને વફાદાર છે. અહીં કોઈ પ્રકારની ચળવળ પણ નથી. મને રાજ્ય કરતાં સાઠ વર્ષ થવા આવ્યાં. મેં જોયું છે કે રાજકોટ કે મુંબાઈ-કલકત્તા વગેરે સરકારી શહેરોમાં તકેદારી રાખવા છતાં જોવામાં આવે છે એવી ચળવળ કે જાગૃતિ ગોંડળની પ્રજામાં નથી. રાજકોટ બાજુમાં જ છે, છતાં ત્યાં જે છે તેની અસર સુધ્ધાં આ રાજમાં ક્યાં યે નથી. ગોંડલ રાજ્યની પ્રજા અભણ છે. સંતોષી છે તે સાથે સમજુ ને વફાદાર છે. એટલે આ રાજ્યમાં યુદ્ધપ્રચાર કરવો જરૂરી નથી. છતાં જો કરીશું તો ભોળી પ્રજાને ઊલટું એમ થશે કે આવો પ્રચાર કરવા પાછળ શું કારણ હશે? એટલે અહીં પ્રચાર કરવો બરાબર નથી. 'વૉર ગૅઝેટ'ની બે નકલ આવે છે તે બસ છે. એક દીવાન ઑફિસમાં વંચાઈ શહેરની લાયબ્રેરીમાં જાય છે અને ત્યાંથી ધોરાજી, ઉપલેટાની લાયબ્રેરીમાં જાય છે. બીજી હું જાતે વાંચું છું. તેમાં મહત્ત્વની નિશાની કરું છું. તે રાજ્યના રેકોર્ડમાં ફાઈલ થાય છે. લાયબ્રેરીમાં બીજાં છાપાં સાથે વૉર ગૅઝેટ પણ હોય ને તે સમાચાર રૂપે વંચાય તે સારું. પ્રચારથી ઊલટું પરિણામ આવે, ને તે ન થાય તેવું મારે બ્રિટિશ રાજ્યના હિતચિંતકે જોવું જોઈએ.'

આ જવાબ લઈ મિ. દોશીએ રજા લીધી ને ગેસ્ટહાઉસે પાછા આવ્યા. જમવાનું તૈયાર હતું. જમ્યા. જમી ઊઠ્યા ત્યાં પટાવાળાએ કહ્યું: 'આપને રાજકોટ જવાની ટ્રેઇનનો સમય થયો છે.' મિ. દોશીએ ગોંડલ ગામમાં જઈ ને પછી મોડેથી રાતની ગાડીમાં રાજકોટ જવા ઇચ્છા દર્શાવી, એટલે પટાવાળાએ ઉમેર્યું: 'ગેસ્ટહાઉસમાં રહેવામાં વાંધો નથી; પણ કામ પતી ગયા પછી આપ મહેમાન મટી જાઓ છો. આપનું હજૂરશ્રી સાથેનું કામ પતી ગયું છે, એટલે જેટલું હવે રહો તેનું ભાડું તથા ચાર્જિઝ આપવાના થાય. વળી, દરબારી વાહન તહેનાતમાં જોઈતું હશે તો આપે હજૂર-મંજૂરી મેળવવાની રહેશે.'

શ્રી દોશી તત્કાલ રાજકોટ પાછા ફર્યા. કૅપ્ટન બ્રાન્ડિઝને તેણે હજૂરમુલાકાતની વાત કરી. કૅપ્ટનને આથી નવાઈ લાગી, પણ પોલિટિકલ એજંટે મહારાજા ભગવતસિંહજીની વાત બરાબર છે એમ જણાવી આગ્રહ છોડી દેવા સલાહ આપી.

આવી બીજી વાત છે લૉર્ડ લિન્લિથગો વાઈસરૉયની. વાઈસરૉયનું પદ છોડી ઇંગ્લૅન્ડ પાછા ફરતાં પહેલાં, પુરોગામી વાઈસરૉયોની પેઠે હિંદનાં દેશી રજવાડાંની ઊડતી મુલાકાતે જઈ, રાજ્ય સાથેનો સંબંધ દૃઢ કરવાના

ઓઠા હેઠળ બને તેટલાં નઝરાણાં એકઠાં કરી લેવા તે ફરતા ફરતા કાઠિયાવાડમાં આવ્યા. પોતે નીકળવાના છે તેવો પરિપત્ર વાઈસરૉયે બધાં રજવાડાંને મોકલાવેલો, અને જે રાજા પોતાને ત્યાં વાઈસરૉયની પધરામણી કરાવવા ઇચ્છતા હોય તેમણે અગાઉથી ખબર આપી તારીખો નક્કી કરાવી લેવી તેવી સૂચના પણ હતી. આડકતરી રીતે વાઈસરૉયને બોલાવવાનું આ સૂચન છે એમ સમજવા છતાં ગોંડલ મહારાજાએ આમંત્રણ ન આપ્યું. ઊલટું કોઈ પ્રસંગે રાજકોટ ગએલા ત્યારે એમણે પોલિટિકલ એજંટને બીજા ભીષણ વિશ્વયુદ્ધને અંગે પ્રજાને તથા રજવાડાંને આર્થિક રીતે ભીંસાવું પડે છે તેનો ખયાલ આપેલો!

તે પછી એક દિવસ રાજકોટ રેસિડેન્ટ તરફથી ગોંડલ રેલવેના પ્રેસિડેન્ટ મહારાજા ભગવતસિંહજી પર પત્ર આવ્યો. તેમાં જણાવેલું કે વાઈસરૉય પોતાની સ્પેશિયલ ટ્રેઇનમાં અમુક તારીખે ને સમયે જૂનાગઢ જવા રાજકોટથી નીકળવાના છે. નામદાર વાઈસરૉયની આ છેલ્લી મુસાફરી વખતે તેમના પ્રત્યે માનની લાગણીથી પ્રેરાઈ, બીજી રેલવેના સત્તાવાળાઓ વાઈસરૉયની સ્પેશિયલને કંઈ ચાર્જ લીધા વગર પોતાની લાઈન પર જવા દે છે અને એન્જિન વગેરેની બીજી સગવડો પણ આપે છે, તો ગોંડલ રેલવે પણ તેઓ નામદારને ચાર્જ લીધા વગર બધી સગવડ આપશે તેવી આશા રાખવામાં આવે છે, અને તે પ્રકારના સમયસર ઉત્તરની આશા રાખવામાં આવે છે.

આ પત્ર લઈ તે વખતના ગોંડલ રેલવેના જનરલ મૅનેજર શ્રી માનશંકરઆર. પંડ્યા મહારાજા ભગવતસિંહજીને મળ્યા. મહારાજાએ પૂછ્યું: 'કેમ કરશું? શું જવાબ દેશું?' શ્રી પંડયાએ કહ્યું: 'બીજી રેલવે ચાર્જ લીધા વગર સગવડ આપે છે તો આપણે પણ આપવી.' મહારાજાએ કહ્યું: 'એમ નહિ, તમે એમ કરો, મારું સલૂન લઈ, આજ બપોરની ગુડઝ ટ્રેઇનમાં તેને લગાડી, રાજકોટ જઈ રેસિડેન્ટને રૂબરૂમાં મારો આ ઉત્તર આપો.' આમ કહી મહારાજાએ નીચે જણાવેલા સારાંશવાળો ઉત્તર લખાવ્યો:

'નામદાર વાઈસરૉય સાહેબ આ રીતે નીકળ્યા છે ને ગોંડલ રેલવે પરથી પસાર થવાના છે જાણી ખુશ થયા છીએ, અને અમે ઘણી રાજીથી બધી વ્યવસ્થા કરી સેવાસગવડ આપવા ઇંતેજાર છીએ. સ્પેશિયલ પસાર થવાના ચાર્જ સંબંધમાં જણાવવાનું કે જો નેક નામદાર વાઇસરૉય પોતાના જ ખર્ચે આ રીતે મુસાફરીએ નીકળ્યા હોય તો ગોંડલ રેલવે તેમનો ચાર્જ ન લેવા રાજી છે. પરંતુ જો નેક નામદાર સાહેબ બ્રિટિશ હિંદના ખર્ચે નીકળ્યા હોય અને મુસાફરી ખર્ચ તથા ભથ્થું વગેરે હિંદની તીજોરીમાંથી મળતું હોય તો ગોંડલ રેલવે તેનો થતો ચાર્જ લેશે.'

રેલવે મૅનેજરે રાજકોટ જઈ સવિનય આ સંદેશો પહોંચતો કર્યો. વાઈસરૉય એક બાજુથી હિંદી સરકાર પાસેથી ભાડાંભથ્થાં સહિત બધો ખર્ચ લેતા હતા અને જે રેલવે પરથી મફત મુસાફરી કરતા હતા તેનો ખર્ચ પણ ભારતની તીજોરીમાંથી લેતા હતા તે ભગવતસિંહજી જાણતા હતા. આથી એમણે પોતાના ઉત્તરમાં એ વાત આડકતરી રીતે સૂચવી દઈ, વાઈસરૉય પાસેથી રેલવેનો બધો ચાર્જ વસૂલ કર્યો જ.

ઈ. ૧૯૪૩માં રૅશનિંગના વખતમાં અનાજની ઘણી તંગી ઊભી થએલી. રાજકોટ એજન્સીના સિવિલ સપ્લાઈઝ ખાતાના શ્રી કાજીએ ગોંડલ મહારાજા પાસે દરખાસ્ત મૂકી કે જો ગોંડલ રાજ્ય તેમનો બાજરો આપે તો જ સરકાર ગોંડલ રાજ્યને ખાંડ તથા કાપડ આપી શકે. ગોંડલ મહારાજાએ ઉત્તર આપ્યો: 'જો એટલું ઉત્પન્ન હોત તો બાજરો દેવામાં હરકત ન હોય, પણ આવી તંગીમાં બાજરો આપી શકાય તેમ નથી. લડાઈના વખતમાં બીજી વસ્તુ વગર ચલાવી લેતાં પ્રજાએ શીખવું જોઈએ. એટલે મારી પ્રજા ખાંડને બદલે ગોળ ખાશે ને મિલના કાપડને બદલે હાથે કાંતીવણી પાણકોરું પહેરશે, પણ આવી તંગીમાં બાજરો તો જરાકે આપી શકાશે નહિ. ને તેમણે બાજરો ન જ દીધો!

રાજકોટમાં રહેતા રોમન કૅથલિક ચર્ચના ફાધર ગાર્ડિયા ખ્રિસ્તી ધર્મના પ્રચાર માટે કાઠિયાવાડમાં ફરતા રહેતા, અને તેમને કાઠિયાવાડની બધા રાજ્યોની રેલવે તરફથી મુસાફરીનો પાસ મળેલો. તેમણે ઘણી લાગવગ લગાડેલી છતાં ગોંડલ રેલવે તરફથી તેવો પાસ મળેલો નહિ. છેલ્લા ઉપાય તરીકે એમણે રાજકોટ રેસિડેન્ટનાં પત્નીની લાગવગ લગાડી. એક વખત ઈ. ૧૯૪૩માં ગોંડલ મહારાજા કામ પ્રસંગે રાજકોટ ગએલા ત્યારે સાથે ચા પર બેઠેલાં રેસિડેન્ટનાં પત્નીએ ફાધર ગાર્ડિયાને બીજી રેલવે પેઠે મફત પાસ આપવા ભલામણ કરવા સાથે, એમ થવાથી પોતા પર અંગત ઉપકાર થશે એ પ્રકારની નમ્રતા દાખવી. મહારાજાએ પોતે સગવડ કરી દેશે તેવો જવાબ આપ્યો.

બીજી રેલવેઓ જો આપે છે તો રેસિડેન્ટનાં પત્નીની અંગત વિનંતીને માન આપી ગોંડલે પાસ આપવામાં હરકત નહિ એવો અભિપ્રાય રેલવે મૅનેજર શ્રી પંડયાનો હતો. પણ મહારાજાએ કહ્યું: 'ના, એમ નહિ. એમ પાસ દેવાથી પ્રથા પડે. દેશમાં ઘણા ધર્મ છે ને ઘણા પ્રચારકો છે. કોને દેવો અને કોને નહિ? આ તો રેસિડેન્ટનાં કૅથલિક પત્નીનું માન રાખવા પૂરતું જ કરવાનું છે. માટે એમ કરો, કે આપણા બધા ટિકિટ ચેકરોને ફાધર ગાર્ડિયાની અંગત પિછાન કરાવી દો ને સૂચના આપો કે ફાધર ગાર્ડિયાને વગર ટિકિટે મુસાફરી કરવા દે.' અને એ જ ગોઠવણ થઈ.

રેલવે મૅનેજર શ્રી માનશંકર પંડયાના જણાવ્યા પ્રમાણે રાજ્યના દરેક ખાતાના ઉપરી અધિકારી પોતાના ખાતા સંબંધે માહિતગાર હોય તેનાથી વધારે માહિતી મહારાજા પાસે રહેતી. દર અઠવાડિયે એક વાર નિયત દિવસે દરેક ખાતાના અધિકારી મહારાજા પાસે રૂબરૂ આવીને પોતાના ખાતાનો અઠવાડિયા દરમિયાનની કામગીરીનો અહેવાલ આપતા અને તેમાંથી ઊભા થતા પ્રશ્નોની ચર્ચા કરી મહારાજા પાસેથી તેનો નિર્ણય લેતા. એ વખતે ખાતાના ઉપરી ખૂબ તૈયાર થઈને ગયા હોય છતાં મહારાજા પાસે વધુ માહિતી હોય જ. તે જોઈને અમલદારો જાતે વધુ તૈયાર થવા સદા તકેદારી રાખતા.

વડોદરાના ખુદ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ જેવા નરેશ પોતાના અમલદારોને કહેતા કે, 'કુશળ રાજ્યવહીવટ કેમ થાય તે શીખવા માટે ગોંડલ જાઓ.' એમની સાદાઈ, એમની કરકસર, કૌશલ, તીવ્ર બુદ્ધિ, ગોંડલ રાજ્યનું ગૌરવ વધારવાના અથાગ અખંડ પ્રયત્ન, બ્રિટિશ હકૂમતની શેહમાં દબાયા વગર તેમની સાથેનું સ્વમાની વર્તન, આ સર્વ રાજાના લોકોપકારક ગુણો એમનામાં હતા, છતાં સામાન્ય લોકોમાં મહારાજા પૂજ્ય કે આદરણીય ન ગણાતા. તેનાં બે મુખ્ય કારણો, હું બાળપણથી સાંભળતો આવ્યો છું તે આ પ્રમાણે હતાં: એક તો તેમના અંગત જીવન વિષે અનેક વાતો ચાલતી; અને બીજું, જેના પ્રત્યે તેમને વહેમ જવાથી દ્વેષ થાય તે માણસ દોષિત ન હોય તો યે તેની જડ કાઢી નાખવા સુધીની કિન્નાખોરી. આને પરિણામે ઘણાં કુટુંબોએ સ્વેચ્છાએ ગોંડલ રાજ્ય છોડેલું અને સારા હોદ્દાની નોકરી મળવા છતાં અમુક લોકોએ ગોંડલ રાજ્યની નોકરીનો અસ્વીકાર કરેલો. બીજી અનેક રીતે પોતાની જાતને કેળવી શકેલા આ રાજવી પોતાની આ બે વૃત્તિની પકડમાંથી છૂટી ન શક્યા, કે છૂટવા યત્ન ન કર્યો, એ કેટલા ખેદની વાત છે!

૫૬૦
છાપખાના માટે
વિચારો

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર
રાવળનું
આત્મકથાનક
૧૧૧



(સ્કેચ : ર. મ. રા.) પ્રફુલ્લચંદ્ર રાય

ઈ. ૧૯૨૨ના ડિસેમ્બરની આખરે મારું ક્ષેત્ર સંભાળવા ભાવનગરથી અમદાવાદ આવ્યો ને બચુભાઈ સાથે રોજેરોજ માસિક પત્રની રૂપરચના વિષે ચર્ચાઓ થવા લાગી : એકાદ વર્ષ ચાલે એટલું લેખસાહિત્ય ઉત્પન્ન કરવું જોઈએ; તે માટે નિયમિતપણે લેખો આપનારું લેખકોનું મિત્રમંડળ સાબદું રાખવું જોઈએ; ચિત્રો, સ્કેચ, નકશા તેનાં મુખ્ય અંગ બનવાં જોઈએ; નિયમિતપણું સાચવવા પોતાનું કે પોતાની વગનું છાપખાનું જોઈએ. મેં અગાઉ વડોદરામાં બ્લૉક-કામનો થોડો અનુભવ લીધેલો તેમજ ફોટોગ્રાફીનું પણ જ્ઞાન મને હતું, એટલે ચિત્રોના બ્લૉકો બાબતમાં સ્વાયત્ત બનવાની ગોઠવણ પહેલી કરવાનું મારા મનમાં હતું.

ઇંગ્લૅન્ડ-અમેરિકાનાં તાજાં સામયિકો દર શુક્રવારે સ્ટેશન પરની વ્હીલરની હાટડી (સ્ટૉલ) પર વેચાતાં. તેમાંનાં અમારા કામમાં જરૂરી હોય તે ખપી જાય એ પહેલાં બચુભાઈ ત્યાં પહોંચી જતા. પોતાના એ શૉખને લીધે સ્ટૉલવાળા સાથે એમને જૂની પિછાન હતી એટલે કલાકેક ત્યાં રોકાઈ પોતાની પસંદગીનાં બધાં સામયિકો ઉથલાવીને અમારા બરની વાર્તાઓ, લેખો અથવા ચિત્રસંકલનાવાળાં પત્રો તે ખરીદી લાવતા. તે ઉપરાંત કુમાર-કક્ષાનું વાચન આપતાં અંગ્રેજી સાહિત્યનાં સામયિકોનો પણ હું પાછળથી ગ્રાહક થયો : ઇંગ્લૅન્ડનું 'માઈ મૅગેઝીન' તથા 'ચિલ્ડ્રન્સ ન્યુસપેપર' અને અમેરિકાનું 'બૉય્ઝ લાઈફ' તથા 'અમૅરિન બૉય' વગેરે અમારા બોધપાઠ માટે બહુ ખપ લાગતાં. વિજ્ઞાન અને કલામાં આપણી પ્રજાની ઉપેક્ષા મને સાલતી હતી. તેનો પ્રબોધ કરનારું સાહિત્ય આપવા 'પૉપ્યુલર સાયન્સ' આવતું, અને અમેરિકાના કાલામાઝુ નામના ગામથી નીકળતું 'આર્ટ' નામનું એક માસિક આવતું. એના તંત્રી મિ. લૉકવૂડ તો સ્થાપિત શાળાપાઠોથી કૈંક જુદી જ રીતે વિદ્યાર્થીઓ અને એકાકી સાધક માટે કલાકાર્યમાં પ્રેરણા આપતા જણાયા. મને તે એકદમ ગમી ગયું. તેની અસર નીચે 'કુમાર'ના મોટા નામાક્ષરોવાળું કવર-ડિઝાઈન (પૃષ્ઠ-દર્શન) તૈયાર કર્યું અને તે બે રંગમાં છાપવાનો વિચાર ઘડ્યો. અમારું પોતીકું બ્લૉક-ખાતું પ્રાપ્ત થતાં વાર લાગે તે વિચારે તેના મોટા પૂર્ણ કદના બ્લૉક બનાવવા કલકત્તાના વિખ્યાત બ્લૉકમેકર યુ. રાય (આજના સત્યજિત રાયના વડવા)ને તે મોકલી આપ્યું. કલકત્તાનાં કામોમાં 'નવચેતન'ના તંત્રી શ્રી ચાંપશીભાઈએ અમારી ઘણી ચિંતા ઉપાડી લીધી.

મોટી મૂંઝવણ પૈસાની હતી. તબિયત પૂરી જામી નહોતી, છતાં હવે પગ બહાર મૂકવા મન થનગનતું હતું. મેં મારા એક-બે મિત્રોને મારી વિચારણા જણાવી. તેમાંથી દિલ્હીના શ્રી ગજાનન પાઠકનો જવાબ આવ્યો તે એ સમયનો ખરો ખયાલ આપશે.

દિલ્હી, ૧૮-૧-'૨૩

તમારું પો. કા. વાંચી થયું કે તમે ઘણી ઉપાધિમાં આવી પડ્યા... તમારી યોજનાઓના વિચારથી તમને આવા દુઃખદ પ્રસંગોમાં પણ શાંતિ મળતી રહેશે. મને પણ તમારે માટે યોજનાઓ સ્ફુરે છે. તેમાંથી એક તો હમણાં જ જણાવી દઉં.

તમે મને એક વાર જણાવેલું કે આર્ટિસ્ટિક છપાઈ માટે એક આપણું પોતાનું જ છાપખાનું જોઈએ. મને પણ આ વિચાર થયા કરતો હતો, તેવામાં બટુભાઈ (ગજાભાઈના મોટા ભાઈ સ્વ. રામનારાયણ વિ. પાઠક) ને જ આ વિચાર સ્ફુર્યો છે અને એક છાપખાનું ખોલવાનો વિચાર નક્કી પણ કરી દીધો છે. તો તમે એ કામમાં કોઈ રકમ રોકી શકો ખરા? ભાગ તરીકે કે વ્યાજ પર. જો ધીરી શકો તો હમણાં જ ધીરો. અમારે એક છાપખાનું હાથમાં લેવામાં હમણાં જ જરૂર છે. તો તમે મુ. મહાશંકરકાકા (મારા પિતાશ્રી) જોડે વાત કરી નક્કી કરો.

વ્યવહારની વાતમાં તમે સ્પષ્ટ છો એટલે વધારે લખવાની જરૂર નથી. સામે કામ પાડનારા બટુભાઈ વકીલ છે એટલે વ્યવહારદક્ષતામાં કે કોઈ પણ ડીલિંગ્સ (લેવડદેવડ)માં કંઈ બિગાડ થવાનો સંભવ નથી. હું પણ રૂ. ૧૦૦૦ આપું છું. ચિ. વાસુ (પ્રાણજીવન વિ. પાઠક) કે (નાનુભાઈ વિ. પાઠક) તમારી પાસે આવશે. ત્યારે રૂબરૂ વધુ સમજી યોગ્ય કરશો.

તમારે માટે મને સૂઝેલી યોજનાઓમાં અંબાલાલને છોડવાની જરૂર હું જોતો નહોતો. હશે, ખેર! તમે જરા વધારે શાંતિભરી સ્થિતિમાં આવો ત્યારે વાત કરીશ. હું ફેબ્રુઆરીમાં ઘણે ભાગે હકની રજા પર આવીશ ત્યારે જણાવીશ. —લિ. સ્નેહાધીન તમારો ગજુભાઈ

૫૬૧ આદિત્ય મુદ્રણાલયનો પ્રસ્તાવ

આ પત્ર મળ્યા પછી બેત્રણ દિવસમાં જ બટુભાઈ અને વાસુભાઈ મને મળવા આવ્યા. એમણે જ્યારે જાણ્યું કે હું પણ એક સરસ માસિક માટે બચુભાઈ સાથે યોજના વિચારી રહ્યો છું, ને તેમાં પોતીકી વગના એક છાપખાનાની જરૂર પડશે ત્યારે તે બહુ ખુશ થયા, અને હું તેમને સાથ આપી શકું તો છાપખાના માટે કામની તો ખોટ નહિ જ પડે એમ લાગ્યું. એટલે એ જ વખતે તેમના હાથે યોજનાની ખાત્રી અને શક્યતા દર્શાવતો પત્ર મારા પિતાશ્રી ઉપર તેમની પાસે લખાવ્યો. અને મેં પણ લખ્યું :

૩૩૮૦ બહુવાની પોળ, રાયપુર, અમદાવાદ, તા. ૨૨-૧-૧૯૨૩

પૂ. પિતાશ્રી,

ઘણી વખત જે વાતનો વિચાર કરતા હોઈએ છીએ તે કોઈ અકસ્માતે સામી જ આવી ઊભી રહે છે... મારો એક વિચાર બટુભાઈએ ક્રિયા સાથે પ્રયોગમાં આણ્યો છે. તેમણે એક સારા છાપખાનાનો નવો સામાન મેળવ્યો છે અને તેઓ પણ અકસ્માત તે દિશામાં ઝૂકી પડ્યા છે. તેમની ભાવનાની પ્રામાણિકતા માટે આપને શંકા હોય જ નહિ એમ માનું છું... તેમણે લગભગ રૂ.૩૨૦૦ આ ધંધામાં ઉતાર્યા છે.પૂરા ૮૦૦૦ હોય તો ધંધો કરી શકાય એમ છે...મારી તરફના સ્નેહાકર્ષણથી આપને તેમાં જોડાવા નિમંત્ર્યા છે...આપ મારી ઉપર અથવા આખા કુટુંબ તરફ રૂ. ૩૦૦૦ આ ધંધામાં ઉતારશો તો મારી ખાતરી છે કે ભવિષ્યમાં લાભ જ થશે. મિ. દવેને હું થોડા પાછળથી જોડાવા કહીશ. તે પણ બની શકશે. નર્મદ ઠાકર પણ બેઆની ભાગથી જોડાવા તૈયાર છે. એ પણ ધંધાના અનુભવી છે અને અમારી પ્રવૃત્તિ પર લાભ-હાનિની નજરથી ચોકસાઈ રાખશે.

બટુભાઈ ધારાશાસ્ત્રી છે તેથી રાજકીય બાબતો કેમ દૂર રાખવી તે સારી રીતે સમજે છે... —લિ. સેવક રવિના પ્રણામ

ઉપર્યુક્ત પત્ર સાથેનો બટુભાઈનો મારા પિતાશ્રી ઉપરનો પત્ર :

'મુરબ્બી કાકાશ્રી; લિ. રામનારાયણ વિ. પાઠકના પ્રણામ...આપની તબિયત હવે સારી થઈ ગઈ છે જાણી ખુશ થયો છું. દિલ્હી સ્વામીજી

(એમના પિતાશ્રી વિશ્વનાથ પાઠક)ની તબિયત સારી છે...વિશેષમાં હું અમદાવાદમાં એક સારા બિઝનેસ તરીકે પ્રેસ ખોલું છું. ઈંગ્લૅન્ડથી પ્રેસ આવી ગયું છે અને એવા સારા ભાવે આવેલું છે કે અત્યારથી જ રૂ. ૩૨૫૦ના પ્રેસ માટે રૂ. ૫૦૦૦ મળી શકે તેમ છે. પણ મારો વિચાર કામ જ કરવાનો છે. પ્રેસનું કામ કરવા હું ખાસ વાલુભાઈ (પ્રાણજીવન પાઠક)ને જ રાખવા માગું છું. ટાઈપ વગેરે આવી ગયા છે. રૂ. ૮૦૦૦ લગભગનો સામાન છે...આ વાત મેં રવિભાઈને કરી છે. તેમનો વિચાર પણ એક પ્રેસ (કુનેહવાળું) કરવાનો છે. ભાઈ નર્મદાશંકર તેમાં બે આની ભાગ રાખવા માગે છે. રવિભાઈ અને હું સાત સાત આની રાખીએ એમ હાલ અમારો વિચાર છે.

રૂબરૂ વાત કરવાને આવત, પણ હું કૉલેજમાંથી મુક્ત થઈ ન શકું. વાલુભાઈ તો સાંચા ગોઠવવામાં પડ્યા છે. આપ ભાગીદાર થાઓ તો જેટલો ભાગ રાખવો હોય તેટલા પૈસાની ગોઠવણ કરાવશો. યોગ્ય લાગે તો વ્યાજ આપવા પણ હું ખુશી છું. આપને ખાત્રી થાય ત્યારે ભાગ રાખશો...આપના આશીર્વાદથી ફતેહ મળશે તો ગુજરાતમાં સારું સાહિત્ય અને કલા ફેલાવી શકીશું.

આપને વિશેષ માહિતી માટે જણાવું છું કે મશિન ફર્નિવૉલ ડબલ ક્રાઉન છે, એક ટ્રેડલ છે, સંસ્કૃત–ગુજરાતી–અંગ્રેજી ટાઈપો, બૉર્ડરો, રૂલો વગેરે સામાન આવી ગયો છે. -લિ. રામનારાયણના પ્રણામ

૫૬૨ ભાગીદારીનો દસ્તાવેજ થતો રહી ગયો

મારો તથા બટુભાઈનો પત્ર તથા દસ્તાવેજનો કાચો ખરડો મારા પિતાશ્રીને મળ્યા પછી એમણે નિશંકપણે રૂ. ૩૦૦૦ મોકલી આપ્યા. પૈસા આવી ગયા પછી પાકો દસ્તાવેજ કરવાનો હતો, પણ તેમાં બટુભાઈએ થોડો ફેરફાર કરવા જણાવ્યું. તેથી મારા હિતમાં તો કશો ફરક પડવાનો નહોતો, પણ તે પરિસ્થિતિ સ્પષ્ટ કરનારો હતો. તે અંગે તેમણે મારા પિતાશ્રી ઉપર ફરી લખ્યું :

'મુરબ્બી કાકાશ્રી; પહેલાં મેં જે ડ્રાફ્ટ મોકલ્યો હતો તેમાં અને આ ડ્રાફ્ટમાં એક જ ફરક છે. પહેલાંના ડ્રાફ્ટમાં વાલુના પગાર વિષે રૂ. ૮૦ માસિક રાખેલા હતા અને પછી વધતા નફાએ પગાર વધારવાનું રાખ્યું હતું. તે ભાગ અમે નક્કી નહિ કરેલો હોવાથી આપના કાગળમાં પોલો રાખ્યો હતો. પણ ઉપરની યોજનામાં એક વાંધો આવ્યો. જો વાલુને માત્ર પગારદાર રાખીએ તો (છાપખાના માટે) સરકાર આગળ કરવાનું ડૅકલેરેશન એના નામનું ચાલે નહિ, કારણ કે પગારદારથી ડૅકલેરેશન લેવાય નહિ; પણ પાર્ટનરથી (ભાગીદારથી) લઈ શકાય. માટે તેના (ભાવિ) પગારના વધારાને બદલે તેની બે આની ચોખ્ખા નફાની રાખી છે. ચોખ્ખો નફો એટલે મૂડીના છ ટકા વ્યાજના બાદ કર્યા પછીનો નફો. આમ, સરકારી દફતરોમાં પ્રેસ ચલાવવા માટે માત્ર વાલુ જ જવાબદાર છે; અમે માત્ર નફાતોટાના ભાગીદાર છીએ.

ભાગીદારીમાં હું મારું નામ નથી નાખતો. તેનાં અનેક કારણો છે. એક તો પૈસા ગજાનનના છે, તે મારા ઓછા જ છે? નથી જ. બીજું, હું અસહકારમાં છું. મારા પોતાના ઉપયોગ પૂરતા પૈસા લઈ વિદ્યાપીઠમાં કામ કરું છું. હવે મારાથી ખાનગી બિઝનેસમાંથી પૈસા કમાવાય નહિ, એ અમારા શિષ્ટાચારની વિરુદ્ધ છે. હું એમને પૂરતી સલાહ અને મદદ આપીશ, પણ મારે ભાગીદાર થવું નથી. અસહકારમાં મારે કોઈ વાર કેદમાં જવાનું થાય, મારા પર સજામાં દંડ થાય, ત્યારે દંડ વસૂલ લેવા સરકાર પ્રેસને હેરાન ન કરે તે પણ ભેગો આશય છે.

-લિ. છોરુ રામનારાયણના પ્રણામ.

આ કાગળમાં શ્રી રા. વિ. પાઠકે તારીખ નહોતી નાખી, પણ મારા પિતાશ્રીએ પહોંચ્યા તા. ૨૦-૨-૨૩ લખી પોતાની સહી કરી છે. એમની ગણતરીમાં આવા ફેરફારોની શકયતાઓ હતી, પણ રા. પાઠક ખસી જવાથી તેમનું મન શંકાશીલ થયું. થોડા જ વખત પછી ગજુભાઈનો પત્ર આવ્યો કે વાલુ (પ્રાણજીવન પાઠક)ની મહત્ત્વાકાંક્ષા આરંભથી ઊછળી છે. એણે કહ્યું છે કે 'હું મહેનત કરું અને તમે મૂડીનાં વ્યાજ ને નફાના હકદાર બનો એ મને પોસાશે નહિ.' એટલે ગમે ત્યારે પ્રેસમાંથી છૂટા થવા પ્રયત્ન કરશે. આથી હું તમને જોખમ અને વિમાસણ થાય એવું ઇચ્છતો નથી. તમારી મૂડી હું થોડા વખતમાં વ્યાજ સહિત પાછી વાળીશ. આમ ભાગીદારીનો દસ્તાવેજ થવા પામ્યો નહિ ને આપેલી રકમ પાછી આવી ગઈ.

૫૬૩ ગુજરાત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત અને પછી

તા. ૯-૨-૧૯૨૩ની સવારે ગુજરાત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત ઠર્યું હતું. તેની આગલી સાંજે જુગતરામભાઈએ બચુભાઈને કામગીરી સોંપી કે સવારે ઘોડાગાડી કરી મને લઈ વિદ્યાપીઠના ખાતમુહૂર્તમાં પહોંચી જવું, અતિથિવિશેષ તરીકે કલકત્તાથી આવેલા મહાન રસાયણશાસ્ત્રી અને દેશભક્ત ડૉ. પી. સી.(પ્રફુલ્લ ચન્દ્ર રૉય)નો સ્કેચ 'નવજીવન' તથા 'યંગ-ઇન્ડિયા' માટે મારે તૈયાર કરવો. ગાંધીજીના આદેશ પ્રમાણે ત્યાં ફોટોગ્રાફનો બહિષ્કાર હતો પણ હાથનાં ચિત્રો માટે આદર હતો, એટલે વ્યાખ્યાનપીઠની નજીક જ મને અનુકૂળ જગ્યા કરી આપવામાં આવી. મારે માટે પણ એ ગૌરવપ્રદ સેવાકાર્ય હતું. એ સ્કેચ મારી કસોટીનો સારો નમૂનો છે. રેખાઓમાં લાક્ષણિકતા અને ચેતના બંને ઉતારી શકાયાં છે. જુગતરામભાઈએ ખાસ માણસ સાથે તે સ્કેચ મુંબાઈ મોકલી મૂળ માપમાં તેનો બ્લૉક કરાવી મંગાવ્યો અને 'નવજીવન' તેમજ 'યંગ-ઇન્ડિયા'માં તે છપાયો. પછીથી કાકાસાહેબની સૂચના પ્રમાણે મેં કરી આપેલું વિદ્યાપીઠનું ધ્યાનચિહ્ન(સંજ્ઞા ચિત્ર)પણ ત્યાં પથ્થરમાં કોતરાએલું.

ડૉ. રૉય ૬૧ વર્ષના વૃદ્ધ. ચહેરો સુંદર નહિ, છતાં મમતાભર્યો, સહજમાં ખીલી ઊઠે એવો. તેમણે આખું જીવન રસાયણવિદ્યાની ઉપાસનામાં ગાળેલું. વિદ્યાની અનન્ય સાધના માટે લગ્ન પણ નહિ કરેલું. સાંજે ડૉ. હરિપ્રસાદના આયોજનથી ગુજરાત સાહિત્ય સભા આગળ પણ ભાષણ આપ્યું. તેમાં બંગાળના સાહિત્યનો ટૂંક ઇતિહાસ કહ્યો. પોતાની કારકિર્દી પણ ટૂંકાણમાં કહી દીધી. ભાષણ લાંબું હતું છતાં કંટાળો જરા ય ન આવ્યો. વચ્ચેવચ્ચે તેમની વિનોદી ટીકાઓ આનંદ આપતી.

આગલા વર્ષના ઑક્ટોબરમાં મહાદેવભાઈ અલ્લાહાબાદની જેલમાંથી છૂટીને આવી ગયા હતા અને 'યંગ ઇન્ડિયા' સંભાળી લીધું હતું. કાકાસાહેબ હવે આશ્રમના અધ્યાપનકાર્યમાં એકાગ્ર થવા લાગ્યા હતા, પણ ત્યાં તો તેમના 'નવજીવન'માંના લેખો માટે સરકારે સારી ચાલચલગતના જામીન માગ્યા. આવા વિદ્વાન ચારિત્ર્યવાન વિદ્યાગુરુ પાસે જામીન માગનાર બ્રિટિશ તંત્ર કેટલું અધમ બની ગયું હતું અને હચમચી ગયું હતું તેનો એ પુરાવો છે એમ અમને લાગ્યું. પણ એમની પાછળ કદાચ એમની ક્રાન્તિકાર તરીકેની પૂર્વ કારકિર્દીની માહિતી પણ હશે.

એના વિરોધમાં કાકાસાહેબે પોતાની કેફિયત બહાર પાડી જણાવ્યું : 'આવું રાજ્ય ચાલતું હોય ત્યાં ઇલ્કાબો લેવાની ના પાડવી એ ભલા માણસની ફરજ છે. તે રીતે જ સરકારે માગેલી જામીનગીરી આપવાની ના પાડવી એ દરેક ભલા માણસની ફરજ છે.' આથી તા. ૨૦-૨-૨૩ના અરસામાં સરકારે કાકાસાહેબને એક વર્ષની આસન કેદની સજા આપી અને 'નવજીવન'ના મુદ્રક રામદાસને ચેતવણી આપી છોડી મૂક્યા.

આ બધો વખત નવજીવન કાર્યાલયનો સર્વ વહીવટ શ્રી જુગતરામ દવે સંભાળતા હતા. તેમણે મને સોંપેલા 'ચાલણગાડી'ના કામના દરેક પાઠનાં પેન્સિલ-ચિત્રો અને પાઠનું અક્ષર-લેખન તેઓ તપાસી જતા અને રોજ-બ-રોજ બચુભાઈ દ્વારા તેમની તે પરની નોંધો અને મંજૂરી મને મળ્યાં કરતાં. એ ચિત્રોની યોજનામાં તેમના વિચારો અને સૂચનાનો ઘણો ફાળો હતો. સ્વદેશીપણું, ખાદીપ્રેમ અને સ્વાશ્રય ખીલે એ મુખ્ય ધ્યેય રાખ્યું હતું.

(ચાલુ)

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૧૦·સ્વનદોષ અને હસ્તદોષ]

સ્વપ્નસ્રાવ એ જાતીય પુખ્તતા પ્રાપ્ત થવાનું એક પ્રમાણ અને શરીરમાં ઉભરાતી કામશક્તિનું એક તોફાન છે.
કામોત્તેજના હેઠળ એ વધે છે.

એક જ વેળાના વીર્યસ્રાવમાં અઢી હજાર લાખ જેટલા શુક્રાણુઓ શરીર બહાર ફેંકાય છે.

ખોરાકના પાચનથી જે રસ બને છે તેમાંથી લોહી, લોહીમાંથી માંસ, માંસમાંથી મેદ, મેદમાંથી અસ્થિ, અસ્થિમાંથી મજ્જા અને મજ્જામાંથી વીર્ય બને છે. વીર્યહાનિ એટલે વ્યક્તિત્વમાં વિકૃતિ ને આરોગ્યનો હ્રાસ.

માનવશરીરમાં અતિ મહત્ત્વના વ્યાપારોમાં એક સેક્સ છે. વંશપરંપરા જારી રાખવા તે અનિવાર્ય છે. આથી કામવાસનાની લાગણી અતિ પ્રબળ અને ઉત્કટ રહે છે. જીવનમાં ભૂખ પછી બીજું પ્રેરક બળ સેક્સનું છે. પણ આ બન્ને વચ્ચે ફેર છે. માણસે જીવવા ખાતર ખાવું જોઈએ; પણ મૈથુની વ્યાપારોનો ઉપયોગ કૈં 'જરૂરી' નથી. અગાઉના જમાનામાં મૂછનો દોરો ફૂટે કે તરુણ 'મરદ' બન્યો લેખાઈ અંદર સોળનો થતાંથતાંમાં તો તેને પરણાવી દેવાતો. પણ હવે સુધરેલા સમાજમાં લગ્ન મોટી ઉંમરે થાય છે. આ કારણે યુવાનના મનમાં અનેક સમસ્યાઓ જાગે છે. આ સમસ્યાઓ જેટલી સારી રીતે સમજાય તેટલા પ્રમાણમાં તેની જાતીય પુખ્તતાની તકલીફો હલ થઈ શકે.

તરુણમાં જાતીય પુખ્તતાના પ્રારંભની નિશાની રૂપે ગુહ્યાસ્થિ ઉપર આછા વાળ ઊગવા માંડે છે, તથા ઇંદ્રિય અને શુક્રગ્રંથિઓના કદમાં વૃદ્ધિ થાય છે. પુખ્ત શુક્રગ્રંથિ નાના ઇંડા જેવડી એટલે દોઢથી બે ઇંચ લાંબી અને એક ઇંચ જાડી હોય છે. શુક્રગ્રંથિના ટેસ્ટાસ્ટેરોન સ્રાવની શરીરસ્વાસ્થ્ય ઉપર પ્રબળ અસરો છે. જેમ શુક્રગ્રંથિઓ મોટી અને તંદુરસ્ત એમ વ્યક્તિ દીર્ઘાયુષી હોય છે. શુક્રગ્રંથિમાં દોરા જેટલી પાતળી સેંકડો નલિકાઓ ખીચોખીચ પિલ્લાની જેમ ગોઠવાઈ છે. ચૌદ વર્ષની ઉંમરે આની અંદર શુક્રાણુઓ કે શુક્રકોષો (સ્પર્મ) પેદા થવા લાગે છે, જે વૃદ્ધાવસ્થા સુધી ચાલુ રહે છે. શુક્રાણુઓ પુખ્ત થતાં શુક્રગ્રંથિઓમાંથી નીકળી એપિડિડિમસ (મુકુટ)માં એકઠા થઈ ત્યાંથી વીર્યવાહક નલિકા દ્વારા વીર્યાશયમાં સંઘરાય છે. સામાન્યરીતે વીર્યાશયમાં થતો સ્રાવ કામોત્તેજના હેઠળ વધે છે. તેનો અને તેની સમીપમાં આવેલી પ્રોસ્ટેટ ગ્રંથિનો થતો પ્રતિક્રિયાત્મક ભરાવો હળવો કરવાની કુદરતની એક રીત ઊંઘ દરમિયાન શિશ્નના ઉત્થાન સાથે વીર્યસ્રાવ થવાની છે. એ વીર્યસ્રાવ કામોત્તેજનાની તીવ્રતા હેઠળ વીર્યવાહક નલિકાઓ, વીર્યાશયો અને પ્રોસ્ટેટ ગ્રંથિની માંસપેશીઓના ઓચિંતા સંકોચનથી છંટકાવના રૂપમાં થાય છે. જૂના વાસી શુક્રાણુઓને ફેંકી દેવાની આ એક કુદરતી રીત હોવાનું કેટલાક વિજ્ઞાનીઓ માને છે.

એપિડિડિમસ, વીર્યાશયો અને પ્રોસ્ટેટ ગ્રંથિના ઘટ્ટ સ્રાવોનું મિશ્ર સફેદ પ્રવાહી એ 'વીર્ય' છે. દર વખતે એક ચમચી જેટલા — $\frac{1}{6}$ ઔંસના પ્રમાણમાં થતા આ વીર્યસ્રાવમાં એકથી અઢીહજાર લાખ જેટલા સૂક્ષ્માતિસૂક્ષ્મ શુક્રાણુઓ હોય છે. એક ઇંચના હજારમા ભાગ જેટલા આ શુક્રાણુઓ માત્ર સૂક્ષ્મદર્શક યંત્રથી જ જોઈ શકાય છે, જે ચપટા માથા સહિત લાંબી પૂછડી પટપટાવતા વીર્યના પ્રવાહમાં સતત ગતિમાન રહે છે.

આ શુક્રાણુઓ સ્ત્રીના બીજકોષ સાથે જોડાવાથી ગર્ભાધાન થાય છે. વીર્યનું આ એકાકી કાર્ય છે. આયુર્વેદના કથન અનુસાર આહારના છ રસોમાંથી વીર્ય બને છે. ખોરાકના પાચન બાદ જે રસ બને છે એમાંથી લોહી, લોહીમાંથી માંસ, માંસમાંથી મેદ, મેદથી અસ્થિ, અસ્થિથી મજ્જા અને મજ્જાથી વીર્ય ઉત્પન્ન થાય છે. આહારમાંથી શુક્રની આ પ્રકારે ઉત્પત્તિ થવામાં એક માસ જેટલો સમય વીતે છે. મહર્ષિ ચરકનો આદેશ છે, કે વીર્યનો વ્યય કરવો નહિ, કારણ કે પુરુષોનું બલ વીર્યના લીધે છે. વળી, તે શારીરિક અને માનસિક વિકાસનું ઉત્તમ સાધન હોઈ તેની જાળવણી માટે ગંભીર ચેતવણી આપેલી છે કે વીર્યના પતનથી મરણ આવે છે, એના રક્ષણથી દીર્ઘ જીવન મળે છે.

વાદળી જેવી પેશીઓ અને લોહીની અસંખ્ય નળીઓવાળું અંગૂઠા જેવા આકારનું શિશ્ન ત્રણ પેશીઓનું બનેલું છે. ત્રણમાંથી બે પેશીઓથી શિશ્નનો મુખ્ય ભાગ અને ત્રીજીથી ફૂલમણિ (ગ્લાન્સપેનિસ)નો ભાગ બને છે. ફૂલમણિ ઉપર, ખેંચવાથી પાછળ ખસી શકે તેવું ચામડીનું એક આવરણ હોય છે. કેટલાક તરુણોની આ ચામડી સખત હોવાથી પાછી ખેંચાતી નથી અને ફૂલમણિ ઉપર રોફમળ (સ્મેગ્મા) એકઠો થાય છે.

શિશ્નના નીચલા ભાગમાં આંતરત્વચાની બનેલી મૂત્રનળી (યુરેથ્રા) હોય છે. આની વાટે મૂત્રાશય(બ્લૅડર)માંથી પેશાબ અને વીર્ય બહાર આવે છે. કન્યાઓમાં કિશોરના શિશ્નની જગ્યાએ શિશ્નના જેવો પેશીઓમાં ઊંડો દબાએલો, નાનો યોનિલિંગ કે શિશ્નિકા (ક્લાઇટોરિસ) નામનો અવયવ છે. શિશ્ન બહુધા પોચું, ઢીલું અને ઢળતું રહે છે પણ મન અને શરીરની કામોત્તેજના વખતે એ શિશ્નના મૂળમાં આવેલી માંસપેશીઓ સંકોચાય છે આથી શિશ્નમાંથી લોહી પાછું ફરતું અવરોધાય છે, જ્યારે નવું લોહી તો તેમાં આવતું જ રહે છે. પરિણામે વાદળી જેવી એની માંસપેશીઓની પોલી જગ્યાઓમાં લોહીનો ભરાવો થવાથી શિશ્ન મોટું, કઠણ અને ટટ્ટાર બને છે. આને શિશ્નનું ઉત્થાન (ઇરેક્શન) કહે છે.

શિશુ અને બાલવયમાં મૂત્રાશયમાં ભરાવો થવાથી સવારમાં શિશ્નનું ઉત્થાન થયું હોય છે. તરુણ વયમાં હાથના અમુક રીતના સ્પર્શથી કે સેક્સ સંબંધી વિચારતાં પણ તે થાય છે. પુખ્તવયે શુક્રગ્રંથિઓના વ્યાપારો વિકાસ પામવાથી શિશ્ન વારંવાર અને ઝડપથી ઉત્તેજિત થઈ જાય છે. આ ઉત્તેજના સાથે પ્રબળ અને ઉત્કટ કામેચ્છા જોડાએલી હોય છે.

તરુણવયમાં અવારનવાર ઊંઘમાં શિશ્ન ઉત્તેજિત થવા સાથે વીર્યસ્રાવ થઈ જાય છે. મોટા ભાગે તો આ વખતે સુંદરીઓના સમાગમનો આનંદ લૂટવાનુ સ્વપ્ન સામેલ હોય છે. વળી, જો મૂત્રાશય અને મળાશય તસતસતાં ભરાઈ ગયાં હોય તો તેનું દબાણ પણ શિશ્નના ઉત્થાન સાથે વીર્યસ્રાવનું કારણ બને છે. સ્વપ્નસ્રાવના નામે ઓળખાતો આ વીર્યસ્રાવ જાતીય પુખ્તતા પામવાના આરંભકાળમાં શરૂ થાય છે. કન્યાઓમાં રજોદર્શન એ જેમ જાતીય પુખ્તતા પામવાની નિશાની છે તેમ કિશોરમાં શુક્રાણુયુક્ત સ્વપ્નસ્રાવ છે. અઠવાડિયે એકાદ બે વાર આવું થાય છે, અને તે, તરુણનું શરીર જાતીય પુખ્તતા પામી પ્રજનન કરવા લાયક બન્યું હોવાની નિશાની છે. કદીક પેશાબ કરી રહ્યા બાદ પણ વીર્યનાં ટીપાં ટપકી આવો સ્રાવ થાય છે.

પેડુમાં બસ્તિપ્રદેશના નીચલા સાંકડા ભાગમાં જનનેન્દ્રિયો, મૂત્રાશય અને મલાશય એકબીજાની અડોઅડ ગોઠવાએલાં છે. પાસેપાસે આવેલા આ અવયવોના દબાણનું એકબીજા ઉપર સહેલાઈથી સંચારણ થાય છે. આથી કદીક કોકને મળત્યાગ વખતે શિશ્નમાંથી સફેદ ટીપાં ટપકે છે. આ જોકે પ્રોસ્ટેટ ગ્રંથિ દબાવાથી બહાર આવેલું પ્રવાહી હોય છે, પણ તેમાં શુક્રાણુ હોઈ શકે.

સ્વપ્નમાં થતા આ નિયતકાલિક વીર્યસ્રાવથી તરુણ ચોંકી ઊઠે છે કે

ગભરાઈ જાય છે. શરીરમાંથી કશુંક કીમતી વહી ગયાની બીકે એ ચિંતિત બને છે. સ્વપ્નસ્રાવથી લેંઘો કે પથારીની ચાદર બગડી હોય તો તે એ સંતાડવા મથે છે. લેંઘા પરનો ડાઘ તો છાનામાના ધોઈ નાખે (વીર્ય સુકાઈ જતાં કપડા પરનો અક્કડ ડાઘ ગરમ પાણીથી નહિ પણ ઠંડા પાણીથી જાય છે), પણ પથારીની ચાદરનું શું? આ જોઈ વડીલો ક્રોધે ભરાશે એવી બીક તેને ફોરે છે. અનુપયુક્ત સમયે શિશ્નની ઉત્તેજના અને વીર્યસ્રાવ પર પોતાનો કોઈ કાબૂ ન હોવાનાં વિચારથી તે ઘણા મન-દુઃખથી પીડાય છે, આ બાબતમાં માબાપ કે વડીલ મૌન ધારણ કરે ત્યારે જાણે કે કશુંક ભયાનક થયું હોય જેથી માબાપ પણ બોલતાં નથી એવું તે ધારે છે. પોતે બીજાઓ કરતાં કંઈ જુદો હોવાનું અગર તો પોતાને કોઈ ભયંકર રોગ થયો હોવાનું પણ ધારી લે છે. પણ આનાથી બીવાનું કે શરમાવાનું કોઈ કારણ નથી. શરીરમાં ઉભરાતી પ્રચંડ કામશક્તિનું એ તોફાન છે. એને અવગણી શકાય એમ નથી. જેને ભણતર કે ધંધામાં યા રમતગમત કે ઈતર પ્રવૃત્તિઓમાં રસ ન હોય અને કામાતુરતા મનમાં રમખાણ મચાવતી હોય તેમને આ દશા વધુ સતાવે છે. પણ આ સ્વાભાવિક સ્વપ્નસ્રાવથી કોઈ અશક્તિ આવતી નથી કે શરીર બગડતું નથી એથી નિર્વીર્યતા કે નપુંસકતા આવી જવાનો યા ભવિષ્યમાં પ્રજનન કરવાની શક્તિમાં કોઈ ખટકો આવી પડવાનો ભય રાખવાની પણ જરૂર નથી.

કન્યાને તો માતા રજોદર્શનની થોડીઘણી માહિતી આપે છે, પણ તરુણને તેની શરીરવૃદ્ધિની પ્રક્રિયાઓ કોઈ સમજાવતું નથી. વડીલના મૌનથી તે મૂરઝાય છે. આ માનસિક તાણની ક્યારેક શરીર પર અસર વરતાતાં વડીલો વૈદ્યદાક્તરનો આશ્રય શોધે છે; તો વળી કોક જાહેરાતમાં વાંચેલાં ફાર્મસીનાં તાકાતનાં ઔષધો આપમેળે લાવી છાનાંછપનાં ખાય છે, અગર તો કોક જાણીતા વૈદ્યદાક્તરની સલાહસૂચના પુછાવે છે. પણ આ સ્વપ્નદોષ એ તરુણ વયની થોડા સમય પૂરતી અવસ્થા છે. તેની ખાસ સારવારની જરૂર નથી. પણ કામોત્તેજનાથી જેને તે વારંવાર થયા કરે તેણે જાળવવા જેવી થોડી બાબતો પણ છે.

સ્વપ્નદોષ એ જ્ઞાનતંત્રની ઉત્તેજનાનું પરિણામ છે. આ ઉત્તેજના આપનાર બે બાબતો છે: આહાર અને વિચાર. આહારમાં મિષ્ટાન્ન, ફરસાણ તથા મરીમસાલાથી ભરપૂર તીખા તમતમતા ખોરાક છોડવા કે ઓછા કરવા. વહેલા ખાઈને ખુલ્લામાં બેએક માઈલ ફરવા જવું. રમતગમત અને અખાડાની પ્રવૃત્તિમાં ભળવું. બંધકોશ રહેતો હોય તો સૂતાં અગાઉ હીમજની પાવલીભાર ફાકી લેવી. વિચારોને શાંત પાડવા. અશ્લીલ અને ઉત્તેજક સાહિત્ય ન વાંચવું. મિત્રોની પસંદગીમાં વિવેક રાખવો. ગંદી વાતો અને ઉત્તેજક વાતાવરણથી વેગળા રહેવું. જાગ્રતાવસ્થામાં જે બાબતો ઉત્તેજક હોય છે તેનું નિદ્રામાં પુનરાવર્તન થતાં સ્વપ્નસ્રાવ થયા વિના નથી રહેતો.

ઇંદ્રિયની સ્વચ્છતા ખાસ જાળવવી. નાહતી વખતે રોજ ઇંદ્રિય ઉપરની ચામડી પાછી ખેંચી ફૂલને ચોખ્ખું કરવું. તેના ઉપર જામેલો સફેદ મળ કાઢી નાખવો. સૂતાં અગાઉ ઠંડા પાણીથી હાથપગ ધોવા. બોચી અને ઇંદ્રિય ઉપર ઠંડા પાણીની ધાર કરવી. પથારીમાં બેસી શાંત ચિત્તે ઈશ્વરસ્તવન કરવું. સ્વપ્નસ્રાવની બીક ફગાવી દેવી. આવી બીક પણ સ્વપ્નસ્રાવના કારણરૂપ થઈ પડે છે. ચત્તા કે ઊંધા સૂવાને બદલે પડખાભેર સૂવાની ટેવ પાડવી.

એવું મનાય છે કે પરોઢના ગાળામાં સ્વપ્નસ્રાવ પછી હમેશાં જાગી જવાય છે. જો આવું જણાય તો ચાર વાગ્યાના શુમારે પથારી છોડી દેવી. મોં ચોખ્ખું કરી હાથપગ ધોઈ વાચનમાં, ઈશ્વરસ્તવનમાં, લેખન કે ચિત્રણમાં કે બીજી કોઈ શોખની વૃત્તિઓમાં ચિત્ત પરોવવું. આવું થોડાક મહિના સુધી કરવાથી સ્વપ્નસ્રાવનું દુઃખ મૂળમાંથી જશે. આ કંઈ રોગ નથી એટલે એની દવાની જરૂર નથી. છતાં આયુર્વેદનું ઔષધ 'રસાયણ ચૂર્ણ' સવાર સાંજ બે વખત ચાલુ લેવાથી ફાયદો થશે.

શિશ્નને અડવાથી પેદા થતી આનંદદાયક લાગણી એક વાર અનુભવાયા પછી તેને અવારનવાર મૂઠીમાં પકડી ઘર્ષણ કરવાનું મન થાય છે અને આથી કામાવેગની પરાકાષ્ઠા સુધી ગયેલી ઉત્તેજના વીર્યસ્રાવ થયા પછી જ શાંત પડે છે. કદીક આપોઆપ અનુભવથી અગર તો લૈંગિક શક્તિની ચકાસણી માટે કે કદીક બીજા મોટા તરુણો પાસેથી શીખેલો આ લૈંગિક આનંદ હસ્તદોષ, મુષ્ટિમૈથુન હસ્તમૈથુનના નામથી ઓળખાય છે. બધા તો નહિ પણ મોટા ભાગના તરુણો કદીમદી આ આનંદ લૂંટવામાંથી બાકાત નથી રહેતા. કેટલીક કન્યાઓ પણ આવું કરે છે. આવો અનુભવ કર્યા પછી એક પ્રકારના ક્ષોભની પ્રબળ લાગણી પણ મનમાં પેદા થાય છે.

પણ થોડા તરુણો તો વારંવાર અને અતિશય હસ્તમૈથુનની ટેવમાં ફસાય છે. આથી થાક અને 'ખોવાઈ ગયાની' અને અગાઉ વર્ણવેલી સ્વપ્નસ્રાવ વેળાની લાગણીઓ પેદા થાય છે. છેવટે તેઓ પોતાની જાતને અંકુશમાં રાખી ન શકવાથી હસ્તમૈથુનના દુરાચારમાં અને પરિણામે શ્રમ, ક્ષોભ અને નીર્વીર્યતાના દુષ્ચક્રમાં અટવાય છે. એમની ભૂખ અને ઊંઘ બગડે છે અને વ્યક્તિત્વમાં વિકૃતિ આવવા સાથે આરોગ્યનો હ્રાસ થાય છે.

જે કોઈ તરુણ મન, શરીર અને લાગણીઓના સુમેળભર્યા વૃદ્ધિ ને વિકાસથી સુસજ્જ બની ગૌરવભરી જિંદગી બનાવવા માગતો હોય તેણે વિકાસ પામતી લૈંગિક શક્તિઓ વેડફી દેવાની નથી. વીર્યની કિંમત સમજાવતાં વિનોબાજી લખે છે; '...સૂક્ષ્મ વિષય છે. આપણી જે પ્રજ્ઞા છે બુદ્ધિ છે, તે જ્યોતિ છે. દીપકમાં જ્યોતિ હોય છે. નીચેનું તેલ એને મદદ પહોંચાડે છે, એથી જ્યોતિ જલે છે. તેલ ખલાસ થઈ જશે તો જ્યોતિ બુઝાઈ જશે. પ્રજ્ઞા જ્યોતિ છે, વીર્ય તેલ છે. જો વીર્યહાનિ થતી ગઈ તો પ્રજ્ઞા ખતમ થઈ જશે. શંકરાચાર્ય જેવા પ્રાજ્ઞ જ્ઞાની, બ્રહ્મચર્યની હાનિ કરતાંકરતાં આટલી પ્રજ્ઞા ધરાવી શકત એવી હું કલ્પના પણ નથી કરી શકતો. ન્યૂટન પોતાના કામમાં કેટલો તન્મય હતો! એને પ્રજ્ઞાની જરૂર હતી, પૂર્ણ વીર્યની–પૂર્ણ બ્રહ્મચર્યની જરૂર હતી. વીર્યહાનિ એટલે પ્રજ્ઞાહાનિ. પ્રજ્ઞા માટે વીર્ય ઉપયોગી છે. ચાહે આધ્યાત્મિક હો, ચાહે વૈજ્ઞાનિક, કોઈ પણ મહામેધાવી માટે પ્રજ્ઞા આવશ્યક છે. માટે વીર્યહાનિ થવા ન દેવી.'

કામાવેગ જો કે કુદરતી આવેગ છે, પણ કુદરતી આવેગોને છુટ્ટો દોર ન અપાય. બધા આવેગોને કાબૂમાં અને નિયમનમાં રાખવાના છે. આ આવેગનું કોઈ શાશ્વત મૂલ્ય નથી. તેને જલ્દીથી બીજાં કાર્યમાં પલોટવો જોઈએ. આના માટે તરુણે મથવાનું છે. આપણે ટેવોના કેવા ગુલામ છીએ એનો જો વિચાર કરીએ તો છક્ક થઈ જવાય, ચા પીવાના, ખાવાના, મળત્યાગના, ઊંઘના નિયત સમયે આપણને જે વિશિષ્ટ સંવેદનાઓ થાય છે તે બધું ટેવોનું પરિણામ માત્ર છે. એ જ રીતે જો હસ્તદોષની કુટેવ પડી હશે તો અમુક સમયે વિચારોના પરિબળ હેઠળ એ ક્રિયા માટે શરીરના અમુક ભાગો સળવળવાના જ. માટે સજગ બની એ ટેવનો સામનો કરવાનો છે. શરૂઆતમાં ટેવ વધારે સતાવશે, પણ મક્કમ સામનો થતાં એ ભુલાઈ જશે. જેમના મનમાં સતત સેક્સના વિચારો જ ઘોળાયા કરતા હોય તેમણે એવા વિચારોને ઉત્તેજન અને ઉશ્કેરાટ આપે એવાં પુસ્તકો ને સામયિકોનું વાચન, શૃંગારભાવવાળાં ચલચિત્રો જોવાનું અને મલિન ગંદા વિચારોવાળા મિત્રોની સંગત ને વાતચીત છોડવાં જોઈએ. એકલાઅટૂલા બેસી શેખચલ્લીના તરંગો કરવાનું છોડી મર્દાની રમતગમતોમાં, ઈતર સામાજિક પ્રવૃત્તિમાં અને ગંભીર માનસિક કામમાં રસભેર જોડાવું જોઈએ. કાકાસાહેબ કાલેલકરનું એક સરસ સૂત્ર છે: 'કામનું ઓસડ કામ છે.' (ચાલુ)

કન્યાવિદાય: કણ્વવિદાય

અંતરગઠરી · ૪૧

ચન્દ્રવદન ચી. મહેતા



'કન્યાવિદાય'નાં પાત્રો સાથે લેખક

જવાના છેલ્લા દિવસોમાં મોટા થીએટરની નીચેના ભોંયરામાંના ઍરીના થીએટરમાં મારી રૉકફેલર સ્કૉલરશિપના કરારનામા પ્રમાણે મારે અહીં એક નાટક—એક પ્રયોગ પણ ભજવવાનો હતો. એ માટે ભારે તૈયારી ચાલી રહી હતી. ભજવવું તો શાકુન્તલ અને તેમાં એનો ચોથો અંક તો ખાસ, વિગતવાર અને તે યે અંગ્રેજીમાં. એ પ્રયોગ માટે ત્રણ આશ્રમ-કન્યાઓની શોધમાં ઘણો વખત નીકળી ગયો. સત્રાંત એટલે ખર્ચ માટે બજેટના વાંખા. આપણે ત્યાં ફાઈનાન્શિયલ વર્ષ પૂરું થવા આવે ત્યારે વણવપરાએલી મોટી રકમ પડી હોય: વાપરો, વાપરો, નહિ તો 'લૅપ્સ' થશે. અને ઉતાવળમાં ગમે તેમ યોજનાઓ ઘડી કાઢીએ. પણ ત્યાં બધું વ્યવસ્થિત. વપરાય બરાબર, પણ વધારે વાપરો તો સમજ એવી કે સત્રાંતે થોડી રકમ મળી પણ રહે, એવો વિશ્વાસ. તો પણ શાકુન્તલ ભજવવા માટે બજેટ કરવું શી રીતે? છેલ્લા છ મહિનાથી એનો વિચાર તો કરતો જ હતો. આહાર્ય માટે વસ્ત્રાભૂષણ વગેરેની ભાંજગડ તો ચાલુ જ હતી. હિન્દથી દાગીના-સાડી મંગાવવાં પાલવે એમ નહોતું; અને મંગાવીએ તો એમાં કસ્ટમ ખાતાંઓની અનેક આંટીઘૂંટીઓ હતી, એટલે એનાથી જેમ બને તેમ દૂર રહેવામાં ડહાપણ માનવાની ટેવને પરિણામે બધું ત્યાંથી જ એકઠું કરવાનું નિરધાર્યું હતું.

કામ અઘરું હતું. અમેરિકાનાં થીએટરોનો કંઈક ખયાલ હવે મને આવ્યો હતો. બ્રોડવે, યુનિવર્સિટી થીએટર અને શિકાગોનાં નાનાંનાનાં આપણે જોએલાં એવાં ગેમ થીએટરો, એમ ત્રણ તો મોટા વિભાગો. એમાં અહીં મિશિગન સ્ટેટમાં, પ્રેક્ષકોએ એકાદ બે વર્ષમાં જ પોતાને આંગણે ચેકૉવ, ઈબસન, શૂદ્રક, શેક્સપીઅર, રવિશંકર, અલી અકબરખાન, ઝુબેન મહેતા, મેક્સિકોનાં ફૉલલોરિકો નૃત્યો, બાલે, ઑપેરા, જાવા-જાપાનનાં શૅડો પ્લે-નો પ્લે જોએલાં. એવાઓની આગળ કાલિદાસ રજૂ કરવો, એ જરા વિકટ કામ હતું. ફાર્લી રિચમંડની મદદથી હામ ભીડી હતી. નાજુક સુકોમલ કન્યકા તો મળે જ ક્યાં—હિન્દી વિદ્યાર્થીઓમાંથી એક પણ લેવાના નહિ, એવી આંતર-સમજણ હતી. બાકી ત્રણચાર—એકબે તો વડોદરા-અમદાવાદની—કન્યકાઓ હતી જ. પણ અહીંનાં સાત ફીટ ઊંચા થાંભલા જેવા પગવાળાં રાંડોડી કન્યારત્નોમાંથી શકુન્તલા શોધવાની, અને તે પાછી રંગભૂમિની જાણકારીવાળી વળી!

વિગનો જ વિચાર કરીએ તો ૪૦-૫૦ ડૉલરનું એકેક નંગ પડે. એની ગણતરી રાખવાની. અમારે ત્યાં બાલે ડાન્સિંગના વર્ગો અમારાથી અલાયદા. સંગીત અને નૃત્યશાળા જુદી. કૅમ્પસમાં પણ જરા આઘે. ત્યાં પહોંચી બાલે શીખવનાર પ્રો. મિસ ડિક્સી ડરની સલાહ લીધી. અને છેને નસીબ! વાતો કરતાં એ પોતે જ તૈયાર થઈ! ઊંચી ખરી, પણ નાજુક બાંધણીની. ભલે મુગ્ધભાવ નહિ પણ લાવણ્ય તો નિપજાવી શકાય એવું લાગતાં એને શકુન્તલાના પાઠમાં નક્કી કરી. ત્રણચાર સાહેલીઓ શોધવી રહી. યુનિવર્સિટી કૅમ્પસના છાપામાં જાહેરાત, અને ત્રીજે દિવસે વીસત્રીસ કન્યકાઓ હાજર થઈ ગઈ! એમાં એક (ઝ અને સ વચ્ચેના ઉચ્ચારના નામની) સરિતા કટકુસને, એના નામને લઇને, તરત પસંદ કરી. 'ક્યાંના તમે?' 'અસલ લિટુઆનાનાં'. સમજ પડી અમને; 'તમારે ત્યાં ઘણાં સંસ્કૃત નામો હશે.' 'છે જ.' પોલૅંડનાં એ નાનકડાં પરગણાં હવે તો સોવિયેટ પ્રદેશમાં ભેળવી દેવામાં આવ્યાં. ત્યાં ફિનલૅન્ડની માફક ત્યાંની ભાષામાં સંસ્કૃતના ઘણા શબ્દો, રશિયન ભાષામાં મળે છે તેમ, મળી આવે છે. ઉદક એટલે પાણી; અને ઉદકા-વોદકા એમાં ધાતુ એક જ છે. પણ આપણે એ આડી વાતમાં ક્યાં જઈ પડ્યા!

પછી સવાલ આવ્યો લખાણનો. અંગ્રેજી અનુવાદ કયો પસંદ કરવો? રાઈડરથી માંડી હેન્રી વેલ્સ સુધીનાનાં ચારપાંચ ભાષાંતરો મોજૂદ હતાં. પણ અમે અમારો જ પાઠ પસંદ કર્યો. છોકરાઓ ઉત્સાહી હતા. એમનો સાથ લઈ અમે અમારી સ્ક્રિપ્ટ બનાવી. (છે મારી પાસે.) શરૂઆતના પ્રસંગો ટુંકાવી, વાર્તારસ વહેતો રાખી, ચોથા અંકને સારી રીતે બહેલાવવાનું નિરધાર્યું અને ત્યાં જ નાટક સમાપ્ત કરવાનું વિચાર્યું.

પરદો નહિ, કેવળ પ્રકાશ; ને આખું ઉપવન પ્રેક્ષકની કલ્પના દ્વારા ખડું કરવા જાતજાતની યુક્તિઓ અજમાવી. ત્રણે બાજુ પ્રેક્ષકો, એક જ બાજુ પ્રવેશ. બીજી દિશામાં ચાલ્યા જવાનું ગોઠવી, આંબો, કોયલ, તરુલતા, હરિણી, મોર, તળાવપાળ બધું મૂક—માઈમથી ઉઠાવ આપવાના સંકેતો વિચારી લીધા. બનાવડાવી માત્ર અગ્નિને રાખવાની વેદી. તે પણ એક ખૂણામાં. બાકી બધું મુદ્રા, સંકેત અને અભિનય થકી દર્શાવવા વિચાર્યું. ઉપરાંત ધ્વનિ. ધ્વનિ એટલે માઇક્રોફોન નહિ, પણ અમુક શ્લોકો ગોખાવી સંઘગાન જેવું ગોઠવી વાતાવરણ ખડું કરવાનું વિચાર્યું. શિકાગોમાં એક સિતાર વગાડનારની જાણ થતાં એમને પકડી મંગાવવાનું ઠરાવ્યું. રુદ્રાક્ષ હિન્દુસ્તાનમાં મળે, એ કરતાં સહેલાઈથી ન્યૂ યૉર્કમાં મળે એની જાણ થતાં એ પણ કોથળી ભરી ત્યાંથી મંગાવી લીધાં! ફૂલ મેળવવાં અઘરાં હતાં. મળે, પણ આપણે ત્યાં મળે એવાં તો નહિ જ. અને વેણી ગૂંથી કિયા અંબોડા શણગારવા? શણગારાય, વિગનો ખરચો કરીએ તો તે પણ થાય; પણ જ્યાં અલંકારનાં સાંસાં, ત્યાં અલંકારવું શી રીતે? ત્યાં કિયા વનદેવતા લાક્ષારસ કે વસ્ત્રાભૂષણોના થાળો ભરી અમને ભેટ ધરવા આવવાના હતા? એવો લાભ તો કાલિદાસને મળ્યો, અમને અહીં કોણ એવી ભેટસોગાદ મોકલવાનું હતું?

નાટકની રજૂઆત વિચારી. સૌથી પહેલાં પ્રાર્થના. 'ૐ ભુર્ભુવસ્વ'નો ગાયત્રી મંત્ર દસેક જણ પાસે ગોખાવ્યો. બહાર ત્રણ આશ્રમવાસીઓ એ શરૂઆતમાં બોલે. એનો પ્રતિધ્વનિ અંતરપટમાંથી ઊપજે. મોટા ભાગના સંગીતના વિદ્યાર્થીઓને પસંદ કર્યા હતા, એટલે અવાજ સાફ, ને ચોખ્ખું સંસ્કૃત બોલતા હતા! એ શ્લોક બાદ ત્રણ મિનિટ મારું પ્રવચન.

એક શરૂઆતમાં ઉભયાઉભય સારિકાનો ભાણ, અંગ્રેજીમાં ઉતાર્યો હતો, તે અમારા એક વિદ્યાર્થી કરી જશે. પછી શાકુન્તલના પહેલા પ્રસંગોના ટુકડા, દુષ્યંત વિના, વિદૂષક વિના. જળસિંચન, હાસ્ય, ગૌતમી, શકુન્તલાનો પ્રણય, પછી લતામંડપ હેઠળનો સંવાદ તે અંતરપટમાં. વચ્ચે સ્થલાંતર સૂચવતું સિતારનું સંગીત, અને દુર્વાસા પગ પછાડતા નીકળે. પાછળ પ્રિયંવદા અને પછી અંતરહિતેનો સંસ્કૃતમાં શ્લોક—અને શિષ્યો પ્રભાતકાળે કેટલો સમય થયો છે તે જોવા નીકળે. અને ત્યાં સૂર્યેભ્યો નમઃ ત્રણ વાર ઉચ્ચાર, અંદરથી ઉચ્ચાર, આ બધી તરકીબો વાતાવરણ સ્થાપવા માટે યોજી હતી. તે, ને આખો ધીમેધીમે ચોથો અંક અંગ્રેજીમાં

વચ્ચે ક્યાંક 'વહ્નયઃ પાવયન્તુ' ત્રણચાર વાર એક સૂરમાં એક ઘેરમાં અંક થકી. અને પછી દસબારના અવાજે સંઘમાં ઉચ્ચારાય. ક્યાંયે લાંબું ન થાય એની સાવચેતી. સખીઓના વાર્તાલાપ, શકુન્તલાનો પ્રવેશ, કણ્વનું આગમન અને આશીર્વાદ, અને પછી કાલિદાસે જે રસની કલા બહલાવી છે, એ બધું ધીમેધીમે વનશ્રી ઉપાવીની સમૃદ્ધિ કલ્પના થકી સ્થાપિત કરતાં, ચારે કોરની રંગભૂમિનો ઉપયોગ કરતાં, હવ્યના ગન્ધ-વિસ્તારતી વેદીની પ્રદક્ષિણા. ત્યારે બહાર તથા અંદરથી 'વહ્નયઃ પાવયન્તુ'-ના લંબાતા જતા સંઘ ઉચ્ચારણ—તે મંદ મોટું, મન્દ મોટું એમ આખર સુધી. અને છેવટ વિદાયનું દૃશ્ય. એમાં ક્યાંક શબ્દો વિના મૌન થકી, સ્પષ્ટ અભિનય થકી: વંદન, વિરહ, આંસુ, ભાવોદ્રેકતા. ત્રણચાર સખીજનોનું ભેટવું, ચિત્રાત્મક આયોજન. શકુન્તલાનું જવું, કણ્વનું ઠરડાટે પગલે પાછા ફરવું, પોતે અદૃશ્ય થાય તે પહેલાં સખિવૃન્દને અંદર જવા સંકેતથી દોરવવી. પછી 'દીકરી એ પારકું ધન' એ ઉક્તિ એ ખાલી રહે, અને પછી જતાં પહેલાં એ ઘડીક વિચારમાં મગ્ન થઈ ઊભા રહ્યા બાદ નાટકની માયા ભાંગી નાખે અને આગળ વધી બધાંને વંદન કરે.

આમ 'શાકુંતલ' ભજવાઈ રહ્યું ત્યાં તો આખા શ્રોતાગણે ભર્યાભર્યા ઉમળકે તાળીઓથી બધી નટમંડળીને વધાવી, અને પછી અમારા કણ્વ આ કણ્વનો હાથ પકડી તેને આગળ આણ્યા, ત્યારે આખું ઑડિયન્સ એકીસાથે ઊભું થઈ ગયું. દોઢ કલાકની રમઝટ પૂરી થઈ.

કણ્વમાં રૅલે મિલર પ્રૌઢ અને ધીરગંભીર પ્રકૃતિનો વિદ્યાર્થી હતો. ભાણમાં જિમ સ્ટકી દેવળના પાદરીનો છોકરો, એ પણ એક જોગાનુજોગ. ગૌતમી માર્ટા નિકૉલસ ત્રણચાર વાર બંગાળ આવી રહી ગએલાં, એની મદદ અને જાણકારીનો ઉપયોગ કરી લીધો. રસિકા અને મધુરિકા બે વધારાની સખિઓ ક્યાંક આયોજન માટે, ગ્રૂપિંગ માટે કે નાટકને ઉઠાવ આપવામાં સારા ખપમાં લાગી ગઈ, અને શકુન્તલા ડિકસી ડરે બન્યાં. એમણે એટલી સમજ કાળજી અને નજાકતથી પોતાનો પાઠ કર્યો કે બસ!

કોઈ નાટક, સંમેલન કે ખાસ પ્રસંગ ઊજવવાની તૈયારી કરી એ પૂરો થાય ત્યાર બાદ એને બીજે દિવસે ઘણી વાર જીવન ખાલીખમ—કંઈ જ ન કરવાનું હોય તો યે કંઈ ન સૂઝે, એવું બ્લૅંક નથી લાગતું? બે મહિના, ને છેલ્લા પંદરેક દિવસ તો સતત, કામમાં રચ્યાપચ્યા રહ્યા બાદ આ સાંજ પૂરી થઈ. હવે થાકેલા ઊંઘી તો ગયા, પણ પછી સવાર કેટલી નિષ્ક્રિય લાગે છે! રૅલે મિલર તો કણ્વનો પાઠ બીજે દિવસે ભૂલી ગયો હશે, ને પોતાના કામમાં આગળ ચાલ્યો જતો હશે. પણ મારે હવે આ આશ્રમની ભોમકા છોડવી પડવાની. હું જ અહીંનો કણ્વ. શકુન્તલાને નહિ, મારે અહીંથી વિદાય લેવાની! આંગળીને વેઢે ગણાય એટલા જ દિવસો બાકી છે.

ત્રણ કલાકમાં જ ઘરના બંને ખંડ સાફ કરી નાખ્યા, કાગળિયાંના બંડલ પોસ્ટ મારફત રવાના, હું સાથે લાવેલો તે ચોપડીઓ લાયબ્રેરીને ભેટ, અને બાકી બે બૅગમાં કપડાં ભરતાં, દિવસ આખો પણ ન વીત્યો. આ અમારી ચેરી લેન, અમારી નાનકડી નદી, આ હરિયાળી, આ યુનિવર્સિટી ગામ—આશ્રમની બહારના રસ્તાની પેલી પાર એકેકી દુકાનમાં એકેક બબ્બે જણ જોડે દોસ્તી. અમારી કૉલેજની ટ્રાવેલ એજન્ટ્સની દુકાન: પૈસા પછી મોકલજો! લાન્સિંગના ગામડામાં ઘેરબેઠાં અલાસ્કા કે મેક્સિકો, ટોકિયો કે રિયો ડી જાનેરોની ટિકિટ રીઝર્વ કરી આપે! આંખના ડૉક્ટર ને એનો કબીલો. બાજુ ઉપરની પોસ્ટ ઑફિસમાંના વેચાણ કાઉન્ટર પરનો નિકૉલસ, વૉશિંગ કંપનીની માલેકણ, બૂકસ્ટૉલનો રૉબિ— અને આશ્રમમાં ફૅકલ્ટીથી માંડી પડોશમાંના અનેક સાથીદારોને છોડવા પડવાના. શકુન્તલા ગઈ, હવે કણ્વ જશે. આ કૅમ્પસની વિદાય લેશે!

'૬૭માં નીકળ્યો, પણ '૬૯માં પાછો આઠ દિવસ જઈ આવ્યો: પરંતુ પહેલાંનો નિવાસ અને ત્યારની વિદાય વસમી હતી. ફાર્લી, યાસ્મીન મોદીને લઈ ઑકલેહામા પરણવા જવાનો હતો. વૅકેશનમાં કૅમ્પસ પણ થોડુંઘણું વિખેરાવાનું હતું. વિદાયનો છેલ્લો મેળાવડો ડૉ. ઓયરને ત્યાં હતો. અને અહીં, આ ઈસ્ટ લાન્સિંગથી બસો-અઢીસો માઈલ દૂર દક્ષિણે ફૉર્ટ વેઈનમાં પદ્મા અને વસંત ૧૯૪૭માં પરણ્યાં, એ વાતને વીસ વર્ષ થતાં એ બંને આજકાલમાં અહીં આવવાના હતાં એનો, અહીંથી નીકળતાં પહેલાં મળવાનો આનંદ થતો હતો. 'કન્યાવિદાય' ગુજરાતીમાં ઉતાર્યું, એ વાતને પણ વીસ વર્ષ થયાં. એનો અંગ્રેજી અવતાર લાન્સિંગમાં ભજવતી વેળા એ બંને બેપાંચ દિવસ આડાંઅવળાં થવાના લીધે હાજર રહી શક્યાં નહિ, એનો રંજ થતો હતો; તો શાકુન્તલ થઈ ગયા બાદ એ બંને આવ્યાં ને નાટક વિષેની વાતો સાંભળી એ સંતોષ હતો. (ચાલુ)

લઘુકથા

'વિષમ ત્રિકોણ'

રમેશ ત્રિવેદી

નવનીતલાલે ટપાલમાં આવેલું કવર ફોડી પત્ર વાંચવા માંડયો:

'શ્રીમાન નવનીતલાલ,

સૌપ્રથમ તો આપને મારી ઓળખ આપી દઉં. છેલ્લા આઠ મહિનાથી હું આસામમાં સાવ સામાન્ય કારકુન તરીકે વેતરું કરું છું. હવે બાકીનો મારો પરિચય તમારી નવી પરણેતર નેહા આપશે. એને પૂછજો, એ ભરૂચના મુફલિસ જયંત શાહને ઓળખે છે. શેઠ, મેં હમણાં જ જાણ્યું કે તમે માત્ર પિસ્તાળીસમા વરસે નેહાને ખરીદી છે. તમારી પસંદગી મને ગમી છે. મારી પાસે શેષ સ્મૃતિ રૂપે નેહાના પત્રો રહી ગયા છે. ગભરાશો નહિ મુરબ્બી, નેહાની ઈજ્જત એ મારી ઈજ્જત છે. હું સત્વર બધા જ પત્રો આપને મોકલી આપીશ. ભગવાન સીતા જેવી નિષ્કલંક નેહાના સૌભાગ્યને અખંડ રાખે એવી ભાવભીની પ્રાર્થના.

—એક અદનો આદમી જયંત શાહ'

નવનીતલાલે એકીશ્વાસે પત્ર પૂરો કરી કપાળે હાથ ફેરવ્યો. ખંડમાં એક પ્રલંબ નિઃશ્વાસ તરતો મૂકીને એ સોફા પરથી લથડતે પગે થોડુંક ચાલીને મેજ પાસેની ખુરશી પર બેસી પડયા. થોડાક સ્વસ્થ બની એમણે પેન ખોલી, લેટરપૅડ લીધું અને લખવા માંડયું:

'પ્રિય ભાઈશ્રી,

નેહાના અતીત પર તમે પ્રકાશ પાથર્યો તે બદલ આભાર. નેહાને મેં ખરીદી છે એવા તમારા અભિપ્રાય સાથે હું સહમત છું. હું વિધુર બન્યો ત્યાર પછી કેટલાક મિત્રો-સગાંસંબંધીઓએ મને ફરી લગ્ન કરવા ખૂબ સમજાવ્યો. મેં સ્પષ્ટ ના કહેલી. પણ...જ્યારે મેં મારી ઑફિસમાં નવી આવેલી નેહાને જોઈ ત્યારે મારું સમસ્ત ઊર્મિતંત્ર ક્ષુબ્ધ થઈ ઊઠયું. મનઃચક્ષુ સામે વારંવાર મારી મૃત પત્ની રેખા સાકાર બનવા લાગી. ખૂબ માનસિક યાતના ને સંઘર્ષ અનુભવ્યા પછી લાચાર બનીને અંતે નેહાના બાપ પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. એનો ગરીબ લાલચુ બાપ મારી લખલૂટ સંપત્તિ જોઈને ખુશખુશાલ બની ગયો. નેહાનો અભિપ્રાય માગ્યો ત્યારે એ તદ્દન મૂગી રહી. એના મૌનને મેં અનુમતિ માની. ઓહ! નેહાએ બાપની લાચારીને ફગાવી દઈને અસલિયત પ્રગટ કરી હોત તો...? જયંતભાઈ, આજે મારું હૈયું પ્રચ્છન્ન રીતે ખવાતું જાય છે. દુઃખ તો એ વાતનું છે કે નેહાને ન તો હું પામી શક્યો ન તો તમે. એણે લગ્નના બીજે જ દિવસે...'

પત્રમાંથી ઊંચકાએલી નવનીતલાલની ઊંડી ઊતરેલી કરુણાર્દ્ર આંખો ખંડની શૂન્યતાને ચીરી દીવાલ પર લટકતી નેહાની છબી પર ઝૂલી રહી.

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો

મનોમંથન

૧૫ સી. આઈ. ડી.ને સજા

અમારી કૉલેજ અને એનાં છાત્રાલયોની બાજુ એક લાંબી ટેકરી ફેલાએલી છે. એને દૂરને છેડે ચતુર્શિંગીનું મંદિર અને ગણેશ ખિંડનો રસ્તો આવેલો છે, જે આગળ જતાં ગવર્નરના પ્રાસાદ તરફ જાય છે.

ટેકરીનો જે ભાગ અમારા છાત્રાલય પાસે હતો ત્યાં અમે ઘણાખરા વિદ્યાર્થી રોજ સાંજે ઉપર ફરવા જઇએ. એની જ બાજુએ પહાડની એક મોટી ભેખડ કોતરીને એક શિવજીનું મંદિર બનાવેલું છે. મંદિર એટલે કેવળ એક ગુફા. ત્યાં પણ અમે જઇને જરા બેસીએ. કોલ્હાપુર તરફના એક ભાઈ અવારનવાર એ ગુફાની અંદર બેસી ગીતો ગાય. ગુફાની અંદર ગીતોનો પ્રતિધ્વનિ ગુંજે તે ઘણું આનંદદાયક લાગતું.

એ ગુફા-મંદિરમાં કોક વાર એકાદ સાધુ આવીને રહેતો. ગામમાં જઈને ભિક્ષા માગી લાવે અને આરામથી ત્યાં રહે. કો'ક કો'ક વાર બીજા સાધુઓ પણ આવીને થોડા દિવસ ત્યાં રહેતા.

એક વાર વાત ચાલી કે કૉલેજના વિદ્યાર્થીઓમાંના કેટલાક ક્રાંતિકારી વિદ્યાર્થીઓની એક ગુપ્ત સંસ્થા છે. એ ગુફા આગળ એ સંસ્થાની સભાઓ થાય છે. આવી વાતો ચાલે એટલે બધાની કલ્પનાશક્તિ દોડવાની જ. કો'કે કહ્યું કે સરકારના પોલીસ ખાતાના કેટલાક લોકો સાધુને વેષે ત્યાં આવીને રહે છે અને વિદ્યાર્થીઓ ઉપર ચોકી રાખે છે.

વાત ક્યાં સુધી સાચી છે એની તપાસ કોણ કરે? એક જણ બીજાને કહે, બીજો ત્રીજાને, ત્રીજો સાંભળેલી વાર્તા વધારે રોચક અને અદ્ભુત આશ્ચર્યકારક બનાવવા માટે મરજીમાં આવે તેમ એ વાતોમાં ઉમેરો કરે. જોતજોતાંમાં અમુક વિદ્યાર્થીઓએ નક્કી કર્યું કે એ મંદિરમાં થાણું નાખીને પડેલા પોલીસોને ઠેકાણે પાડવા જ જોઇએ.

એટલામાં ભોગજોગે એ મંદિર તરફનો કોઈ સાધુ (એનો વેશ પૂરો સાધુનો યે ન હતો. હશે કોઈ રખડુ માણસ) પૈસા માગવા કે એવા કાંઈ કારણસર અમારા છાત્રાલયની આસપાસ ફરતો દેખાયો. એક જણે કહ્યું: 'જુઓ તો આ સી. આઈ. ડી.વાળાઓની હિંમત! અમારા ઉપર ચોકી કરવા મંદિરમાં બેસે છે તે તો ઠીક, પણ હવે અમારી કૉલેજની ભૂમિ ઉપર, ખાનગી છાત્રાલયમાં પણ અમારા ઉપર નજર રાખવા આવી ચડયો છે. ખાનગી જગ્યામાં આવવાનો આ પોલીસોને હક શો? બીજાએ કહ્યું: 'ચાલો આપણે એને પકડીને, ધક્કા મારી હાંકી કાઢીએ.'

ટોળાનું માનસ આવા કામમાં ઝટ તૈયાર થાય છે. બેચાર જણાએ એને પકડયો અને 'પોલીસ કા કુત્તા' કહી બે ત્રણ ધક્કા માર્યા. એટલામાં એક જણ વચ્ચે પડયો, અને જોરથી બોલ્યો: 'જવા દો એ ભાઈને બીચારાને કેમ મારો છો? એકલો તો છે.'

(તમને થશે કે કાંઈ નહિ તો એક ભાઈમાં ધર્મબુદ્ધિ જાગી. ચાર જણ મળીને એકને મારે એમાં હીણપત છે એમ સમજીને એ વચમાં પડયો. પણ એવું ન હતું. જે ભાઈ વચ્ચે પડેલો એણે જ પોતાના પુરુષાર્થનું વિગતવાર વર્ણન મારી આગળ કરેલું. એનું નામ અત્યારે યાદ નથી આવતું. અને આવત તોયે અહીં નોંધી રાખવાની ઇચ્છા ન થાત.)

એણે પેલા બીચારાની બહુ નજીક જઈ જોરજોરથી કહ્યું: 'જવા દો આને. શા માટે એને મારો છો?' આમ કહી મારનાર લોકોને ડાબે હાથે રોકે, અને પોતે જમણે હાથે પેલા ભાઈની પીઠ ઉપર જોરથી મુક્કા લગાવે! ફરીફરી કહે: 'જવા દો એને' અને એ દરેક વખતે મુક્કા લગાવતો જાય!

આ બધું ધાંધલ ચાલતું હતું એટલામાં એક પ્રોફેસર ત્યાં આવી ચડયા. એમણે છોકરાઓને તોફાન કરતાં રોક્યા અને પેલા માણસને પૂછયું: 'છે શું?' રોતલ અવાજે એણે કહ્યું: 'મેં કશું નથી કર્યું સાહેબ, અહીંથી જતો હતો એટલામાં આ લોકો મારા પર ધસી આવ્યા અને સી. આઈ. ડી. કુત્તો કરીને મારવા લાગ્યા.' પછી એ કહે: 'આપ આવ્યા તે પહેલાં આ ભાઇએ મને બચાવ્યો. એણે આ લોકોને વાર્યા ન હોત તો કોણ જાણે મારા શા હાલ થાત? પણ આ ચાર જણ ઉપરાંત કોઈ એક મારી પાછળ હતો. એણે તો મારી પીઠ પાછળ એવા તો મુક્કા માર્યા છે કે ન પૂછો વાત.' આમ જેણે વધારે માર માર્યો તે જ એની નજરમાં એને બચાવનાર ધર્માત્મા સાબિત થયો!

પછી બધી વાત પ્રિન્સિપલ સુધી પહોંચી. એમણે છોકરાઓને ધમકાવ્યા. જે વિદ્યાર્થી બચાવનાર ધર્માત્મા તરીકે સાબિત થયો હતો એને પ્રિન્સિપલે શાબાશી આપી અને પ્રકરણ ત્યાં પૂરું થયું.

અમે માન્યું હતું કે પોલીસ તરફથી કાંઈક તપાસ થશે, અથવા કૉલેજના અધિકારીઓ ઉપર પોલીસ ખાતાનો કાગળ આવશે. પણ એવું કશું થયું નહિ. છોકરાઓ કહેવા લાગ્યા કે જોયું? ચોરીથી સી. આઈ. ડી. મોકલ્યો હતો અને તે કૉલેજની ભૂમિ પર જ સપડાયો એટલે પોલીસ ખાતાએ ચુપકીદી સાધવામાં જ ડહાપણ માન્યું.

મેં કહ્યું: 'કદાચ તમે કહો છો એમ જ હશે. છતાં એમ પણ હોય કે પેલો માણસ કદાચ સી. આઈ. ડી.નો ન યે હોય. કોઈ ગરીબ માણસ ટૂંકો રસ્તો લેવા છાત્રાલયની બાજુથી જતો હોય; અને એણે પોલીસમાં ફરિયાદ દાખલ ન કરાવી હોય. પોતે બચી ગયો એ જ ગનીમત માનીને એ બીચારો પોતાને રસ્તે ચાલ્યો ગયો હોય. આ આખો કિસ્સો પોલીસ ખાતાને કાને ગયો હશે કે નહિ એ આપણે જાણતા નથી. ગયો હોય તો યે ઉપરી અમલદારોએ માન્યું હશે કે કોને માર પડયો તે આપણે જાણતા નથી, અને માર ખાનારે ફરિયાદ પણ કરી નથી, તો પછી આપણે પ્રિન્સિપલને સામેથી કાગળ લખી એક નવું પ્રકરણ નાહક શા માટે ઊભું કરીએ? એટલે એ તરફ ધ્યાન ન આપવામાં જ ડહાપણ છે. મારી વાત વિદ્યાર્થીઓએ સાંભળી. કોઇને ગમી નહિ. પણ કોઇને કશું કહેવા જેવું પણ સૂઝ્યું નહિ. બધા વિખેરાઈ ગયા.

આમ તો આ પ્રકરણ નજીવું છે, પણ મને યાદ રહ્યું હોઈ કૉલેજના દિવસોના અનુભવમાં એને સ્થાન આપવાનું મન થયું. કેવળ વિદ્યાર્થીમાનસ નહિ પણ ટોળા-માનસ કેવું હોય છે એ વિષે આ પ્રકરણને લઇને ઘણું લખી શકાય. પણ વાચક પોતે જ આના ઉપર વિચાર કરે. ખાસ કરીને પ્રજારાજ્યના આ યુગમાં જ્યારે સામાન્ય ટોળાના જ હાથમાં પોતાના રાજ્યકર્તા ચૂંટી કાઢવાનો અધિકાર પહોંચ્યો છે ત્યારે. □

હરિ: ૐ આશ્રમ તરફનું
જૂન અંક માટેનું રૂ. ૫૦નું

જીવનચરિત્ર પારિતોષિક

'આલ્બ્રેખ્ટ ડ્યુરર'ના લેખક
શ્રી બિહારીલાલ ટાંકને આપવામાં આવ્યું છે.

સાહિત્યસંપર્ક

ગાંધીજીના સતત કાર્યરત અને વિચારરત, જાહેર તેમજ બિનજાહેર જીવનનું દસ્તાવેજી પ્રતિબિંબ પાડતાં, નાની ચિઠ્ઠીથી માંડી ભારત પરની બ્રિટિશ સલ્તનતને પડકારતા લેખો સુધીનાં લખાણો (પત્રો, વ્યાખ્યાનો સુધ્ધાં)નો નિઃશેષ મૂલ્યવાન સંગ્રહ પ્રકટ કરવાની એક માત્ર યોજના, તે માટે નિર્ધારિત એક ટ્રસ્ટ દ્વારા કેટલાક વર્ષથી ચાલે છે. તેમાં અંગ્રેજી ભાષામાં 'કલેક્ટેડ વર્ક્સ ઑવ મહાત્મા ગાંધી', ગુજરાતીમાં 'ગાંધીજીનો અક્ષરદેહ' તેમ હિંદીમાં 'સંપૂર્ણ ગાંધી વાઙ્મય' નામની સાથે ગ્રંથશ્રેણીઓ પ્રકટ થાય છે. એ પૈકી જે ગુજરાતી ગ્રંથશ્રેણી નવજીવન પ્રકાશન મંદિર તરફથી પ્રકટ થઈ રહી છે તેના ૧૬ ભાગ સુધીનો પરિચય તો અગાઉ 'કુમાર'માં આવી ગયો છે. હિંદી ગ્રંથશ્રેણી 'માહિતી ઔર પ્રસારણ મંત્રાલય નયી દિલ્હી-૧' દ્વારા કાચા પૂઠામાં પ્રકાશિત થતી હોઇ તેની કિંમત ગુજરાતી ગ્રંથમાળા કરતાં ઓછી (પ્રત્યેક ગ્રંથના રૂા. ૭-૫૦) હોઈ તે સંઘરવી ઘણાને અનુકૂળ થઈ પડશે. અહીં એ શ્રેણીઓના તાજેતરમાં બહાર પહેલા ગ્રંથોનો જે પરિચય આપીએ છીએ તે પરથી સહેજે પ્રતીતિ થશે કે તેનો વ્યાપ તથા તેનું દસ્તાવેજી તેમજ સાહિત્યિક મૂલ્ય તેના નામને સાર્થક કરે છે. ગાંધીજીના અમર વારસા અને સ્મારક જેવી આ ગ્રંથ શ્રેણીઓ ગામ-ગામડાં તેમજ શાળા-કૉલેજોની લાયબ્રેરીઓ તો વસાવશે જ, પણ પરવડી શકે તે સૌ ગૃહસ્થો અને વિદ્યાર્થીઓએ પણ આ ગ્રંથમાળા અવશ્ય વસાવવી ઘટે.

ગાંધીજીનો અક્ષરદેહ

ગ્રંથ ૧૭ ઈ. ૧૯૨૦ના ફેબ્રુઆરીથી જૂન સુધીના સમય દરમિયાનના રાષ્ટ્રીય અસંતોષના પ્રવાહને વ્યક્ત કરે છે. આ સમયમાં હિન્દુ-મુસ્લિમ બંને કોમના વિશ્વાસપાત્ર આગેવાન બની ગાંધીજીએ રાષ્ટ્રનું સાચું સુકાનીપદ ધારણ કર્યું. હોમરૂલ લીગના પણ તેઓ અધ્યક્ષ થયા. આ સમયના અશાંત વાતાવરણ વચ્ચે એમણે પંજાબનાં રમખાણોનો રિપોર્ટ ઘડચો, કૉંગ્રેસના નવનિર્માણની શરૂઆત કરવા માટે એના નવા બંધારણનો ખરડો તૈયાર કર્યો ને રચનાત્મક કાર્યક્રમ પર સતત ભાર વધાર્યો. સુધારેલા રેંટિયા માટેની તથા ખાદી ને દેશી ભાષાઓને શિક્ષણ-માધ્યમ બનાવવાની હિમાયત આ સમયમાં તેઓ સતત કરતા જોવા મળે છે. - એસ્થર ફેરિંગ ને મહાદેવભાઈ દેસાઈ પરના આ ગ્રન્થમાંના એમના પત્રોમાં સામાના ઘાને જાદુઈ સ્પર્શથી રૂઝવવાની એમની શક્તિનાં દર્શન પણ થાય છે. પૃ. ૫૭૫; રૂ. ૧૯-૫૦.

ગ્રંથ ૧૮: ૧લી જુલાઈથી ૧૭મી નવેમ્બર (૧૯૨૦)ના સમયને આવરી લેતા આ ગ્રન્થમાં લોકશિક્ષણ માટે દેશવ્યાપી પ્રવાસ ખેડીને બ્રિટિશ રાજતંત્રની દુષ્ટતા સામે લોકોને જાગ્રત કર્યાની માહિતી છે. આ ગાળામાં એમણે રાષ્ટ્રીય જીવનની પુનર્રચનાના પોતાના ખયાલો પણ વ્યક્ત કર્યા. અસહકારને આત્મશુદ્ધિની લડત તરીકે ઓળખાવ્યો; એના કાર્યક્રમની વિસ્તૃત સમજણ આપી; ખાદી અને સ્વદેશીનો અનુરોધ કર્યો; અહિંસાના સ્વીકાર માટે સવિસ્તર પોતાના વિચારો વ્યક્ત કર્યા, ને આ દરમિયાન શ્રોતાઓ સાથે એકરૂપ થવાની પોતાની અનેરી કળાથી તેઓ રાષ્ટ્રના નેતા તરીકે આગળ આવ્યા. વળી, ઑગસ્ટની પહેલીએ-અસહકારની લડતના મંડાણને દિવસે જ લોકમાન્ય ટિળકનું અવસાન થતાં ગાંધીજી રાષ્ટ્રવાદી હિંદના એકમાત્ર બિનહરીફ નેતા બની રહ્યા. અને સપ્ટેમ્બરમાં તો કલકત્તા-કૉંગ્રેસના ખાસ અધિવેશનમાં એમના અસહકારના કાર્યક્રમને અપનાવવામાં આવ્યો. પૃ. ૪૮૪, રૂ. ૧૯-૫૦.

ગ્રંથ ૧૯: અસહકારના આંદોલનને મક્કમપણે આગળ ધપાવી બધાં જ વાજબી અને શાંતિપૂર્ણ સાધનો દ્વારા સ્વરાજ સિદ્ધ કરવાની નવી નીતિ સ્વીકારીને પોતે જે પ્રકારના સ્વરાજને વ્યવહારુ માનતાં હતા તે માટેનું માર્ગદર્શન કરાવતા ગાંધીજીના ખૂબ જ પ્રવૃત્તિમય પાંચ માસના (૧૮મી નવેમ્બર ૧૯૨૦થી ૧૩મી એપ્રિલ ૧૯૨૧ સુધીના) ગાળાને આ ગ્રન્થમાં સમાવવામાં આવ્યો છે. સરકારી અંકુશ હેઠળની સંસ્થાઓના દૂષિત શિક્ષણનો બહિષ્કાર કરવાની હાકલ દ્વારા વિદ્યાર્થી આલમ પર એમણે જે પકડ જમાવી હતી તેનો પુરાવો આપતાં ભાષણો, અસ્પૃશ્યતાના પ્રશ્નનું એમનું સબળ સમર્થન, પોતે સનાતની હિંદુ હોવાના દાવા સામે ઊઠેલો વિરોધ, પોતાની ધાર્મિક પ્રેરણાનું મૂળ ખુદ હિંદુ પરંપરામાં જ હોવાનાં તત્ત્વોની તેમની સમજ વગેરેનો સમાવેશ પણ આ ગ્રંથમાં થયો. પૃ. ૫૪૦ રૂ. ૧૯-૫૦

ગ્રંથ ૨૦: એપ્રિલ ૧૪મીથી ઑગસ્ટ ૧૫ (૧૯૨૧) દરમિયાનના ગાળાને આવરતા આ ગ્રંથમાં ગાંધીજીની સ્વરાજ્યની કલ્પનાનું રહસ્ય અને તેની પાછળની ભાવનાનું સ્પષ્ટીકરણ જોવા મળે છે. દેશની સ્વતંત્રતાને આકાર આપવાના એક સાધન તરીકે કૉંગ્રેસ સંસ્થાની નવરચનાનું કાર્ય પણ ગાંધીજીના આ ગાળાનાં

શબ્દકથા: આગિયો · ગોકળ ગાય

'આગિયો' શબ્દ ઝબકતા, ઊડતા ચોમાસુ જીવડા માટે જાણીતો છે. સંસ્કૃતમાં તેને 'ખદ્યોત' (=અવકાશનો ઝબકનાર) અથવા 'જ્યોતિરિંગણ' (=હાલતોચાલતો પ્રકાશ) કહે છે. 'ખદ્યોત' ઉપરથી પ્રાકૃતમાં 'ખજ્જોઅ' અને તેમાંથી મરાઠી 'કાજવા' શબ્દ થયો. તો 'જ્યોતિરિંગણ' ઉપરથી પ્રાકૃત 'જોઇંગણ' અને તેમાંથી 'ઉઅ' પ્રત્યય લાગીને હિન્દી 'જુગનૂ' થયો.

પણ ગુજરાતીએ જુદો જ શબ્દ ઘડી કાઢચો. 'આગિયો' એ 'આગિયો કે કીડો'નું ટૂંકું રૂપ છે. સ્વરૂપની દૃષ્ટિએ 'આગિયો'નો સંબંધ સંસ્કૃત 'અગ્નિક', પ્રાકૃત 'અગ્ગિઓ' એ શબ્દો સાથે છે, પણ એ શબ્દોનો અર્થ 'આગિયો' નહિ પણ 'ગોકળ ગાય' થાય છે.

ચોમાસામાં થતું લાલ મખમલી રુંવાટીવાળું નાનું જીવડું પણ ગોકળ ગાય તરીકે જાણીતું છે. તેને 'પરમેશ્વરની ગાય' પણ કહે છે. ચોમાસાની સાથે તે લાક્ષણિક રીતે સંકળાએલું હોવાથી તથા તેના સુંવાળા દેહ અને રંગની આકર્ષકતાને કારણે તે લોકકલ્પના તેમજ કવિકલ્પનાને સ્પર્શી ગયું છે. ગોકળગાયને બે નાનાં શિંગડાં હોઇને ગુજરાતીમાં તે ગોકુળની ગાય કે પરમેશ્વરની ગાય હોવાનું ગણાયું. પ્રાકૃતમાં તેને 'ઇંદગાઇ' એટલે કે 'ઇંદ્રની ગાય' કહી છે. સંસ્કૃતમાં તેનું નામ 'ઇંદ્રગોપ' છે. 'ઇંદ્રગોપ' એટલે 'ઇંદ્રનો ગોવાળ'. ('ઇંદ્રથી રક્ષિત' એવો અર્થ પણ થાય).

આ ઉપરાંત તે 'ઇંદ્રવધૂ' (=ઇંદ્રની પત્ની) તથા 'ચંદ્રવધૂ' (=ચંદ્રની પત્ની) તરીકે પણ ઓળખાતું. હિન્દીમાં તેને 'બીરબહૂટી' કહે છે. આનું મૂળ સંસ્કૃત રૂપ 'વીરવધૂટી' થાય અને તેનો અર્થ થાય 'વીરપત્ની'. આ જીવડું દવાના કામમાં પણ આવે છે, અને હકીમોમાં તે 'બીરબોટી', 'બીરબૅટી' કે 'બરબોટી'ને નામે જાણીતું છે. આ શબ્દો 'બીરબહૂટી' ઉપરથી થયેલા છે.

ઇંદ્રની પત્ની, ચંદ્રની પત્ની, વીરપત્ની, ઇંદ્રનો ગોવાળ, ઇંદ્રની ગાય, ગોકુળની ગાય, પરમેશ્વરની ગાય એમ વિવિધ રીતે ઓળખાએલા જીવડાએ લોકકલ્પનાને કેટલી ચગાવી છે તે જોઈ શકાશે. તો કવિઓએ પણ ચોમાસામાં ઇંદ્રગોપથી છવાયેલી ધરતીને મેઘરૂપી પ્રિયતમના આગમને કસુંબલ વસ્ત્રપરિધાન કરતી વર્ણવી છે!

હરિવલ્લભ ભાયાણી

ગાંધીજીનો અક્ષરદેહ અને સંપૂર્ણ ગાંધી વાઙ્મય

મુખ્ય કાર્યોમાંનું એક હતું. ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામના એ પ્રથમ તબક્કામાં એકતા ન બની રહેવા સાથે 'દુનિયાના બધા દેશો એ દુનિયાની ઉન્નતિમાં પોતાનો શ્રેષ્ઠ ફાળો આપવા, અને પશુબળ વડે નહિ, પણ જાતે કષ્ટ સહન કરીને દુનિયાનાં નબળાં રાષ્ટ્રોને પ્રજાઓનું રક્ષણ કરવાના હેતુથી જોડાય' એવા એક રાષ્ટ્રસમૂહનું સ્વપ્ન સેવતા પણ તેઓ અહીં જોવા મળે છે.

આ ગ્રંથમાં અસહકાર ઉપરની રવીન્દ્રનાથ ટાગોરની ટીકાનો ગાંધીજીએ આપેલો જવાબ અને પોતાના ગુરુ શ્રી ગોખલેને એમણે આપેલી હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિનો પણ સમાવેશ છે. પૃ. ૫૪૯, રૂ. ૧૬-૫૦.

संपूर्ण गांधी वाङ्मय

આ માળાના તાજેતરમાં પ્રગટ થયેલા ગ્રંથો પૈકી ૩૬મા ગ્રંથમાં ૧૯૨૮ના ફેબ્રુઆરીથી જૂનનો અને '૩૭મામાં જુલાઈથી ઑક્ટોબરનો સમય આવરેલો છે. દક્ષિણ ભારતનો વિસ્તૃત પ્રવાસ કરીને ખાદીનું દેશવ્યાપી મહત્ત્વ પ્રસ્થાપિત કરી આવીને ગાંધીજીએ જે થોડો સમય આશ્રમમાં જ વિતાવ્યો તે ૩૬મા અંકમાં આવરાયો છે. સર જ્હૉન સાયમનના 'સ્ટૅચ્યુટરી કમિશન'ના વિરોધનાં તોફાનોમાં સક્રિય ભાગ લેવા પ્રતિ દાખવેલી વિરતિ તેમજ બારડોલી સત્યાગ્રહ ઉપરાંત, ગાંધીજીના ચિંતનની એક આંતરિક ઝાંખી પણ અહીં જોવા મળે છે. આ ગાળામાં શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું અધ્યયન કરીને એમની જાણીતી લેખમાળા તૈયાર કરી. રામાયણ-મહાભારતમાં વર્ણવેલી ઘટનાઓને તેના આધ્યાત્મિક અર્થમાં સમજવાનું પ્રતિપાદન કર્યું. વળી બિહારમાં મગનલાલ ગાંધીના અવસાનના ઊંડા આઘાત અને દુઃખને પ્રસન્નતામાં વાળવા શ્રદ્ધાપૂત એમણે અધિક સેવા પ્રતિ અભિરુચિ વધારીને તેને આશ્રમને સુધારવા તથા પોતાને સ્વીકૃત આદર્શોને અનુરૂપ બનાવવા પર કેવી રીતે લગાડી તેની વિગતો, યુરોપયાત્રા અંગેની ગડમથલ તથા પ્રચલિત શિક્ષણપદ્ધતિની નિરર્થકતા વગેરે વિષે પણ આ ગ્રંથમાંથી ઘટતું ઘણું જાણવા મળે છે. પૃ. ૫૩૨, રૂ. ૭-૫૦.

૩૭મા ખંડમાં ૧૯૨૮ના જુલાઈથી ઑક્ટોબર સુધીના સમયને આવરેલો છે. બારડોલી સત્યાગ્રહની સફળ સમાપ્તિ, 'નવજીવન'માં અહિંસાના વ્યાવહારિક અને નૈતિક ફલિતાર્થની ચર્ચા અને આદર્શનું આંતર્બાહ્ય ભાવનાના ભેદના સ્પષ્ટીકરણ ઉપરાંત અમેરિકાને આપેલા સંદેશ તરીકે 'યંગ ઇંડિયા'માં લખાએલો ગાંધીજીનો જાણીતો લેખ (જે રેકૉર્ડ પર પણ ઉતારેલો) 'ઈશ્વર છે' વગેરે પણ આ ગ્રન્થનાં મુખ્ય આકર્ષણો છે. પૃ. ૪૮૩, કિ. રૂ. ૭-૫૦.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ [illegible]



મનુભાઈ મહેતા

વલસાડ જિલ્લાના ચીખલી ગામમાં તા. ૧૦-૭-૧૯૧૨ના રોજ જન્મ. સત્યાગ્રહની બધી જ લડતોમાં ભાગ લેવા સાથે પત્રકારત્વમાં કુલ ૩૪ વર્ષથી છે. હાલ મુંબઈના 'જન્મભૂમિ' દૈનિકના તંત્રી છે. 'ખીલતા તારા', 'સ્પુટનિક અને રૉકેટ', 'સૃષ્ટિની ઉત્પત્તિ', 'વિજ્ઞાનના સીમાડા -૧૯૭૦' વગેરે વિજ્ઞાન વિષયક આઠેક પુસ્તિકાઓ તથા 'ચાલો અવકાશમાં', 'વિજ્ઞાનની નવી કેડીઓ', 'તારા, માનવી અને અણુ' વગેરે અનુવાદિત પુસ્તકો લખ્યાં છે.

૧ અનુભવી તંત્રી તરીકે પત્રકારનું જીવન આપ કેવું કહેશો?

ઉ. એ સંગ્રામમાં સતત ઝૂઝતા સૈનિક જેવું છે. આજે રાજકારણના ક્ષેત્રે, તો કાલે અર્થકારણમાં, ને પરમ દિવસે કોઈ આંતરરાષ્ટ્રીય બનાવોના વમળમાંથી એણે બહાર આવવાનું છે. અને એ કેમ કરવું એનું પોતાની સમજ પ્રમાણે વાચકોને પણ જ્ઞાન આપવાનું છે. લોકોને પત્રકારના જીવનનો 'ઝળહળાટ' આકર્ષે છે, જીવન મઝાનું છે, પણ ભારોભાર જોખમથી ભરેલું છે.

૨ આપણાં પત્રો-સામયિકોમાંથી કોનું ગદ્ય આપને વિશેષ ગમે?

ઉ. 'નવજીવન' અને 'હરિજનબંધુ'નું ગદ્ય વિશેષ ગમતું, કારણ એની ભાષા સૌ સમજી શકે તેવી હતી. આજે તો લગભગ બધાં વૃત્તપત્રોની ભાષા એકધારી 'સ્ટાન્ડર્ડ' બની ગઈ છે.

૩ તંત્રી માટે આવશ્યક પ્રવીણતા કઈ?

ઉ. સૌથી પહેલી લાયકાત ખડતલ તબિયત; પછી દુનિયાના ઘણાખરા વિષયોનું ઓછુંવત્તું જ્ઞાન અને અમુક વિષયનું વિશિષ્ટ જ્ઞાન; અને કાર્યરત રહેવાનો ઉત્સાહ.

૪ લોકોના આકર્ષણ માટે પત્રોમાં કયા વિષયો જરૂરી છે?


ઉ. વિશિષ્ટ વાચકો માટે પ્રકટ થતાં સામયિકો બાદ કરીએ તો દરેક વયના અને વર્ગના વાચકોને અનુરૂપ એવી સામગ્રી પ્રકટ થવી જોઈએ. સાહિત્યપ્રેમી ને વેપારી, બાળકો ને સ્ત્રીઓ, વિદ્વાન ને અલ્પશિક્ષિત, એમ સૌને કંઈ ને કંઈ વાંચવાનું આપી શકે તે સામયિક કે વૃત્તપત્ર વધુ સફળ થાય.

૫ આપના પ્રિય લેખક, પ્રિય પુસ્તક અને ખાસ શૉખ?

ઉ. વ્યાસ અને એમનું 'મહાભારત'. અર્વાચીન લેખકો બહુ વાંચ્યા નથી. નવલકથામાં 'ગુજરાતનો નાથ' અને કાવ્યોમાં 'પૂર્વાલાપ'. સંસ્કૃત શિષ્ટ સાહિત્ય વાંચવું ગમે. ખાસ શૉખ ક્રિકેટનો પણ એ તો આ ઉંમરે મુશ્કેલ છે. વિજ્ઞાન વિષયક લેખો કે પુસ્તક-પુસ્તિકાઓ લખવાં ગમે છે.

૬ આપના જીવનઘડતરમાં મુખ્યત્વે કોનો ફાળો?

ઉ. અમુક અંશે મારાં બા, મોટા ભાઈ અને એમના પરમ મિત્ર 'સ્નેહરશ્મિ'નો. બાકી જીવનના કપરા રાહ પર કોઈના યે સહારા વિના જ આગળ વધ્યો છું.



૩૮મા ખંડમાં ગાંધીજીનાં નવેમ્બર ૧૯૨૮-ફેબ્રુઆરી ૧૯૨૯ સુધીના સર્વ પત્રો તથા ભાષણો સંઘરાયાં છે. ત્રણ વર્ષના લાંબા ગાળા પછી ગાંધીજીએ ફરી રાજકારણમાં સક્રિય ભાગ લેવો શરૂ કરીને ૧૯૨૮ના ડિસેમ્બરની કલકત્તા-કૉંગ્રેસમાં અસહકારનો ઠરાવ પસાર કરાવ્યો એ મહત્ત્વની ઘટનાઓ આ ખંડમાં છે; અને આ જ ખંડમાં સાઈમન કમિશનની ભારત-મુલાકાત વખતે લાલા લજપતરાય અને જવાહરલાલ જેવા દેશનેતાઓ પર થએલી મારપીટ પરનો એમનો પુણ્યપ્રકોપ ભભૂકે છે. મૌલાના શૌકતઅલી પરનો એમનો પેલો ઐતિહાસિક પત્ર પણ આમાં જ છે, જેમાં મૌલાનાના કાનપુરના ભાષણની છણાવટ કરીને એમનાથી ગાંધીજી છૂટા પડયા. પણ એ પત્રના અંતિમ શબ્દો વેધક છે: '...આથી આપની કે અન્ય મુસલમાનો સાથેની મારી દોસ્તીની ભાવના કદી ખંડિત નહિ થાય. એ લોકો મને લાખવાર જાકારો દેશે તો પણ હું તો એમનો જ થઈને રહેવાનો.' પૃ. ૪૯૬, રૂ. ૭-૫૦

(જુલાઈ ૧૯૭૧)

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૧] — કરાવનાર · જલન માતરી



જયંતીલાલ દવે
'વિશ્વરથ'

એસ. એસ. સી.ની પરીક્ષામાં ગુજરાતનાં સૌ કેન્દ્રોમાં પ્રથમ અને મુંબાઈ રાજ્યમાં બીજા નંબરે આવનારા, ઈ. ૧૯૫૯માં મુંબાઈ રાજ્ય દારૂબંધી ખાતા તરફથી શ્રેષ્ઠ ગઝલ માટે સુવર્ણચંદ્રક મેળવી જનારા, બાલગીત-સંગ્રહ 'મેહુલિયો' માટે ગુજરાત રાજ્યનું રૂ. ૧૦૦૦નું પારિતોષિક મેળવનારા, ઉત્તમ નૃત્ય-નાટિકાના લેખન માટે ભક્ત વલ્લભ ધોળા વિદ્યાવિહાર તરફથી સુવર્ણચંદ્રક જીતી જનારા, આજીવન શિક્ષક હોઈ ઉત્તમ શિક્ષક તરીકેનો રાજ્યકક્ષાનો ઍવૉર્ડ પ્રાપ્ત કરનારા શ્રી જયંતીલાલ તુલસીરામ દવેને ગુજરાતની ગઝલપ્રિય જનતા 'વિશ્વરથ'ના નામે ઓળખે છે.

જન્મ તા. ૩૦-૧૨-૧૯૧૧ના રોજ પોરબંદરમાં. મૂળ વતન સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લામાં નાગનેશ. ઈ. ૧૯૩૩માં સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરી ૩૭ વર્ષથી એકધારી સાહિત્યસેવા કરતા આવ્યા છે. શરૂઆતમાં બાલગીતો, ત્યાર બાદ છંદોબદ્ધ કાવ્યો, ને છેવટે હવે સુંદર ગઝલો સર્જી રહ્યા છે. છેલ્લાં દસ વરસથી નૃત્ય-નાટિકાઓ લખી રહ્યા છે, જે આશરે ૨૦થી ૨૫ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા રંગમંચ ઉપર રજૂઆત પામી છે.

એમની ગઝલોમાં જીવનની વાત હૃદયના રંગમાં ઝબોળાઇને સુંદર શબ્દોમાં સાકાર થઈ છે. અલૌકિક સ્વર્ગની માયામાં ન જકડાતાં સર્વદા ધરતી ઉપર અવતાર માગી રહેલા, ખુદ પ્રભુ પણ અહીં જન્મે છે માટે જગત સ્વર્ગથી પણ અધિક છે એવું વિધાન કરનારા, કિસ્મતના ચરણે શિર ન ઝુકાવી જીવનભર પરસેવાથી નાહતાં શ્રમની રોટી રળનાર આ શાયરના શેરોનો આસ્વાદ લઇએ :

જેમની સંસારમાં વસમી સફર હોતી નથી;
એમને શું છે જગત, એની ખબર હોતી નથી.
જિન્દગી ને મોતમાં છે માત્ર ધરતીનું શરણ;
કોઈની વ્યોમે હવેલી કે કબર હોતી નથી.

હું મુક્ત વિહારી માનવ છું,
શાયરને દુનિયા કેદ નથી;
મારે મન ગંગા-ઝમઝમ કે
મંદિર-મસ્જિદમાં ભેદ નથી;
માધ્યમ છે મારું માનવતા,
મિલ્કતમાં મસ્ત ફકીરી છે,
ગુણગાન કરો તો ગર્વ નથી,
અવગુણ ગાશો તો ખેદ નથી.

જનારાને કફન કિનખાબનું ઢંકાય તો પણ શું?
ઉઘાડું શબ ચિતાપર જાય કે દફનાય તો પણ શું?
કસુંબલ ઓઢણી પર રંગ ઢોળાઈ ગયો કાળો,
હવે એ ચાંદનીના રંગમાં રંગાય તો પણ શું?

શશીનું ક્ષીણ બનતું રૂપ ન્યાળીને રડી લઉં છું;
સળગતા સૂર્યનો સંતાપ ભાળીને રડી લઉં છું;
કદી હું અશ્રુની છોળો ઉછાળીને રડી લઉં છું,
કદી શીતળ નયનમાં આગ બાળીને રડી લઉં છું.

રૂપ તો છે એ જ કે, સોહાય શણગાર્યાં વિના,
જેમ ઓપે આંખ, કાજળ આંખમાં સાર્યા વિના!
દિગ્વિજય કોણે કર્યા સંહાર સ્વીકાર્યા વિના?
કોણ મુક્તિને વર્યું સર્વસ્વને હાર્યા વિના?

ચાહવાને યોગ્ય છે રંભા અને કુબ્જા ઉભય,
દેહ સુંદર કોઇનો, દિલ કોઈનું સોહામણું!

કૈંકની ખાનાખરાબી થાય જ્યારે વિશ્વમાં,
કોઈની મ્હેલાત વ્યોમે હાથ લંબાવી શકે!

ચહું ત્યારે તને ભૂલી શકું છું હું સરળતાથી,
મને ભુલી શકું એવો જલદ ઉપચાર માગું છું;
અલૌકિક સ્વર્ગ તારું છો રહ્યું તારી કને સર્જક!
મળે તો સર્વદા ધરતી ઉપર અવતાર માગું છું!

જિંદગીને એક પરપોટો ગણી લે વિશ્વરથ!
અબઘડી આકાર લઈને અબઘડી ફૂટી જશે!

તારલા! કેવળ હસો છો હાસ્ય તેથી શું વળ્યું?
લ્યો અમારી જેમ આંખે અશ્રુ વરસાવી જુઓ!
મૂર્તિપૂજકની કરો છો મશ્કરી શું જોઇને?
હોય ના આકાર એવું રૂપ બતલાવી જુઓ?

ભાગ્યની ચોપાટપર ઢાળી સમયનાં સોગઠાં,
આંધળા વિશ્વાસ સાથે ખેલવું સારું નથી;
દંભનો પરદો હઠાવી દે અભાગી જીવ તું,
યાચનારે પાત્રને સંતાડવું સારું નથી.

મુજ ચરણોનાં છાલાંએ પણ
કરી કરામત કેવી સુંદર!
કંટકનાં કાળાં મોં કીધાં
ગુલાબ જેવાં રાતાં રાતાં.

કિસ્મતના ચરણે મસ્તકને
અમે નથી ક્યારે ય ઝુકાવ્યું,
શ્રમની રોટી રળ્યા જીવનભર
પરસેવાથી ન્હાતાં ન્હાતાં.

ભરી છે આગ યૌવનના રતુમડા બેઉ અધરોમાં,
અગનને ચૂમતાં શીખો, અધરને ચૂમતાં પ્હેલાં.

હજી પણ વિશ્વરથના દિલ મહીં છે એક ઇચ્છા કે–
ગગનનો તાગ લેવો છે ધરા પર પોઢતાં પ્હેલાં.

આપ મબલખ દાન આપો છો મને દરિયાવદિલ!
કિન્તુ મારા ભાગ્યકેરી ચાલ ચીંથરિયાળ છે!
અશ્રુઓ ને હાસ્યના ભંડાર છે ભરચક છતાં–
આપને કોણે કહ્યું, કે વિશ્વરથ કંગાળ છે?!

જીવનની દૃષ્ટિ સંકોચાય છે જાહોજલાલીમાં,
નવું દર્શન મળે છે જિંદગીને પાયમાલીમાં.

આગ ચાંપી જેમણે મારા હૃદય-ઉદ્યાનમાં,
એમના ઉદ્યાનનાં હસતાં સુમન કરતો રહું!

જગતને અમારી નથી જો પડી તો,
અમારે વળી શી જગતની પડી છે?
અમારી અદાથી કદમ તો ધરો,
જ્યાં જશો ત્યાં જ આગળ ખુવારી ખડી છે!

ગરીબાઈ છે તો જ કિંમત થઈ છે
અમીરાઈની આ જગતમાં વધારે;
ગરીબો નહિ હોય ત્યારે જણાશે,
અમીરાત ખુદ કેટલી રાંકડી છે?

નિમકતો બેઉમાં સરખું જ નાખ્યું છે વિધાતાએ,
ફરક છે કેટલો તો પણ હરામી ને હલાલીમાં!

સ્વર્ગને જોતાં જ આતમરામ અકળાઈ ગયો,
એટલે મારે ધરા પર આગમન કરવું પડ્યું!

સળગતાં ઝાંઝવાંમાં સાંત્વનનું રૂપ જોવું છે!
કફનમાં કોઈના મંગલ ગવનનું રૂપ જોવું છે!
ઢળેલી પાંપણોનો સ્હેજ આંતરપટ હટાવી દો!
નયનમાં આપના ચૌદે ભુવનનું રૂપ જોવું છે!
ભટકતો વિશ્વરથ ખંડેરમાં બસ એટલા ખાતર,
મળે તો શૂન્યતામાં અન્જુમનનું રૂપ જોવું છે!

કલ્પો કે કલ્પના મરી પરવારી છે: અત્યાધુનિક રીતે નવલકથાનો પ્રસ્તાર, ઘટના સર્વ ગાળીચાળી અતિલઘુ સ્વરૂપે રજૂ થએલી, નોબેલ પારિતોષિક વિજેતા સૅમ્યુઅલ બેકેટની નવલકથા 'Imagination dead imagine'નો પ્રા. ચંદ્રકાન્ત ટોપીવાળાએ કરેલો આસ્વાદ્ય અનુવાદ પ્ર૦ બુટાલા ઍન્ડ કં, ભદ્ર બુટાલા, સરકારી પ્રેસ સામે, વડોદરા-૧, કાચું પૂઠું, પૃ. ૧૧, રૂ. ૩



'નવચેતન'નું કનકપર્વ અને તેના તંત્રી શ્રી ચાંપશીભાઇનું ૮૦મું વર્ષ

ગુજરાતી માસિકોના ઇતિહાસમાં એકલ-હાથે સચિત્ર માસિકના એકધારા સંચાલન દ્વારા નિયમિતપણે વ્યક્તિગત સાહિત્યસેવા સાચવી રહેલા 'નવચેતન'ના તંત્રીશ્રી ચાંપશીભાઈ ઉદેશીને અંતરનાં અભિનંદન આપ્યા વિના રહી શકાય નહિ એવો આ પ્રસંગ છે.

હાજીમહમ્મદ અલારખિયાએ ઈ. ૧૯૧૬માં 'વીસમી સદી' માસિક શરૂ કરીને ગુજરાતી સાહિત્યમાં સચિત્ર પત્રકારત્વનો નવો યુગ શરૂ કર્યો, પણ તેમનો પ્રયોગ ચિરંજીવ બની શક્યો નહિ એ વિધિની કરુણ ઘટના છે. તેની પ્રેરણા લઈને ચાંપશીભાઈએ તુરત કલકત્તા જેવી ગુજરાતથી સુદૂર, ભારતની પૂર્વ સીમા પરથી ગુજરાતીમાં પહેલી જ વાર રંગીન મુખચિત્ર સાથે 'નવચેતન' શરૂ કર્યું ત્યારે અનેકના મનમાં તેની સ્થિરતા માટે આશંકાઓ હતી; પરંતુ પોતાની સર્વ શક્તિ, સામગ્રી ને સદ્ભાવપૂર્ણ સંબંધોનાં બળ એકત્ર કરી એમણે કલકત્તાથી પછી વડોદરા અને અમદાવાદ સુધી સ્થળાંતરો કરતાંકરતાં જીવનની અનેક વિષમતાઓ વેઠતા રહી તે અખંડ ચલાવ્યા કર્યું અને હવે તેના ૫૦મા વર્ષના ઉત્સવના પ્રતીક સમો 'સુવર્ણાંક' આપવા નિશ્ચય કર્યો છે. એમની એ માટેની દૃઢતા, ક્ષમતા, નિષ્ઠાપૂર્ણ કાર્યશક્તિ, નિયમિતતા વગેરે ગુણો અનન્ય ગણાય. ગુજરાતના ઘણા ચિત્રકારો ને લેખકો તેમના ઋણી રહેશે.

આરંભમાં 'કુમાર'નાં ચિત્રકાર્યો માટે તેમણે કલકત્તાથી જે સહકાર આપ્યો અને ઊગતા કલાકારોને સહાય કરી જે અનન્ય મૈત્રીધર્મ અદા કર્યો છે તે માટે આજે 'કુમાર' તેમને અભિનંદન આપતાં તેમના સ્વાસ્થ્યપૂર્ણ ચિરાયુ માટે ઈશપ્રાર્થના કરે છે.

રવિશંકર રાવળ · બચુભાઈ રાવત

'પેટ્રોલિયમ'

ભારતમાં આજે દર વર્ષે ૪૦ લાખ ટનથી યે વધુ ખનિજ તેલ નીકળે છે, જે આ દેશની ત્રીજા ભાગ જેટલી જરૂરત પૂરી પાડે છે. ગુજરાતનો પણ આ ક્ષેત્રે ઘણો મોટો અને મૂલ્યવાન ફાળો છે અને આને અનુષંગી ઉદ્યોગોના વિકાસની શક્યતાઓ જોતાં હજી યે તેનું મહત્ત્વ વધવાનો પૂરો સંભવ છે. પણ આપણે માટે આ એક નવું જ ક્ષેત્ર હોઈને ને એના મહત્ત્વની દૃષ્ટિએ પેટ્રોલિયમ અને એમાંથી વિકસેલા પેટ્રો-કેમિકલ્સના વિજ્ઞાન વિષેનું આપણું જ્ઞાન પ્રમાણમાં બહુ ઓછું હોઈ, એ અંગે અનેકવિધ માહિતીઓથી સભર શ્રી પદ્મકાંત ર. શાહનું આ પુસ્તક ઘણું આવકારપાત્ર બની રહે છે.

જમીનની અંદર ખનિજતેલ કેમ પેદા થાય છે ત્યાંથી આરંભી માનવજીવન સાથે સંકળાએલો તેનો ઇતિહાસ, વિકાસ, તેની શોધ, તેને બહાર આણવાની રીતો, તેનું સ્થળાંતર, તેનો સંગ્રહ વગેરે કરવાની પદ્ધતિઓ સમજાવી, તેના શુદ્ધિકરણની અટપટી ક્રિયાપ્રક્રિયાઓ, તે માટેની રીફાઈનરીની રચના અને કાર્યપદ્ધતિ પણ એમણે આકૃતિઓ સાથે આમાં સમજાવી છે. આ ઉપરાંત ખનિજતેલમાંથી નીકળતાં અનેક દ્રવ્યો ને રસાયણોની વિસ્તૃત સમજ ને તેના ઉપયોગ વગેરે પણ સરળતાથી દાખવ્યા છે. ખનિજતેલને શુદ્ધ કરતાં પેદા થતી અનેક આડપેદાશો તથા તેના ઔદ્યોગિક મહત્ત્વનો પણ તેમણે વિસ્તૃત રીતે ખયાલ આપ્યો છે. આમ, કાળા કદડા જેવા એક ગંદા જણાતા તેલ સાથે કેવીકેવી મહત્ત્વની અને સમૃદ્ધિકર શક્યતાઓ ભરી છે તેનો સચિત્ર ચિતાર આપતું આ નાનું છતાં અભ્યસનીય પુસ્તક અનેક રીતે આવકાર્ય છે. (પ્રકાશક: પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા; પાકું પૂઠું, પૃ. ૨૪૦, કિં. રૂ. ૧૦)

હું અને હું: શ્રી વિજયશાસ્ત્રીની આ પ્રથમ લઘુ નવલમાં 'તરત' નામે એક લાંબી નવલિકા પણ રજૂ થયેલી છે. નવતર શૈલીએ લખાયેલી આ કથાઓ વ્યક્તિના અંતરબાહ્ય સંઘર્ષનું સારું નિરૂપણ કરે છે. આરંભના 'સ્ટ્રીમ ઑવ કૉન્શ્યસનેસ-નૉવેલ' વિષે એ પ્રકારની નવલકથાના સ્વરૂપની વાત કરવામાં આવી છે જે નવલકથાના અભ્યાસીને ઉપયોગી થઈ પડશે. પ્ર૦ સુવાસિત સાહિત્ય પ્રકાશન, ૧/૩૭૮૭ મોટી દેસાઇ પોળ, સૂરત-૧. પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૫.





પ્રી-રાફેલાઇટ બ્રધરહૂડ

પુરોગામી યુગની આડંબરી ઘરેડમાંથી ઈંગ્લૅંડની કળાને મુક્ત કરીને તેમાં નવો પ્રાણ પૂરનાર 'પ્રી-રાફેલાઈટ બ્રધરહૂડ' નામક કલાકારોના એક બંધુસમાજ (મંડળ)નો પરિચય શ્રી રવિશંકર રાવળે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આપેલો તે ફરી સ્મરવા જેવો છે.

ઓગણીસમી સદીના છેલ્લા ચરણના ઈંગ્લૅંડના પ્રતિભાવાન ને સમર્થ ચિત્રકાર, અને એ દેશની કલાભાવનામાં જબ્બર પલટો લાવી નવો પ્રાણ રેડનાર 'પ્રી-રાફેલાઇટ બ્રધરહૂડ' નામક સંઘના એક અગ્રણી સભ્ય સર જૉન એવરેટ મિલે (જેમનું રંગચિત્ર આ અંકમાં છાપ્યું છે)નું જીવનકાર્ય સમજવાને એ કાળની ઇંગ્લૅંડની કળાનો ઇતિહાસ સમજવાની જરૂર છે.

અઢારમા સૈકામાં ઇંગ્લૅંડના ચિત્રકારો રોમની કળાને, તથા લીઓનાર્દો દ વિંચી, માઇકેલ-ઍન્જેલો ને રાફાએલ જેવા કલાકારોને આદર્શ રાખીને ચિત્રો સરજતા હતા. તેમની કૃતિઓમાં મુખ્યત્વે ધાર્મિક પ્રસંગો ને સંકેતો અથવા પ્રસિદ્ધ વ્યક્તિઓની તસવીરો આલેખાતાં પરંતુ એ બધી કળાની શ્રેષ્ઠતાનો તોલ, તે ઇટલીની પરંપરા કેટલે અંશે સાચવે છે તેના પર જ અંકાતો. આથી ઈંગ્લૅંડમાં ઠારોઠાર એક જ પ્રકારની શૈલીનાં ચિત્રો જોવામાં આવતાં. ઈટલીનાં ચિત્રોમાં કથ્થાઇ રંગ વધારે નજરે પડતો, એટલે આ ચિતારાઓ કથ્થાઇનો પટ આપીને જ ચિત્રો શરૂ કરતા, અને ચિત્રોની અભિનવતા કે આંતરિક ચિંતનશક્તિ ન જોવાતાં, આમ, પુરોગામી ઉસ્તાદોનું અંધ અનુકરણ કરતાં કલામાં નકલખોરી આવી ગઈ હતી. એ ઘરેડમાંથી છૂટવા ઇંગ્લૅંડના દશ્ય-ચિત્રકારોએ સબળ પ્રયત્ન કર્યો હતો. કલાકાર ગેઇન્સબરો અગ્રસર થયો હતો, ને તેની પછીના કલાકારો સ્વભૂમિનું સૌન્દર્ય તેના વાસ્તવિક રૂપે રજૂ કરી દેશની રસસમૃદ્ધિનું પ્રજાને ભાન કરાવી ચૂક્યા હતા.

એ કલાકારો પૈકીના એક, જૉન રસેલ કૉટમૅનના કલાવર્ગમાં, ઇટલીના એક બહિષ્કૃત કવિ ને દેશભક્તનો પરદેશી રૂપવાળો પુત્ર અભ્યાસ કરતો હતો, તેનું નામ દાન્તે ગૅબ્રિયલ રૉઝેટી. પાછળથી તેણે, મિલેએ તથા હૉલમન હન્ટે મળીને 'પ્રી-રાફેલાઈટ બ્રધરહૂડ' (ઇટલીના કલાકાર રાફાએલના પુરોગામી યુગનું કલાજૂથ) નામનું જે મંડળ યોજ્યું એ વિચારનો ઉગમ સૌ પહેલો રૉઝેટીને થયો હતો. તેની કલ્પના, જુસ્સો અને વાકશક્તિ મંડળની ખરી મૂડી હતી; પરંતુ ક્રિયાકૌશલમાં તે ત્રણેમાં પાછળ હતો. મિલેમાં વિચારનાવીન્યની અછત હતી, પણ તેનું હસ્તકૌશલ ચમત્કારિક હતું. હન્ટમાં મિલેનું લાઘવ કે રૉઝેટીનો આવેગ ન હતાં, છતાં તેનામાં મહાન ગંભીર લક્ષ્ય ને તેને યોગ્ય નિશ્ચયાત્મક સાધનાની શક્તિ હતી, અને એના બળે તેણે એ મહાન સાધ્ય પાર પણ પાડ્યું.

વળી હન્ટને ઘરનો પણ ટેકો ન હતો. એક મિલકતખાતામાં તે નોકર હતો. ત્યાંથી મૅનેજરની મહેરબાનીથી ખાનગી વખતમાં તે કલા શીખતો. એવામાં મિલે સાથે તેને દોસ્તી થઈ ત્યારે તેની પાસે પૈસાના પણ વાખા હતા. મિલે ગર્ભશ્રીમંતનો નબીરો હતો. માતાપિતા અને ગુરુનું તેને ખૂબ પ્રોત્સાહન હતું ને બુદ્ધિનો અજબ વારસો હતો. રૉઝેટી કલાશાળામાં બેઠો હતો ખરો, પણ એના કવિતરંગોમાં કલાકાર તરીકેનું ઘૂંટણકામ એને અણગમતું થઈ પડતું.

એવામાં, ઈ. ૧૮૨૧માં ફૉર્ડ મૅડૉક્સ બ્રાઉન નામનો એક તરુણ કલાકાર યુરોપનાં બધાં કલાકેન્દ્રો અને નવી શૈલીઓનો અનુભવ લઇને ઈંગ્લૅંડ આવ્યો. ત્યારે કેટલાક કલાકારોએ રાફાએલની પૂર્વેના કલાકારોની કૃતિઓનો અભ્યાસ કરી એવું ઠરાવ્યું હતું કે જે ઊર્મિ અને દર્શન એ કલાકારોએ સીધેસીધાં જીવન અને નિસર્ગમાંથી મેળવ્યાં હતાં તેની ઉપર જ મરામત અને સુધારા કરીકરીને એ પછીના કલાકારોએ પેઢીઓ નિભાવ્યે રાખી છે, પણ નવા ચીલા કોઇએ શોધ્યા નથી. મૅડૉક્સ બ્રાઉને પણ તે ઉપરથી સ્વયંસૂચિત ચિત્રો કરવાનો સંકલ્પ કર્યો હતો.

ઇંગ્લૅંડમાં તેને સૌપ્રથમ રૉઝેટીનો મેળાપ થયો, અને પછી તો તેના બીજા મિત્રો પણ તેના કલાગૃહમાં આવી મળતા. તેઓ કલાના આદર્શોની ચર્ચા કરતા, અને તેમાંથી પોતાની નવી ભાવના પ્રમાણે મૌલિક ચિત્રો કરવાને તેમણે એક 'બ્રધરહૂડ' (ભ્રાતૃમંડળ) રચ્યું. તેમને 'પ્રી-રાફેલાઈટ'નું નામ, ખરી રીતે તો, બીજાઓએ આપેલું. તેમનો ઉદ્દેશ તો ચિત્રની આકૃતિઓ પૂર્ણ નિષ્ઠાપૂર્વક નિસર્ગમાંથી જ લેવાનો અને ભાવ તથા પ્રસંગનિરૂપણમાં અસલ ઈટાલિયન કલાકારોની સ્વયંપ્રતીતિ તથા સ્વાનુભવનું ધોરણ પ્રાપ્ત કરવાનો જ હતો. રૉઝેટી તેમાં ગહન કાવ્યભાવોને પણ સામેલ કરતો. ચિત્રના આલેખનમાં અને વિચારદર્શનમાં સંપૂર્ણ સચ્ચાઈ એ તેમનો મુદ્રાલેખ હતો.

આ કલાકાર-જૂથે આડંબરી ધર્મચિત્રો અને વિલાસી ભવનચિત્રોથી ત્રાસીને ક્રાંતિ પોકારી. તેમણે સાફ સાફ કહ્યું કે કલાનું ધ્યેય પ્રધાનપણે કલ્યાણપ્રદ હોવું જોઈએ અને કલાનાં પાત્રોની પસંદગીમાં નિસર્ગનો સંપૂર્ણ સાથ હોવો જોઇએ. એક વાર નક્કી કરો કે અમુક પાત્ર અમુક ચહેરા અને પરિધાનવાળું હોવું જોઈએ, પછી તેનું પ્રત્યેક સ્વરૂપ અને વિગત પ્રત્યક્ષ ઉપરથી જ, પૂરી ચીવટ ને સચ્ચાઈથી ચીતરાવાં જોઇએ.

શરૂશરૂમાં તો એમનાં ચિત્રો પર પ્રજાનો ખૂબ રોષ ભભૂકી ઊઠ્યો. કેટલાક તો કહેતા કે રાફાએલ કરતાં યે પોતાને ચડિયાતા ગણાવવાને આ લોકો નીકળ્યા છે! ડિકન્સ જેવા પણ તેમની સામે ઊકળી પડ્યા હતા. પણ એ વખતે ઑક્સફર્ડનો એક તાજો ગ્રૅજ્યુએટ તેમની મદદે ધાયો, જે પાછળથી ઈંગ્લૅંડના મહાન કલાવિવેચક અને વિદ્વાન ચિંતક તરીકે જગતખ્યાત થયો. એનું નામ જૉન રસ્કિન. એણે દલીલપૂર્વક બાપોકાર જાહેર કર્યું કે આ નવીન કલાકારોની કૃતિઓ પોતાના આલેખનની સંપૂર્ણતા અને રંગની સુરખી વડે રૉયલ ઍકેડેમીની સર્વોત્તમ કૃતિઓ ઠરે એવી છે, અને મને તો પાકી ખાતરી છે કે સૈકાઓથી નજરે નહિ પડેલી એવી મર્મગામી અને શક્તિવંત કલાપરંપરાનો આજે પાયો નખાઈ રહ્યો છે.

મિલેએ આરંભમાં આ મંડળના સિદ્ધાંતો અનુસાર સંખ્યાબંધ ચિત્રો કરી તેની પ્રતિષ્ઠાને ખૂબ જોર આપ્યું; પણ પાછળથી તેને લાગ્યું કે કુદરતનાં ધોરણો ઉપર પણ કળા પોતાના અધિકારથી યોગ્ય રૂપાંતરો કરવાનો હક ધરાવે છે. આથી તેની કલાકારકિર્દીમાં ઘણા પલટા આવ્યા. રૉઝેટીએ પણ પાછળથી પોતાની કલમને કવિકલ્પનામાં તરતી કરીને મૂળ સિદ્ધાંત ઢીલો કરેલો. માત્ર હૉલમન હન્ટ જ એકલો છેક સુધી વિકટ સંજોગો વચ્ચે પણ અડગપણે તેનું પાલન કરતો રહ્યો. પણ આ કલાકારસંઘે ઇંગ્લૅંડની કલામાં જે નવપ્રાણ આણ્યો. એ હકીકત તો જગતના કલાઇતિહાસમાં અનોખું પ્રકરણ બની રહી છે.

—ર. સ. રા.



મથાળેથી ડાબી બાજુથી ક્રમવાર: (૧) **પનોતાં પગલાં**- 'તમે આવ્યા; શી તમારી નમ્રતા!... પણ શી ખબર તમારી જાળ પણ સાથે જ લાવ્યા હશો! (૨)**બાહુપાશ**- અમે સમભાવથી ભેટયા, એટલે તમે અમારી પીઠ-માં લોખંડી મુક્કો અજમાવ્યો. (૩) **રક્ષણ!**- અમારા હાથ દુખશે કહી અમારી તલવાર પડાવી લીધી; ચાલવાથી અમારા હાથપગમાં કળતર થવાનું બહાનું બતાવી અમારા હાથપગ બાંધી દીધા; ને રક્ષણને નામે અમારા પર ચડી બેઠા! (૪) **ફાચર**- તમે કારમી કરામત કરી અમને ભાઈભાઇને લડાવતા જ રહ્યા. તમારો સર્જેલો 'અલગ મતાધિકાર' બીજું શું છે? (૫) **લૂટ**- અમારા ઉદ્યોગો, અમારું હીર-ચીરબધું જ લૂટી લઈ અમને દીનહીન ને કંગાળ બનાવી દીધા. (૬) **રખેવાળું!** તમે આખા દેશને જ એક વિશાળ જેલમાં પલટાવી નાખ્યો ને અમને ચાળીસ કરોડ માનવોને મેંઢાં માની રખવાળ બની બેઠા. (૭)**ગોરાનો બોજ!**-અમે વારંવાર વિનતિ કરી કે અમારો કેડો મૂકો; અમારી પીઠથી તમારો ભાર ઉતારો. પણ તમે તો તમારા સામ્રાજ્યસ્વપ્નમાં જ મસ્ત છો. (૮)**'મતલબ એક જ'**-આપ હવે સિધાવો. અમે ને અમારા પડોશીઓએ બહુ વેઠયું: હવે વેઠવા નથી માગતા. 'ક્વિટ ઇંડિયા', 'ક્વિટ એશિયા'.

'ભારતમાં અંગ્રેજી અમલ' એ નામથી, જાણીતા કટાક્ષકલાકાર 'ચકોરે' પોતાની વેધક કલમથી આલેખેલાં ૫૩ વ્યંગચિત્રોનો સંપુટ આજથી બરાબર પચ્ચીસ વર્ષ પર બહાર પડેલો, જેના પ્રત્યેક ચિત્રમાં બ્રિટિશ અમલે હિંદની કરેલી હાલતનો ચિતાર આપતું એકએક તોહમતનામું પોકારેલું હતું. અંગ્રેજો આવ્યા ત્યારથી 'હિંદ છોડો'ના પોકાર સુધીના ગાળા દરમ્યાનના એ અમલની અસરનો જે સિલસિલાબંધ ચિતાર એમાં આપેલો તેમાંના તરી આવતા તબક્કાઓનાં આઠ ચિત્રો મૂળના લખાણ સાથે ત્યારના 'કુમાર'માં અમે આ રીતે આપેલો.

કલાવાર્તા

કટિંગેરી કૃષ્ણ હેબ્બર

છેલ્લા દાયકાના ભારતીય કલાકારોમાં કે. કે. હેબ્બરનું સ્થાન અગ્રગણ્યોમાંનું એક છે.



આજે તો સિદ્ધિને શિખરે પહોંચેલી એમની ચિત્રકળાને પૂર્વ અને પશ્ચિમના કલાજગતમાં ઘણું માનભર્યું સ્થાન મળી ચૂક્યું છે.

મ્હૈસૂર રાજ્યમાં દક્ષિણ કન્નડમાં કટિન્ગેરી નામે એક ગામમાં ઈ. ૧૯૧૨માં જન્મ થયો. ૧૯૩૨માં ઉડિપી (દ. કન્નડ)માં શાળાજીવન અને મ્હૈસૂર રાજ્યની ચિત્રશાળામાં કળાનો પ્રાથમિક અભ્યાસ કર્યો. જીવનના આરંભમાં અનેક નિરાશાઓ અને મુશ્કેલીઓ વચ્ચેથી અંતરના નાદે એમને મુંબાઈ ધકેલ્યા અને ત્યાં 'નૂતન કલામંદિર'માં રહી મુંબાઈ સ્કૂલ ઑવ આર્ટની પરીક્ષાઓ આપી. ૧૯૩૮માં ડિપ્લોમા કોર્સના વર્ગમાં પ્રિન્સિ. મિ. જિરાર્ડના હાથ નીચે તાલીમ મેળવી અને પોતાના ઉદ્યમી અને મિલનસાર સ્વભાવથી સૌનો પ્રેમ સંપાદિત કર્યો. અહીં એમણે મ્યુરલ ડેકોરેશન (ભીંત-શોભન)નો પણ ખાસ અભ્યાસ કર્યો અને ૧૯૩૯માં એ જ કલાશાળામાં ફેલો નિમાયા. આ જ વર્ષે કલકત્તાની ઍકેડેમી ઑવ ફાઈન આર્ટ્સનો સુવર્ણચંદ્રક પણ મળ્યો. ૧૯૪૦માં તેઓ કલાના અધ્યાપક નિમાયા.

એ પછીની એમની કારકિર્દી ઉત્તરોત્તર સિદ્ધિપ્રાપ્તિની જ રહી છે. એમાં '૪૫માં એમણે પોતાનાં જ ચિત્રોનું પહેલું પ્રદર્શન યોજ્યું. '૪૭માં બૉમ્બે આર્ટ સોસા૦નો સુવર્ણચંદ્રક મેળવ્યો. એ જ વર્ષે એમનાં આલેખનો તથા ચિત્રોનું એક સુંદર પ્રકાશન પ્રકટ થયું. અને પછી તો બીજાં ઈનામો પણ લીધાં. ૧૯૪૯માં તેઓ કલાના વધુ અભ્યાસ અર્થે યુરોપ ગયા. લંડન અને બર્નમાં પોતાનાં ચિત્રોનાં પ્રદર્શનો યોજ્યાં. પારી(સ)માં 'અકાદમી જુલિયાં'માં જોડાયા ને ત્યાં માનસહિત પુરસ્કાર પામ્યા. ૧૯૫૩માં કલાકાર ડેલિગેશનના સભ્ય તરીકે રશિયા, પૉલૅન્ડ અને જર્મનીની મુલાકાત લીધી. ૧૯૫૪માં કેન્દ્રની લલિતકલા અકાદમીમાં લેવાયા અને ૧૯૬૧માં પદ્મશ્રી'નું બહુમાન પામ્યા. આજે તો અનેક કલાસંસ્થાઓમાં માનભર્યા સ્થાન તથા અનેક પુરસ્કારોથી પુરસ્કૃત તેઓ દેશના એક અગ્રણી કલાકાર બની રહ્યા છે અને હજી યે એમનું કલાસર્જન એટલી જ તાજગી સાથે ચાલુ રહ્યું છે.

પશ્ચિમની પ્રણાલિગત કલાપરંપરામાં તાલીમ પામ્યા પછી તેઓ રૂઢિગત શૈલીથી દૂર રહ્યા છે, તેમજ પ્રાચીન ભારતીય શૈલીને પણ તેઓ વળગી રહ્યા નથી. વાસ્તવદર્શી આલેખના તેમણે ભલે સ્વીકારી નથી, પણ સાથેસાથ તેઓ તદ્દન અમૂર્ત શૈલીમાં પણ માનતા નથી. ચિત્રમાં આકાર અને ચિત્રાવકાશના આંતરિક સંકલનમાં એમને વધુ રસ છે. એમનાં ચિત્રોમાં અવારનવાર આધુનિક સ્પર્શ દેખાય છે, પણ તેને તેઓ ચીટકી રહેતા નથી. ચિત્રમાં અવકાશની એમની માવજતમાં ભારતીય લાક્ષણિકતાની અસર છતાં પર્સ્પેક્ટિવના નિયમોથી અતિરિક્ત એમની શૈલી આગવી જ લાગે છે. સૌંદર્યાવકાશને એમણે સાંપ્રત પરિપાટીમાં ભારતીય ઢબે રજૂ કર્યો છે. ચિત્રવિષયની પસંદગીમાં એમનો ઝોક કલ્પનાનાં ઉડ્ડયનોને બદલે વાસ્તવિક જીવન પ્રતિ વધુ રહ્યો છે. એમની દૃષ્ટિ માનવીય સુખદુ:ખનાં સ્વાભાવિક ભાવદર્શનોમાં વિલસે છે અને એ એમનાં સર્જનોનું એક આકર્ષક રહસ્ય છે.

અમૂર્ત ભાવોની ભડકામણી રજૂઆતથી દૂર રહેતી એમની કળા પરંપરિત શૈલીમાં રજૂ ન થવા છતાં એમનાં ચિત્રો સમજી શકાય છે. રેખાચાપલ્ય અને સાદગીભરી રંગપૂરણી એ એમનાં ચિત્રસર્જનોની બે લાક્ષણિકતા છે.

આ અંકના મુખચિત્ર તરીકે એમની એક પૂર્ણરંગી કૃતિ આપવા સાથે અહીં એમની કેટલીક અન્ય કૃતિઓ પણ આપી છે જે એમની કલાને સમજવામાં સહાયરૂપ બની રહેશે.


—જયંત સિદ્ધપુરા











▷ હેબ્બરનાં પાંચ ચિત્રો. (ઉપરથી અનુક્રમે): ૧) કૂકડાની લડાઈ: હારતા ને જીતતા કૂકડાના ભાવાવેગને સહેજ અતિશયોક્તિથી આપેલો ઉઠાવ; ૨) માછીમાર: બહુ ઓછી વિગતો છતાં નદીનાં શાંત જળ, સ્થિર હોડી, ને તેમાં ઊભેલો સ્વસ્થ માછીમાર તથા જાળમાં ફસાએલાં માછલાંના તરફડાટની ચોટદાર રજૂઆત; ૩) શિયાળો: ઠંડીને કારણે મંદ ઘરાકીમાં હોકાની ફૂંક લેતો રિક્ષાવાળો; ૪) હય-નૃત્ય: વાદ્યકારોને જમણી બાજુ અલગ તારવી બાકીના પટમાં નૃત્યકરતા ગ્રામજનોના આવેગનું ઓછામાં ઓછી રેખાઓ દ્વારા દર્શન; ૫) અત્યાચાર: શૈલી આધુનિક પણ ચિત્રવિષયની સ્પષ્ટ-સરળ રજૂઆત.

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્લાદભાઈ ચુ. વૈદ્ય

૧૯

ડબ્લિન · તા. ૧૪-૬-૭૦

વ્હાલાં બાળકો,

તમે લખ્યું કે આ ગૉર્ટા શું છે? આયર્લૅંડથી આવતી ટપાલ ઉપરની છાપમાં લખેલું હોય છે Help Gorta to Feed The Hungry, એટલે તમારા મનમાં શંકા ઊભી થઈ છે કે આયર્લૅંડમાં પણ ભૂખે મરતાં લોકો છે કે શું? પણ તે શંકા માટે કોઈ કારણ નથી. વિશ્વની 'ફ્રીડમ ફ્રોમ હંગર' નામની સંસ્થાની આયર્લૅંડની શાખાનું નામ 'ગૉર્ટા' છે. દુનિયાભરના ક્ષુધાપીડિતોને મદદ કરવાનો તેનો કાર્યક્રમ છે. આ સંસ્થા ક્રિશ્ચિયનોની અનેક પ્રકારની મિશન-પ્રવૃત્તિઓમાંની એક છે. હમણાં જ આફ્રિકાના દેશ નાઈજીરિયામાં આન્તરયુદ્ધ થયું. નાઈજીરિયાનો બાયાફ્રા નામનો પ્રાન્ત દેશથી સ્વતંત્ર થવા માગતો હતો અને તેથી આ યુદ્ધ થયું. યુદ્ધ દરમિયાન નાઈજીરિયન મધ્યસ્થ સરકારની નાકાબંધીથી બાયાફ્રાના લોકોમાં ભૂખમરો ફેલાયો. છેવટે ભૂખમરાને કારણે બાયાફ્રા શરણે થયું અને બળવો નિષ્ફળ ગયો. હવે બાયાફ્રાના સીદ્દી વાશિન્દાઓ ઘણાખરા ક્રિશ્ચિયન ધર્મ પાળે છે અને ત્યાં આઇરિશ મિશનરીઓ પણ ઘણા કામ કરે છે. એટલે કુદરતી રીતે જ ત્યાંના ભૂખે મરતા લોકોને બચાવવા હમણાં ગૉર્ટાએ ઝુંબેશ ઉપાડી છે. આજે ડબ્લિનમાં 'ગૉર્ટા દિન' ઊજવાયો છે અને સવારે ચર્ચની બહાર ગોર્ટા માટે ફંડ ઉઘરાવવા પેટી લઈને સ્વયંસેવકો ઊભા હતા.

હમણાં અહીંના વિદ્યાર્થીઓએ એક સફળ 'સત્યાગ્રહ' કર્યો. આ સત્યાગ્રહ ફી-વધારા જેવા વિદ્યાર્થીને સીધી રીતે અસર કરતા કોઈ પ્રશ્ન સામે નહિ, પણ ડબ્લિન શહેરની સુંદરતા અને સંસ્કૃતિક જાળવવા અંગે હતો.

યુરોપના બીજા દેશોનો તો મને અનુભવ નથી, પણ ઇંગ્લૅંડ અને આયર્લૅંડનાં થોડાંક શહેરો મેં જોયાં છે, તેમાં ડબ્લિન શહેરની એક વિશેષતા છે. આ શહેરમાં આજથી બસો-અઢીસો વર્ષ પહેલાં, પહોળા રસ્તા અને વચ્ચે ચોરસ કે લંબચોરસ બગીચાની વ્યવસ્થા થઈ છે. આ બગીચા (જે સ્ક્વેર્સ તરીકે ઓળખાય છે જેમ કે મેરીઅન સ્કવેર, ફિઝવિલિયમ સ્કવેર વગેરે)ની આસપાસ રસ્તા ઉપર એકસરખાં ચાર માળની ઊંચાઇનાં, આગળથી ઇંટના પોઇન્ટિંગવાળાં મકાનો છે. આ મકાનોનું સ્થાપત્ય જ્યોર્જિયન સ્થાપત્ય કહેવાય છે. અમે રહીએ છીએ તે મેરીઅન સ્કવેર ઉપરનાં બધાં જ દોઢસો યે મકાનો જ્યૉર્જિયન છે. હ્યૂમ સ્ટ્રીટ ઉપરનાં આવાં બે જ્યૉર્જિયન બાંધણીનાં મકાનોની માલિકી ગ્રીન પ્રૉપર્ટી કંપની નામની પેઢીની છે. તે પેઢીએ આ મકાનો તોડી તેમને સ્થાને ઑફિસો માટેનાં નવી બાંધણીનાં સિમેન્ટ કૉન્ક્રીટનાં બહુમાળી મકાન બાંધવાનો નિર્ણય કર્યો. તેમના મકાન માટેના પ્લાન મ્યુનિસિપાલિટીએ મંજૂર પણ કર્યા. અહીંની સ્થાપત્યકળાની સંસ્થા સ્કૂલ ઑવ આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓને આ વાતની ખબર પડી. ડબ્લિનનું પુરાણું સ્થાપત્ય જળવાઈ રહે અને જ્યૉર્જિયન મકાનોની વચ્ચે સિમેન્ટ-કૉન્ક્રીટનો રાક્ષસ ઊભો ન થાય તે જોવાનો આ વિદ્યાર્થીઓએ નિર્ણય કર્યો. ખાલી પડેલાં તે મકાનોમાં વિદ્યાર્થીઓ પેસી ગયા અને હોસ્ટેલ છોડી તે મકાનમાં જ રહેવાનું શરૂ કર્યું! આ તો જૂની વાત થઈ ગઈ.

ગ્રીન પ્રૉપર્ટી કંપનીએ છ માસ સુધી રાહ જોઈને અંતે ગયે રવિવારે પરોઢના ચાર વાગ્યે તેના સિક્યોરીટી ઑફિસર્સ (ચોકીદારો) સાથે કારીગરોએ મકાનમાં દાખલ થઈ મકાનો તોડવાનું શરૂ કર્યું. વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો, તો કંપનીનાં માણસોએ વિદ્યાર્થીઓને મારીને બહાર કાઢ્યા. સવારે ગામમાં ખબર પડી અને હ્યૂમ સ્ટ્રીટનાં એ મકાનોની સામે લોકોનું ટોળું જમા થયું. પાંચસો-સાતસો માણસોની હાજરીમાં વિદ્યાર્થીઓ ફરી મકાનમાં પેઠા અને કારીગરોની મકાન તોડવાની પ્રવૃત્તિમાં ડખલ કરવા માંડ્યા.

છાપાંમાં ઊહાપોહ થયો,-ખાસ કરીને ખાનગી પેઢીનાં માણસો વિદ્યાર્થીઓ ઉપર હુમલો કરે તેનો વિરોધ થયો. પછી તો વકીલો, પ્રોફેસરો, કવિઓ વગેરે બુદ્ધિજીવીઓ વિદ્યાર્થીઓ સાથે વિરોધમાં જોડાયા, છેવટે સરકાર વચ્ચે પડી અને મકાન તોડવાની પ્રવૃત્તિ રોકી. સરકાર, મ્યુનિસિપાલિટી અને આર્કિટેક્ટોની મંડળીના એક એક પ્રતિનિધિની બનેલી કમિટી મંજૂર કરે તેવા પ્લાનનું મકાન કંપનીએ બાંધવું તેવી બાંહેધરી લઈને વિદ્યાર્થીઓએ મકાન ખાલી કર્યું. -લિ. કાકાના આશિષ

વારતા ૧૨ વૈતાળ પચ્ચાસી

રસીદ

વિનોદ ભટ્ટ

—અને વળી બીજી રાત્રે રાજા વિક્રમે મડાને ખાંધે નાખી ઉજેણી ભણી ચાલવા માંડયું ત્યારે મડાએ વિક્રમને આ વારતા કહી:

'કોઈ એક નગરમાં કોઈ એક રાજા રાજ્ય કરતો હતો. રાજાને એક પ્રધાન હતો. આ પ્રધાનને વસ્તુ પારખવાની જબરી સૂઝ હતી, એટલે રાજ્ય માટે ખરીદાતી દરેક વસ્તુ પ્રધાનની આંખ તળેથી નીકળે ત્યાર બાદ જ ખરીદાતી,—પછી તે હીરા-મોતી હોય, હાથી-ઘોડા હોય, મરી-મસાલા હોય કે સુગંધિત દ્રવ્યો હોય. પ્રધાનની મ્હોર વાગ્યા પછી જ વસ્તુઓ ખરીદાતી. આમ હોવાને કારણે દેશવિદેશના શાહસોદાગરો, વેપારીઓ વગેરે આ પ્રધાનની અમી નજર મેળવવા ઉપર-તળે થઈ રહેતા.

એક દિવસ એક શાહસોદાગરે આ પ્રધાનને મોટી લાંચ આપવા પ્રયત્ન કર્યો એટલે પ્રધાને ખિન્ન અવાજે કહ્યું: 'તમે મને આવો હલકો માણસ ધાર્યો ?!...' શાહસોદાગરને તો, કાપો તો લોહી ન નીકળે! તેણે પ્રધાનની માફી માગતાં પૈસા પોતાના ખિસ્સામાં મૂકવા માંડયા એટલે પ્રધાને કહ્યું: 'આ પૈસા હવે તમે ખિસ્સામાં ન મૂકતાં કોઈ ધાર્મિક કાર્યમાં જ વાપરો. હું નામ આપું એ સંસ્થાને આ રકમનું દાન કરી દો, પણ જોજો, રસીદ લેવાનું અને તે મને બતાવવાનું ચૂકશો નહિ.'

અને પછી તો એવો એક શિરસ્તો જ પડી ગયો કે રાજ્યને માલ વેચવા આવનાર શાહસોદાગરો ને વેપારીઓ પોતાના નફાના દસ ટકા જેટલી રકમ, પ્રધાને સૂચવેલ ધર્માદા સંસ્થાને દાન કરતા ને તેની રસીદ પ્રધાન સમક્ષ રજૂ કરી દેતા. રસીદ જોયા પછી પ્રધાન માલની વિગતમાં ઊતરતો નહિ ને વેપારીઓનું કામ થઈ જતું.

એક વેપારીએ આ ધર્માદા સંસ્થા બાબત ઊંડી તપાસ કરી તો તેને જાણવા મળ્યું કે આ સંસ્થા પ્રધાનના પીતરાઈ ભાઈની જ હતી...

વારતાને આટલેથી જ અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'તો હે વિક્રમ! શાહસોદાગરો અને વેપારીઓએ આ સંસ્થામાં આપેલી રકમને દાન કહેવાય કે લાંચ?'

'અલબત્ત દાન...' વિક્રમે જવાબ આપ્યો: 'કેમ કે જેની રસીદ મળે એને લાંચ ન કહેવાય...'

—અને 'હે વિક્રમ, તું તો ભારે ચતુર છો...' કહી મડું તેને ફરી એક વાર મૂરખ બનાવી ઝાડ પર લટકી ગયું.

સુધારો

મે અંકના પૂઠા પરના ચિત્રના કલાકાર શ્રી એસ. એન. વાઘેલા છપાયું છે તે શ્રી એસ. એમ. વાઘેલા જોઇએ.

રાગસારણી (અંક ૫૬૯ના અનુસંધાને ચાલુ) આ સારણીમાં આપેલા આરોહાવરોહ સ્વરૂપ સંગ્રાહકે પ્રાપ્ય સામગ્રી પરથી ઉદ્ધૃત કરેલાં હોઈ તેમાં મતમતાંતરને અવકાશ છે. વર્જ્ય સ્વરોમાં જે સ્વરો કૌંસમાં મૂક્યા છે તે એ રાગમાં લેવા વિષે બે મત દર્શાવે છે. સંગીતની સ્વરલિપિને તેની કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓને કારણે અહીં છાપકામમાં ઉતારતી અગવડભરી હોઈ આ સારણીમાં કોમળ સ્વરોને 'બ્લૅક' (ઘેરા) ટાઈપમાં લીધા છે. તાર ષડ્જ તથા તીવ્ર મધ્યમ અને તાર સપ્તકના સ્વરોને તેની પાસે લોપકચિહ્ન મૂકીને (આ રીતે સા' અને મ'), કોમળ સ્વરો આમ, **રે ગ ધ નિ**; મંદ સ્વરો સ્વરની ઉપર મીંડું મૂકીને આમ, **નિં** (કોમળ મંદ નિ) દર્શાવેલ છે. **પ્રેષક: કનૈયાલાલ રામાનુજ-'પર્ણ'**

ક્રમ	રાગનું નામ	થાટ	જાતિ	વાદી	સંવાદી	કોમળ-તીવ્ર	વર્જિત સ્વરો આરોહ	વર્જિત સ્વરો અવરોહ	આરોહ	અવરોહ	ગાવાનો સમય
૧૭૪	શ્રીટંક	પૂર્વી	ષાડવ સંપૂર્ણ	પ	રે	રે ધ મ'	ગ	૦	સા રે ગ પ ધ નિ સા'	સા'નિધપ મ'ગરેસા	સાયંકાળ
૧૭૫	શ્રીરજની	કાફી	ઔડવ ષાડવ	ગ	સા	ગ નિ	રેપ	પ	સાગમધનિસા'	સાનિધમગરેસા	મધ્ય રાત્રી
૧૭૬	સરપરદા	બિલાવલ	સંપૂર્ણ	સા	પ	૦	૦	૦	સા'રેગમ ધપનિધ નિસા'	સા'નિધપ મગ મરેસા	દિવસનો પહેલો પ્રહર
૧૭૭	સરસ્વતી	ખમાજ	ષાડવ	પ	રે	મ' નિ	ગ	ગ	સારેમ'ગ નિધેપ નિધસા'	રેનિ ધપમ' રેમપ' મ'રેસા	મધ્ય રાત્રી
૧૭૮	સાજગીરી	મારવા	સંપૂર્ણ	ગ	નિ	રે, મધ બન્ને	૦	૦	નિરેગ મ'ગમ'ધ ધપસા'	સા'નિધ મ'ધ મ'ગ પગરેસા	સંધ્યા કાળ
૧૭૯	સામંત સારંગ	કાફી	ઔડવ	રે	પ	બન્ને નિષાદ	ગધ	ગધ	સારે મપ નિસા'	સા' નિપ મ રેસા	દિવસનો બીજો પ્રહર
૧૮૦	સાજન	ખમાજ	ઔડવ સંપૂર્ણ	ગ	સા	બન્ને નિષાદ	રેપ	૦	નિસાગમ ધ નિસા'	સા' ધનિપ મગમ ગમરેસા	રાત્રીનો બીજો પ્રહર
૧૮૧	શ્રાવણી કલ્યાણ	કલ્યાણ	સંપૂર્ણ	સા	પ	૦	મનિ	૦	સારેસા મગપ ધ સા'	સા'નિધનિ ગપગરેસા	રાત્રીનો પહેલો પ્રહર
૧૮૨	સાવેરી	ભૈરવ	ષાડવ સંપૂર્ણ	પ	સા	રે ધ	ગનિ	૦	સારેમપ ધસા'	સાનિધપ મગરેસા	પ્રાતઃકાળ
૧૮૩	સિંધુ ભૈરવી	આસાવરી	સંપૂર્ણ	મ	સા	ગ નિ ધ	૦	૦	સારેગમ પધનિસા'	સાનિધપ મગરેસા	દિવસનો બીજો પ્રહર
૧૮૪	સુધરાઈ	કાફી	ષાડવસંપૂર્ણ	પ	સા	ગ બન્ને નિ	ધ	૦	સારેગમપનિસા'	સાનિધપ મપ ગમરેસા	દિવસનો બીજો પ્રહર
૧૮૫	સૂર મલ્હાર	કાફી	ઔડવ ષાડવ	મ	સા	બન્ને નિ	ગધ	ગ	સારેમપનિસા'	સા'નિધગપ મરેસા	વર્ષાઋતુ
૧૮૬	સૂહા (કાનડા)	કાફી	ષાડવ	મ	સા	ગ નિ	ધ	ધ	નિસા ગમ પનિમપસા'	સા' નિપ મપ ગમરેસા	દિવસનો બીજો પ્રહર
૧૮૭	સૈંધવી (સિંધુરા)	કાફી	ઔડવ સંપૂર્ણ	સા	પ	ગ નિ	ગનિ	૦	સારેમપધસા'	સા'નિધપ મગરેમ ગરેસા	સાયંકાળ
૧૮૮	સોરઠ	ખમાજ	ઔડવ સંપૂર્ણ	રે	ધ	બન્ને નિ	ગધ	૦	સારે મપનિ સા'	સા' રે નિધ મપધ મરેનિંસા	રાત્રીનો બીજો પ્રહર
૧૮૯	સોહની	મારવા	ષાડવ	ધ	ગ	મ' રે	પ(રે)	પ	સાગ મ'ધનિસા'	સા'રેસાનિધ મ'ધ મ'ગરેસા	રાત્રીનો છેલ્લો પ્રહર
૧૯૦	સૌરાષ્ટ્ર ટંક	ભૈરવ	સંપૂર્ણ	મ	સા	રે, બન્ને ધ	૦	૦	સારે ગમ પમ ધ સા'	સા'નિધમ નિધપ મગરેસા	પ્રાતઃકાળ
૧૯૧	હમીર	કલ્યાણ	સંપૂર્ણ	ધ	ગ	બન્ને મ	૦	૦	સારેસા મમધ નિધ સા'	સાનિધપ મ'પધપ ગમરેસા	રાત્રીનો પ્રથમ પ્રહર
૧૯૨	હિજાજ	ભૈરવ	સંપૂર્ણ	મ	સા	ધ નિ બન્ને રે	૦	૦	સારેગમપ ધનિસા'	સા'નિધપ મગમપ રેસા	દિવસનો બીજો પ્રહર
૧૯૩	હિંડોળ	કલ્યાણ	ઔડવ	ધ	ગ	મ'	રેપ	રેપ	સાગ મ'ધનિધ સા	સા'નિધ મ'ગ સા	દિવસનો પ્રથમ પ્રહર
૧૯૪	હુસેની કાનડા	કાફી	સંપૂર્ણ	સા	પ	ગનિ	૦	૦	સારેગ મપધનિસા'	સા'નિધપ ગમરેસા	મધ્ય રાત્રી
૧૯૫	હેમ કલ્યાણ	બિલાવલ	ઔડવ	સા	પ	૦	નિ(ધ)	ગનિ	સારે ગપસા'	સાંધ પગ રેસા	રાત્રીનો ત્રીજો પ્રહર
૧૯૬	હંસકંકણી	કાફી	ઔડવ સંપૂર્ણ	પ	સા	ગનિ બન્ને	રેધ	૦	સાગ મપ નિસા'	સા'નિધપ મપગ મગરેસા	દિવસનો ત્રીજો પ્રહર
૧૯૭	હંસમંજરી	કાફી	ષાડવ	પ	રે	નિ	ગ	ગ	સા રેપ પધ નિસા'	સા'ધપ મપધપમ રેનિસા	દિવસનો ત્રીજો પ્રહર
૧૯૮	હંસશ્રી	ખમાજ	ઔડવ	પ	સા	બન્ને નિ	રેધ	રેધ	સા ગમપનિ સા'	સા'નિ મપ પગમગ સા	રાત્રીનો બીજો પ્રહર


ટપાલટિકિટની કથા-૭

ઈ. ૧૮૯૨માં હેકતર જિરૂ નામના એક ફ્રેંચ આદમીએ માત્ર એક ટપાલટિકિટ મેળવવા માટે એક ટિકિટસંગ્રાહકનું ખૂન કરેલું. એ ટિકિટ હતી 'હવાઈઅન મિશનરી'. હવાઈ ટાપુઓ પર જઈ રહેલા અમેરિકન મિશનરીઓના સ્વદેશ સાથે પત્રવ્યવહારની સવલત માટે ત્યાં સ્થપાએલી ટપાલ-વ્યવસ્થામાં ઈ. ૧૮૫૧માં આ ટિકિટ બહાર પડેલી અને એથી એ 'મિશનરી' નામે ઓળખાઈ છે. આ ટિકિટની હાલ એક જ નકલ બચી છે એટલે જ આછા વાદળી રંગમાં છપાએલી બે સેન્ટની એ એકમાત્ર પ્રાપ્ય



'મિશનરી' ટિકિટ ઈ. ૧૯૬૩ના જૂનમાં ૪૫ લાખ રૂપિયા જેટલી કિંમતે વેચાઈ હતી.

'હવાઇ અને મિશનરી' ટિકિટો પ્રચલિત થઈ એ અરસામાં તળ અમેરિકામાં સોનાના લોભે નવા વસેલા કૅલિફોર્નિયા અને પૂર્વ કાંઠે વસેલી વસાહતો વચ્ચેનો ટપાલવ્યવહાર 'વેસ્ટ ફારગો'નામની એક કંપનીને હસ્તક હતો. ન્યૂ યૉર્કથી સાન ફ્રાંસિસ્કો વચ્ચેનો એ માર્ગ ત્યારે રેડ ઇંડિયનો અને કાઉબૉય લૂંટારાઓને



લીધે ઘણો જોખમી હતો. પણ કંપનીએ એ જોખમ વહોરીને યે આ આખા માર્ગ પર અમુક-અમુક અંતરે ઘોડેસવાર ટપાલીઓ રાખેલા જેઓ એકબીજાને ટપાલ પહોંચાડતા અને આમ દસબાર દિવસે પૂર્વથી પશ્ચિમ કાંઠે ટપાલ પહોંચતી. આ ટપાલ માટે ત્રણ સેન્ટનાં કંપની સરકારી પરબિડિયાં ખરીદી લઈ તેના પર પોતાની ટિકિટ લગાડી દસ સેન્ટમાં એ વેચતી. ટપાલ-વ્યવસ્થાની આ છૂટ મેળવવા બદલ કંપની સરકારની પાંચ રતલ જેટલી ટપાલ મફત લઈ જતી. વેસ્ટ ફારગો કંપનીની એ ટિકિટો 'પૉની એક્સપ્રેસ' નામે ઓળખાય છે.

—યશવંત મહેતા



અશ્રુકણી

મરણમાં ય જવું જીવી ધ્યેય જો
પુરુષના પુરુષાર્થ અજેય તો;
ઊઠ, અમોઘ જલેભર મેહુલા!
નથી જ વંધ્ય પરાજયની ધરા. —ર૦ અરાલવાળા

સ્વ. ઠાકોરભાઈ દેસાઈ

રાજકીય જીવનમાં પડેલા માણસોમાં આજે જે જવલ્લે જ જોવા મળે છે તે નિસ્પૃહીપણું, નિર્ભયતા, નિખાલસતા અને નિરાડંબરતાના ગુણોને કારણે લોકપ્રતિષ્ઠિત ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈના ગઈ જૂનની ૧૫મી તારીખે હૃદયરોગના હુમલાથી એકાએક થએલા અવસાનથી સંસ્થા કૉંગ્રેસ, ગુજરાત વિદ્યાપીઠ અને નવજીવન કાર્યાલયે એક સન્નિષ્ઠ રાહબર અને સેવક તથા ગુજરાત અને દેશે ગાંધીવાદી મૂલ્યોના એક ખમીરવંતા જાગરૂક પહેરેગીર ગુમાવ્યા છે.

એમનો જન્મ સૂરત જિલ્લાના વેગામ ગામે ઈ. ૧૯૦૨ની ૧૩મી ફેબ્રુઆરીએ થએલો. સરકારી નોકરીઓની પરંપરામાં ઊછરેલા છતાં એક ચારિત્ર્યશીલ ન્યાયાધીશ પિતાના એ પુત્રને કિશોરવયથી જ ગાંધીજી પ્રેરિત અસહયોગી આંદોલનોનો રસ લાગ્યો હતો. અસહકારની હાકલથી તેઓ કૉલેજ છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઇને ૧૯૨૪માં અંગ્રેજી અને સંસ્કૃત સાથે સ્નાતક થયા, ને કાકાસાહેબ સાથે બે વર્ષ સત્યાગ્રહ-આશ્રમ (હરિજન આશ્રમ)માં રહ્યા પછી 'યંગ ઇંડિયા' અને 'નવજીવન' પત્રોમાં કામ કર્યું. મીઠાના સત્યાગ્રહમાં નવસારીમાં તેમની ધરપકડ થઈ ને છ માસ જેલ ભોગવી. ૧૯૩૨માં જલાલપોર તાલુકાના કૉંગ્રેસ મંત્રી બન્યા અને સત્યાગ્રહ કરીને ૧૯૩૨થી '૩૪ સુધી અવારનવાર જેલ વેઠી. ૧૯૩૭થી '૩૯ શ્રી મોરારજી દેસાઈના ખાનગી મંત્રી ને ૧૯૩૯થી '૪૨ સૂરત જિલ્લા કૉંગ્રેસના મંત્રી તરીકે કામ કર્યું. ૧૯૪૨ની લડતમ મળેલી ત્રણ વર્ષની જેલથી છૂટીને '૪૫માં 'હરિજન' પત્રોના તંત્રીવિભાગમાં જોડાયા. ઈ. ૧૯૫[illegible] પછી પૂરો સમય કૉંગ્રેસનું કામ કરવા નવસારી ગયા ને તે જ વર્ષે ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મંત્રી ચૂંટાયા. ૧૯૫૮માં બૃહદ મુંબાઈના નવા રાજ્યની કૉંગ્રેસ સમિતિના તેઓ પ્રથમ પ્રમુખ હતા. ૧૯૫૯થી '૬૨ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ થયા. ૧૯૬૭માં ગણદેવી વિસ્તારમાંથી ગુજરાત વિધાનસભામાં ચૂંટાઈ આવીને તેઓ પંચાયત, ખેતીવાડી, સહકાર તથા સર્વોદયનાં ખાતાંઓના પ્રધાન રહ્યા હતા.



મહાગુજરાતની ચળવળમાં હિંસાવાદી ને સંકુચિત પ્રાંતવાદી બળોનો સામનો કરવામાં તેમણે કૉંગ્રેસ સંગઠનને બહુ હિંમતથી દોરવણી આપી હતી. એ જ રીતે ઈ. ૧૯૬૯માં કૉંગ્રેસના વિભાજન પછી ગુજરાતમાં સંસ્થા કૉંગ્રેસના સંગઠનને ટકાવી રાખવા તેમણે સખત જહેમત ઉઠાવી હતી. ગાંધીવાદી રાજકારણમાં પલોટાએલા ઠાકોરભાઇને નવી કૉંગ્રેસનું રાજકારણ પ્રતિકૂળ લાગે એ સ્વાભાવિક છે ને એટલે જ પોતાના અંગત અને વિશ્વાસુ સાથીઓ પણ રાજકીય લાભાર્થે સંસ્થા કૉંગ્રેસ છોડી ગયા ત્યારે એમણે ભારે આઘાત અનુભવેલો. આજે એમના જેવા સંસ્થાનિષ્ઠ અને નિર્ભેળ પ્રામાણિકતાવાળાની ખોટ સવિશેષ સાલશે.

ગુજરાતના કાર્યકરોમાં વિચારો અને આગ્રહોની સ્પષ્ટતા કેળવવાનું કાર્ય એમના જેટલું

માનવીને અંતર-મુખ બનાવે છે. કોઈ સુગંધ માનવીમાં આતુરતા જગાડે છે. કોઈ વાસ વાસનાને જગાડે છે. પણ સુગંધની એક તાસીર સમજવા જેવી છે. એક સુગંધ એક શોખીનને અમુક અસર ભેટ કરે છે, એ જ સુગંધ બીજાને અલગ અસર બક્ષે છે. એકની એક સુગંધ લગાડવાથી વ્યક્તિ 'એક-સુગંધી'ની બને છે. ઘણી વ્યક્તિઓ આમ એક સુવાસથી ઓળખાવાનું પસંદ નથી કરતી. જ્યાં નસ એકઠી મળે છે ત્યાં સુગંધ લગાડવાથી સુગંધનું આવરદા લાંબું રહે છે. કાનની પાછળ, લમણા પર, ડોક પર, કાંડુ વળે એ ભાગ પર, જે હાથ વતી બીજાનો હાથ મિલાવવો હોય એ હાથ પર સુગંધ લાગડવામાં આવે તો અસર યાદગાર બને છે.

વિદેશમાં તો સેંટનો મહિમા છે. આપણા દેશમાં અત્તર નાયકપદ ભોગવે છે. પણ એની પરખ અનુભવી જ કરી શકે. ગુલાબનાં અત્તર કરતાં 'રૂહે ગુલાબ' નરમ અને વધુ અસરકારક રહે છે. ઠંડીના દિવસોમાં હીના, ઉનાળામાં ખસ, ચોમાસામાં માટીનું અત્તર અને ગુલાબનું અત્તર બારે માસ! અત્તર બનાવવું એ પણ એક કસબ છે. વરાળમાંથી અત્તરનો અર્ક મેળવાય છે. આની ખાસ ક્રિયા છે. ભારતને આ ક્રિયા વરેલી છે. આપણાં મંદિરોમાં પ્રવેશો એટલે પ્રથમ તમને સુવાસ આવે. ચંદન વિના કોઈ મંદિરને ચાલે નહિ. કેસર અને કસ્તૂરી પણ કોઈ પૂજાપામાં ભળે છે. કપૂર તો ખરું જ, કપૂર તો સળગે ય ખરું.

જૂના જમાનામાં સ્ત્રીઓના પોશાકમાં કપૂરની ગોટી રાખવામાં આવતી. એમાં સુગંધ ઉપરાંત કપડાંના તાણાવાણાને સાબૂત રાખવાની શક્તિ પણ છે. અગરજો એટલે સુગંધી મલમ. એમાં બધી સુવાસ મળે: મોગરો, ગુલાબ, ખસ, હીના, કસ્તૂરી. હવે અગરજો, ઝુઝ વાપરે છે.

પવિત્ર વાતાવરણ માટે સુગંધનો ઉપયોગ થાય છે અને કાયાનાં કામણ માટે પણ સુગંધ કામ આવે છે. માનવીએ આમ સુવાસ કેદ કરી; પણ પ્રકૃતિ તો મહેકનો ભંડાર હાજર કરે છે. સુગંધી પુષ્પો કુદરતની કરામત છે. મરવાના છોડનાં પાન કેવી સુગંધ ઉડાડે છે! ફળો પણ અવનવી સુવાસ રેલાવે છે. સાગર ખારી સુવાસ ભેટ કરે છે. અને જ્યારે પહેલો વરસાદ વરસે છે ત્યારે માટી કેવી મહેક ઊડતી કરે છે!

રસજીવન બઢાવવામાં સુગંધની એક ખાસ ભૂમિકા છે. તાજાં સુગંધી ફૂલોની વેણી હવા ઝરે છે, ત્યારે સેંટ અને અત્તર કુદરતનાં સુગંધી દ્રવ્યોનો વ્યાપાર કરે છે. ફોરમ ફટકે તો કાળજું ઝાલ્યું રહેતું નથી. મગજના તંતુને મહેક ગજબનાક રાહત આપે છે. સુવાસની સવારી અદ્ભુત પુરવાર થઈ છે. હવામાં સુગંધ નેહ પરોવે છે. બાગનો અર્ક એ પવનને સોંપે છે. સહવાસને સુગંધ સ્મરણીય બનાવે છે.

(સંદેશ) —બિલાવલ

ગણિતગમ્મત

$$૧+૨+૩+૪+૫+૬+૭+૮=૩૬=૬^{૨}$$

$$(૧+૨+૩)-(૪+૫+૬)+(૭+૮+૯+૧૦)=૨૫=૫^{૨}$$

$$(૧\times૨)+(૩\times૪)+(૫\times૬)+(૭\times૮)=૧૦૦=૧૦^{૨}$$

અને $૧૦^{૨}-૬^{૨}=૬૪=૮^{૨}$

વળી તેથી આગળ ૧ થી ૧૦ સુધીના અંકોના ઉપર મુજબ વિચાર કરતાં.

$$(૧\times૨)+(૩\times૪)+(૫\times૬)+(૭\times૮)+(૯\times૧૦)=૧૯૦$$

અને ૧૯૦ એ ૧ થી ૧૯ સુધીની ક્રમિક સંખ્યાનો સરવાળો થાય છે. ૧ થી ૧૦ સુધીની સંખ્યાનાં આ બધાં વિચિત્ર રહસ્ય છે.

—એમ. એન. ખત્રી

નાટ્યલેખન સ્પર્ધા

મુંબાઈના આઈ.એન.ટી. (ઇંડિયન નૅશનલ થીએટર ૧૯/૨૧ બૉમ્બે મ્યુચ્યુઅલ ચેમ્બર્સ, હમામ સ્ટ્રીટ)એ યોજેલી મૌલિક નાટ્યલેખન સ્પર્ધામાં મળેલી કુલ બાવન કૃતિઓ વિષે તેના નિર્ણાયકો (સર્વશ્રી રામપ્રસાદ બક્ષી, સંતપ્રસાદ ભટ્ટ અને સુરેશ હ. જોષી)ના નિર્ણય અનુસાર 'મૌલિકતા અને નાટ્યતત્ત્વના ધોરણે મળેલાં પૈકી એકે નાટક જાહેર કરેલાં પ્રથમ ત્રણ પારિતોષિકોને યોગ્ય લાગ્યું નથી. પરંતુ 'કાકા સાગરિકા' (લેખક શિવકુમાર જોષી) કંઈક અંશે સફળ નાટકના સ્તર સુધી પહોંચતું જણાયાથી તેને આશ્વાસન પારિતોષિક માટે ભલામણ' કરી છે. તદનુસાર, આઈ.એન.ટી. કમિટીએ એ કૃતિને રૂા. ૧૫૦૦, આશ્વાસનું પારિતોષિક આપવાનું ઠરાવ્યું છે.

આઈ.એન.ટી. તરફથી હવેની 'મૌલિક નાટ્યલેખન સ્પર્ધા'માટેની કૃતિઓ સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર ૧૯૭૧ છે.

એક અલગારીની યાદમાં
ગુજરાતની હાઇસ્કૂલોને
ભેટ

સ્વ. નગીનભાઈ મણિલાલ પારેખ ભાવનાશીલ તેજસ્વી યુવાન હતા. યુરોપમાં અભ્યાસ ને પરિભ્રમણ કરી આવીને આપણા જાણીતા માસિક 'લોકમિલાપ'ની વિવિધ પ્રવૃત્તિઓમાં ખંતથી ભાગ લીધેલો. તે પછી વિનોબાજીના આદેશ મુજબ કોરાપુટ (ઓરિસા)ના વનપ્રદેશમાં જઈ ત્યાંના આદિવાસીઓની સેવામાં, શહેરના સુખી કુટુંબમાંથી આવેલા એ યુવાન ખૂંપી ગયા હતા. ત્યાંજ એમનું ઓચિંતું ઊગતી વયે અવસાન થયું. એ વાતને આજે એક દાયકો વીતી ગયો.

શિશુસહજ મધુરતા ને નિર્મલતાથી ભરેલું નગીનભાઈનું વ્યક્તિત્વ દેશપરદેશમાં એ જેમના પરિચયમાં આવેલા તેવા અનેક મિત્રોના અંતરમાં એક મુલાયમ સુવાસ મૂકી ગયું છે. યુરોપની વિવિધ પ્રજાઓ વચ્ચે જે મહિનાઓ ગાળવાની તક સાંપડેલી, તેના સુંદર અનુભવો 'મિલાપ' માં એમણે રજૂ કરેલા. એમની સરળ, મીઠી, ગુણગ્રાહક દૃષ્ટિને કારણે એવાં વધુ લખાણો નગીનભાઈ પાસેથી મળે—એવા અનેક અનુભવો મેળવવા નવી નવી સફરો એ ખેડતા રહે—એવી હોંશ વાચકોએ ત્યારે અનુભવેલી. પણ નગીનભાઈ તો એવી સફરે ચાલી નીકળ્યા કે જ્યાંથી કોઈ લખાણો અહીં આવી શકતાં નથી.

એ જોતાં, શ્રી રસિક ઝવેરીના એવા જ રસતરબોળ કરનાર પુસ્તક 'અલગારી રખડપટ્ટી'નું સંક્ષિપ્ત પુનર્મુદ્રણ નગીનભાઈના એક નાનાશા સ્મારક રૂપે, ગુજરાતની બેએક હજાર માધ્યમિક શાળાઓને ભેટ ધરવાનું સદ્ગતના કુટુંબીજનોએ વિચાર્યું છે. ગુજરાતના કિશોરો આ ઉપહાર બદલ નગીનભાઈના કુટુંબીજનોના આભારી બનશે.


એ પુસ્તક ભેટ મેળવવા ઇચ્છતી સંસ્થાઓ નીચેની કાપલી તંત્રીશ્રી મિલાપ, પો. બૉ. ૨૩ ભાવનગર-૧ને ભરી મોકલે.

———— કાપલી ————

લોકમિલાપ ટ્રસ્ટ, પોસ્ટ બોક્સ ૨૩, ભાવનગર

શ્રી નગીન પારેખના સ્મરણમાં પ્રગટ થએલી 'અલગારી રખડપટ્ટી'-ની સંક્ષિપ્ત આવૃત્તિ ગુજરાતની હાઈસ્કૂલોને ભેટ આપવાની યોજના મુજબ તેની એક નકલ અમારી નિશાળ માટે પણ મોકલશોજી. આ કાપલી અમારી સંસ્થાના છાપેલા 'લેટરહેડ' પર ચોડેલી છે અને પુસ્તકના ટપાલ-રવાનગી ખરચ માટે ૦-૫૦ પૈસાની ટપાલ-ટિકિટો બીડેલી છે.

આચાર્યની સહી



બુદ્ધ, ઈસુ, મહાવીર અને ગાંધીજીનાં જીવનકાર્યોમાં જે એક-સામ્ય હતું તેણે સમગ્ર માનવજાતને એક પ્રેરક આદર્શ આપ્યો છે. સમદર્શીત્વ અને પ્રેમના આ પ્રબોધકોને પોતાના અંતરનો એક કલામય અર્ઘ્ય આપવાના પ્રયાસરૂપે રાજ્યરત્ન પ્રતાપરાય ગિ. મહેતાએ, નજીક આવતી ભગવાન મહાવીરની ૨૫૦૦મી જયંતી નિમિત્તે, ચંદનકાષ્ઠની આ એક નાનકડી ચતુર્મુખ પ્રતિમા બનાવડાવી છે, જે એ મહામાનવો પ્રત્યેના માનભર્યા પ્રેમની દ્યોતક હોવા ઉપરાંત જોનાર સૌ કોઈને એક ઉત્તમ જીવનઆદર્શની યાદ આપે છે. અહીં એ પ્રતિમાનાં ચારે મુખ દર્શાવ્યાં છે જેની નીચે એ ચારે ય મહાપુરુષોની સંજ્ઞાઓ—બુદ્ધનું ધર્મચક્ર, ઈસુનો વધસ્તંભ, મહાવીરનું લાંછન સિંહ તથા ગાંધીજીનો રેંટિયો કોતરેલાં છે.

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ-૨: સ્કંદ

સ્કંદ મૂળે તો શિવપરિવારના એક સભ્ય છે. આજે પણ તે દક્ષિણ ભારતમાં 'સુબ્રહ્મણ્ય' અને 'દંડાયુધપાણિ' તરીકે પૂજાય છે. ગુજરાત-



સૌરાષ્ટ્રમાં પણ તેની પૂજા હોવાના પુરાવા હવે મળતી તેની ઉપાસ્ય પ્રકારની મૂર્તિઓથી મળી રહે છે. 'સધવા સ્ત્રીએ સ્કંદનાં દર્શન ન કરવાં' એવી પાછળથી શરૂ થએલી માન્યતાને કારણે તેમ ધર્મની ચડ-તીપડતીને લીધે સ્કંદ-પૂજા વિલય પામી લાગે છે. આ સાથે આપેલી સ્કંદની મૂર્તિ ઢાંક ગામની બહાર આવેલા મુંજેશ્વર મહાદેવના પટાં-ગણમાં પડેલી છે. (આ મંદિરનો ફોટો ભૂલથી 'ડુંગરેશ્વર' નામ સાથે ડૉ. ગૌદાનીએ 'સૌરાષ્ટ્રની અ-સ્મિતા-ગુજરાતની અસ્મિતા' વ-ગેરે ગ્રંથામા આપલા છ. વાસ્તવમાં ડુંગરેશ્વર અને મુંજેશ્વર બે ભિન્ન મંદિરો અને સ્થળો છે.)

સ્કંદ મૂર્તિવિધાન અનેક ગ્રંથોમાં મળે છે. તે મુજબ, બે પૈકી એક હાથમાં શક્તિ (દંડ યા ભાલો) અને બીજા હાથમાં કૂકડો ધારણ કરેલ હોય છે. આ મૂર્તિ એની ઠીંગણી કાયા અને ગળાના એકાવલી હારને કારણે ગુપ્ત યુગની અસર સૂચવે છે. આશરે સાતમી સદી.

ફોટો અને લેખન: નરોત્તમ પલાણ

જયન્તી દલાલ સ્મૃતિનિધિ

આગામી ૨૪ ઑગસ્ટે સદ્ગત જયન્તી દલાલની પ્રથમ પુણ્યતિથિ છે. એમની બહુમુખી પ્રતિભાથી ગુજરાતમાં ભાગ્યે જ કોઈ અજાણ હશે. નાટક, ટૂંકી વાર્તા, ગદ્ય, સામાજિક-રાજકીય ચિંતન ને લેખન, પત્રકારત્વ, સક્રિય રાજકારણ એમ અનેક ક્ષેત્રોમાં એમનું આગવું પ્રદાન છે. એમનું અંગત જીવન, એમના પરિચયમાં આવ્યા તે સહુને માટે મમતા ને માર્ગદર્શનના, હૂંફ ને હૈયાધારણના અખૂટ સ્રોત જેવું રહ્યું છે. અને છતાં, લોકચાહનાના ઉછાળાઓ વચ્ચે અને અભ્યાસખંડના વૈભવી એકલવાયાપણામાં પણ તેઓ પોતે સ્વીકારેલાં જીવનમૂલ્યોને વળગી રહ્યા હતા. એમની પુણ્યસ્મૃતિને સ્થાયી સ્વરૂપ આપવા એમનાં સર્જ-નાત્મક અને અન્ય લખાણોમાંથી પસંદગી કરીને પુસ્તકો પ્રકાશિત કર-વાનું વિચાર્યું છે: એક ટૂંકી વાર્તાનું, બીજું એમનાં નાટકોનું, ને ત્રીજું ગદ્યનું. વળી, એમની પ્રતિભાનું મૂલ્યાંકન કરતા અભ્યાસસમૃદ્ધ લેખોનો પણ ગ્રંથ કરવાનું વિચાર્યું છે. તદુપરાંત, તા. ૨૪મી ઑગસ્ટે એમનાં નાટકોમાંથી કેટલાક અંશોની ભજવણી, તો કેટલાકનાં વાચન ઈત્યાદિ-નો એક કાર્યક્રમ રજૂ કરવાની પણ ઇચ્છા છે. તેમ જ ગુજરાત યુનિવ-ર્સિટી દ્વારા પ્રતિવર્ષ યોજાતી યુવક મહોત્સવ નાટ્યસ્પર્ધામાં ઉત્કૃષ્ટ વાચિક અભિનય માટે પારિતોષિકની જોગવાઈ કરવાનું પણ વિચાર્યું છે. આ બધી યોજનાઓને સાકાર કરવા માટે શ્રી જયન્તી દલાલ સ્મૃતિ-નિધિ એકઠો કરવા ઠરાવ્યું છે. સૌને પોતાનો ફાળો ત્વરાએ મૃણાલિની સારાભાઈ, ચિદમ્બરમ, ઉસમાનપુરા, અમદાવાદ-૧૩ એ સ્થળે મોકલવા વિનંતી. (ચેક 'શ્રી જયન્તી દલાલ સ્મૃતિનિધિ'ના નામનો લખવો) લિ. ઉમાશંકર જોશી, મૃણાલિની સારાભાઈ, નરોત્તમ ઝવેરી, બી. કે. મજુમદાર

એકવીસમી શિષ્ટવાચન પરીક્ષા

તા. ૨૬ સપ્ટેમ્બર '૭૧ને રવિવારના રોજ વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી લેવાનારી એકવીસમી શિષ્ટવાચન પરીક્ષા માટે ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરાએ ખાસ પ્રસિદ્ધ કરેલું 'મહર્ષિ વિનોબા' (લે. અમૃત મોદી પૃષ્ઠ ૧૩૬ કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૧) નામનું પુસ્તક રાખ્યું છે. જે ગામેથી નિદાન ૧૦ ઉમેદવારો ઊભા થશે ત્યાં આ પરીક્ષાનું કેન્દ્ર અપાશે. પરીક્ષાર્થી દીઠ પરીક્ષા ફી ફક્ત ૩૦ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની પણ યોજના છે. કેન્દ્ર ખોલવા તથા વિશેષ હકીકત જાણવા તા. ૨૦-૮-'૭૧ સુધીમાં શ્રી મંત્રી, વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ડે. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા એ સરનામે પત્રવ્યવહાર કરવો.

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

તા. ૧, ૧૯૦૦ 'ઇંડિયન સ્ટાંડર્ડ ટાઈમ'ના અમલનો આરંભ થયો.

તા. ૨, ૧૭૫૦ બંગાળાની ગાદીની લાલચ અને અંગ્રેજી કૂટનીતિના પ્રભાવથી પ્રેરાઈને મીર જાફરના પુત્ર મીર મીરનના હુકમથી નવાબ સિરાજુદ્દૌલાનું ખૂન થયું. દોદળી પડી ગએલી મુગલાઈમાં અંગ્રેજોએ મીર જાફરને નવાબ બનાવી બંગાળમાં પોતાની સત્તાની જડ બેસાડી.


તા. ૫, ૧૯૪૩ નેતાજી સુભાષચંદ્ર બોઝે અંગ્રેજો સામે લડવા આઝાદ-હિંદ ફોજની સ્થાપના કરી.

તા. ૮, ૧૯૫૪ ગંજાવર નહેર યોજના ભાકરાનાંગલનું ઉદ્‌ઘાટન.

તા. ૧૨, ઈ. પૂર્વે ૧૦૦ (૧૦૨?) ગૉલનો વિજેતા રોમન શૂરવીર ને વિચક્ષણ રાજપુરુષ જુલિયસ સિઝરનો જન્મ. એણે બ્રિટન પર પણ ચડાઈ કરેલી. સરમુખત્યાર બની એણે રોમના મહાન સામ્રાજ્યનો પાયો નાખ્યો. રોમના રાજબંધારણમાં અનેક સુધારા કર્યા. ઇતિહાસ પર એણે ગ્રંથો પણ રચેલા. એની બહુમુખી પ્રતિભાથી ગભરાઈને રોમના સૅનેટરોએ દગાથી એનું ખૂન કર્યું. માર્ક ઍન્ટનીએ એના નામને સ્મરણાંકિત કરવા જે માસમાં એ જન્મેલો તેને એના નામ પરથી 'જુલાઈ' નામ આપ્યું.



તા. ૧૪, ૧૭૮૯ ભારે કરવેરા, દુષ્કાળ અને રાજવહીવટની બેતમાથી તંગ બની ગએલી ફ્રાંસની પ્રજાએ, અનેક ઉદ્દામવાદી લેખકોનાં લખાણ તથા અમેરિકાના સ્વાતંત્ર્ય યુદ્ધની તાજી જ સફળતાથી પ્રેરાઈને પારી-(સ)ના 'બાસ્તાઈલ' કારાગાર પર આક્રમણ કરી રાજ્ય સામેના બંડનો આરંભ કર્યો. આગળ જતાં આમાં બે પક્ષ પડી ગયા. જેમાંના ઉદ્દામ જૅકોબિન્સોએ રાજાશાહીનો સંપૂર્ણ નાશ કરવા ૧૭૯૩માં લૂઈ તથા તેની રાણી મેરી આંત્વાનેતનો વધ કરી પ્રજાસત્તાકની સ્થાપના કરી. તે તે પછી ફેલાએલા અંધેર અને અંદરોઅંદરની લઢવાડમાં ૧૭૯૪માં જૅકોબિન નેતા રૉબસ્પીઅરનો પણ વધ થયો. બ્રિટન અને અન્ય રાષ્ટ્રોએ ફ્રાંસ સામે યુદ્ધ જાહેર કર્યું પણ સફળતા મળી નહિ. દરમિયાન નેપૉલિયન બૉનાપાર્ટે પોતાની મુત્સદ્દીગીરી ને બહાદુરીથી યુરોપને ધ્રુજાવવા જેટલી સિદ્ધિ હાંસિલ કરી અને ૧૭૯૯માં એ ફ્રાંસનો સર્વસત્તાધિશ બનતાં પ્રજાની ક્રાંતિ ઠંડી પડી ગઈ.



તા. ૧૬, ૧૯૨૦ ગુજરાતના પ્રથમ અને પ્રતિભાશાળી રસાયણશાસ્ત્રી ત્રિભુવનદાસ ક. ગજ્જરનું અવસાન. એમણે ઘડી આપેલી યોજના પરથી




વડોદરાનું 'કળાભવન' સ્થપાયું. એમના પ્રયત્નોથી યુનિવર્સિટીમાં રસાયણશાસ્ત્રનો અલગ અભ્યાસક્રમ નિશ્ચિત થયો. મરકી સામે એમણે 'આયોડિન ટરકલૉરાઈડ' નામની દવા શોધીને જાહેર કરી. વડોદરાનું ઍલૅમ્બિક કૅમિકલ વર્કસ, પણ એમની પ્રેરણા ને યોજનાનું ફળ છે. ઝાંખા પડી ગએલાં મોતીને ધોવાનો નુસખો શોધી એમણે મબલખ કમાણી કરી જેના આધારે સાક્ષર શ્રી ગોવર્ધનરામ સાથે એમણે એક આદર્શ 'કલ્યાણગ્રામ' સ્થાપવા વિચારેલું પણ તે આશા ફળે એ પહેલાં અનેક રીતે દુ:ખી થઈ તેઓ અવસાન પામ્યાં.

તા. ૨૦, ૧૯૦૫ અંગ્રેજોએ બંગાળના ભાગલા પાડતાં દેશમાં પ્રથમ પ્રબળ રાષ્ટ્રોદ્રેક જાગ્યો. એ સમયે બિહારનો પણ બંગાળામાં જ સમાવેશ થતો હતો. ભાગલા થતાં પૂર્વ બંગાળમાં મુસલમાનોની વસતિ વધારે હતી એટલે એમાંથી હિંદુમુસ્લિમ પ્રશ્ન પણ ઊભો થયો. ઉત્તરોત્તર રાષ્ટ્રવાદી બનતા જતા મધ્યમવર્ગે આ ભાગલાનો ઉગ્ર વિરોધ કર્યો. અનેક જમીનદારો ને મૂડીદારો પણ તેમાં જોડાયા. આ જ અરસામાં પહેલવહેલી સ્વદેશીની પણ હાકલ થઈને બ્રિટિશ માલનો બહિષ્કાર થવા લાગ્યો. આમજનતામાં પણ આ ચળવળ પ્રસરી અને બંગાળમાં ક્રાંતિકારી હિંસક ચળવળનો પણ આરંભ થયો. હિંદી રાજકારણમાં બૉંબધડાકાઓ શરૂ થયા. અરવિંદ ઘોષ એ ચળવળના એક જ્વલંત નેતા હતા. મહાસભામાં પણ લોકમાન્ય અને બંગાળી નેતાઓનો ઉદ્દામ તથા જૂના નેતાઓનો ગોખલેજીના નેતૃત્વવાળો વિનિત એમ બે પક્ષ પડી ગયા. જેથી થોડો સમય કૉંગ્રેસનો પ્રભાવ પણ ઘટી ગયો. સરકારે દમન આદર્યું, વર્તમાનપત્રોને દબાવ્યાં, જાસૂસી પ્રવૃત્તિ વધારી દીધી, લોકમાન્ય ને લાલા લજપતરાયને કેદની સજા કરી દેશ બહાર ધકેલી દીધા, પણ પ્રજાના વિરોધની ઉગ્રતા આગળ અંતે નમીને સરકારે ૧૯૧૧માં ભાગલા રદ કર્યા.

તા. ૨૨, ૧૯૪૭ વચ્ચે રેંટિયાવાળા ત્રિરંગી ધ્વજને સ્થાને બંધારણ સભામાં ભારતના અશોકચક્ર અંકિત નવા રાષ્ટ્રધ્વજનું નિર્માણ થયું.

તા. ૩૦, ૧૮૫૮ જ્હૉન હેનિંગ સ્પેકે આફ્રિકાનું વિશાળ સરોવર વિક્ટોરિયા ન્યાઝા શોધ્યું.



તા. ૩૧, ૧૯૦૮ રૉબર્ટ બૅડન પૉવેલે બાળકોની અનેકમુખી પ્રતિભાને ખીલવતી બૉય સ્કાઉટની નૂતન કુમાર પ્રવૃત્તિની સ્થાપના કરી. આગળ જતાં તેમાંથી ગર્લ ગાઈડ્સ, વૂલ્ફકબ્સ, સી સ્કાઉટ્સ, રૉવર્સ અને બ્રાઉનિઝની પ્રવૃત્તિઓ વિકસી. આ બધી પ્રવૃત્તિઓ કુમાર-કુમારીઓને એક અનોખું ગૌરવ અને આનંદ આપે છે.



કંચન તજવું સહેલ છે, સહેલ ત્રિયાનો નેહ,
નિંદાસ્તુતિ ત્યાગવાં, તુલસી દુર્લભ એહ.

એક વાર પોતાની વિચારમગ્ન માતાની આંખમાં આંસુ જોઈ યુવાન ચાણક્યે તેનું કારણ પૂછતાં માતાએ કહ્યું કે 'તારા આગલા બે દાંત તાં સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે તું ચક્રવર્તી રાજા થવાનો.' એથી ખુશી ન થતાં ઊલટું રડવાનું કારણ પૂછતાં મા બોલી : 'ધનિક ને સત્તાધીશ સદા પોતાના ગરીબોને ભૂલી જાય છે ને જુલમી બની જાય છે.' એ સાંભળતાં ચાણક્યે પોતાના એ બંને દાંત તોડી માને ચરણે ધરી દીધા.

∞

કહેવતોનાં કથાનક : 'સરું ન આવ્યું સીંદરે'– કાણ્યે ગએલી એક બાઇએ યજમાનને ત્યાંથી એક કળસલી (લોટી) ચોરી, ને બીજે દિવસે ચોરી માટે કોઠીમાં હાથ નાખતાં સીંદરી હાથમાં આવી, તે ખેંચવા માંડી; પણ તેનો દડો એટલો મોટો હતો કે તેનો કેમે ય પાર ન આવ્યો, તેથી કંટાળીને સીંદરી મૂકી દઈને બોલી :

'કાણ્યે ગઈ'તી કાણુ, કળસલી કટકાવી'તી;
એક હસું, બીજી હાણુ, સરું ન આવ્યું સીંદરે.'

હાથમાં લીધેલા કામનો કદી અંત ન આવે એ ભાવ દર્શાવવા આ કહેવત વપરાય છે.


∞

ગણિતગમ્મત : કોઈ પણ બે રકમોની વર્ગસંખ્યા (Square)ની બાદબાકી જાણવી હોય તો તેને માટે એક સરળ ચાવી છે. એ બે રકમોના સરવાળાને એ જ બે રકમોના તફાવત વડે ગુણો. જે આવે તે જવાબ. દાખલા તરીકે $૨૫^૨$ (૬૨૫)–$૨૪^૨$(૫૭૬)નો જવાબ જાણવો હોય તો ૨૫+૨૪=૪૯×૧ (૨૫ ને ૨૪નો તફાવત) =૪૯. —મૂળજી જેઠુ જેપી

∞

અનેકાર્થી શબ્દ : **ચીડ** = ખીજ કે ગુસ્સો; હિમાલય તરફ થતું એક જાતનું વૃક્ષ; પાંચ-સાત સેરનું ડોકનું ઘરેણું; એક પ્રકારનું દેશી લોઢું; કઠણ કે ચવડ.

∞



દૃષ્ટિફેરની ગમ્મત : જોડેનું ચિત્ર બે રીતે દેખાશે : એક તો કોઈ ઉઘાડી ચોપડીની પીઠ તમારી તરફ રાખી હોય ને ચોપડીનો ખુલ્લો ભાગ પાછળ હોય એમ; અને બીજું એ રીતે, કે ચોપડી તમારી સન્મુખ ખુલ્લી ઊભી હોય.



લૅટિન (મધ્ય) અમેરિકાના માયન લોકોને જ્યારે પગરખાંની જરૂર પડતી ત્યારે તેઓ રબ્બરના રસમાં વારંવાર પગ ઝબોળી લેતા! આ રીત અણઘડ છે પણ એથી જોડા ડંખવાનો પ્રશ્ન રહેતો નહિ! કોલંબસે ૧૪૯૨માં અમેરિકાની શોધ કરી ત્યાં સુધી આ પદ્ધતિ વપરાતી હતી.


∞

એક હરરાજીમાં સારો પોપટ જોઈ મનહરલાલને તે ખરીદવાની ઇચ્છા થઈ અને માગણી કરી: 'પાંચ રૂપિયા!' સામે કોઇએ માગણી વધારી: 'દસ રૂપિયા!' મનહરલાલ બોલ્યા: 'પંદર રૂપિયા!' સામેથી વધારો આવ્યો 'પચીસ રૂપિયા!' એમ કરતાં અંતે મનહરલાલને ૧૦૦ રૂપિયે એ પોપટ મળ્યો. પૈસા ચૂકવી દઈને પાંજરું લેતાં લેતાં તેમણે હરરાજી કરનારને પૂછ્યું, 'આ પોપટ સારું બોલે છે તો ખરો ને?' હરરાજી કરનારે જવાબ દીધો : 'કેમ? તમારી સામે કિંમતની બિડ વધારીને બીજું કોણ બોલતું હતું? ખુદ એ પોપટ જ બોલતો હતો! એથી વિશેષ સારું બોલવાનું તમારે શું જોઇએ?!'

∞

ભેજવાળી ભીંતોમાંથી પાણી ઓસરતું અટકાવવા માટે ભીંતની બહારની બાજુએ, ઉકાળેલા અળસીના તેલમાં ધીમેથી સરખે ભાગે પૅરેફિન ઉમેરેલું મિશ્રણ લગાડવું.

મરીમસાલાનાં ડબલાં પર લેબલ ચોડતાં પહેલાં કાપેલી ડુંગળી ઘસીને પછી લેબલ ચોડશો તો એ જલ્દી ઊખડી નહિ જાય.



'માણસને ચીતરતા માણસને ચીતરતા માણસને ચીતરતો માણસ.' એક માણસ બીજાને ચીતરે છે, બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને, એમ પરંપરાએ એકબીજાને ચીતરતા માણસનું, તદ્દન સાદું જણાતું, અમેરિકાના એક અગ્રણી કાર્ટૂનિસ્ટ સ્ટાઈનબર્ગનું આ જોરદાર કટાક્ષચિત્ર યુરોપમાં ભરાએલા અમેરિકન કટાક્ષચિત્રોના એક પ્રદર્શનમાં ઘણી પ્રશંસા પામ્યું હતું.